॥ अर्हम् ॥

॥ जगत्पूज्य–गुरुदेव–श्रीविजयधर्मसूरिभ्यो नमः ॥

# विहार-वर्णन.

( पूज्यपाद गुरुदेव श्रीमद्विजयधर्मसूरीश्वरजी महाराज अने तेओश्रीना शिष्य-समुदायनो केटलोक विहार. )

लेखक

**मुनिराज श्रीजयन्तविजयजी.**

प्रकाशक

**फूलचंद बैद**

सेक्रेटरी श्रीयशोविजय जैनग्रंथमाला

**भावनगर.**

वीर संवत् २४५२ ] विक्रम संवत् १९८२ [ धर्म संवत् ४

वडोदरा-शियापुरामां धी लुहाणामित्र स्टीम प्रिन्टिंग प्रेसमां ठक्कर अंबालाल विठ्ठलभाइए
प्रकाशक माटे छापी प्रसिद्ध कर्युं. ता. २०-१०-२५.

# किञ्चिद्-वक्तव्य

प्रारंभ—

मुसाफरीनां वृत्तान्तो लखवानो रिवाज आजनो नहिं, परन्तु बहु लांबा काळथी चाल्यो आवे छे. जूना भंडारोनुं निरीक्षण करतां आवां मुसाफरीनां वृत्तान्तोवाळां सेंकडो पुस्तको उपलब्ध थाय छे. प्राचीन तीर्थमाळाओ ए पण शुं छे ? ए पण मुसाफरीनां वृत्तान्तोज छे. पछी ते वृत्तान्तो गद्यमां लखेलां होय के पद्यमां. जैनमुनिराजोना हाथे प्राचीन समयमां लखायेलां जे वृत्तान्तो मळे छे, ए घणे भागे पद्यमां लखेलां मळे छे. आवी रीतनां वृत्तान्तो लखवानो रिवाज भारतवर्षना लोकोमांज प्रचलित हतो, एम कंइ नथी. मेगस्थानिस, हुएनसंग विगेरे चीन अने यूरोपना मुसाफरोए पण पोतानी यात्रानां वर्णनो लख्यां छे; ते उपरथी ए स्पष्ट जणाय छे के तमाम देशना मुसाफरो एवां वृत्तान्तो लखता हता.

आवां वृत्तान्तो जो प्रकाशित करवाना—छपाववाना इरादाथी लखातां होय तो ते जरा जूदीज ढबे—बहु सावधानता अने बारीकाइ पूर्वक लखाय छे; परन्तु केवळ एक नोंध राखवानी खातरज पोतानी मुसाफरीनी जो कोइ नोंध—टांचन राखे, तो तेमां विशेष हकीकत नज होय.

मारा आ विहारवर्णनमां पण एमज थयेलुं छे. सं. १९७१ नी सालमां उदयपुरमां में दीक्षा लीधी, त्यारथी स्वर्गस्थ गुरुदेव श्रीविजयधर्मसूरीश्वरजी महाराजना विहारनी नोंध में लखवी शरु करेली; परन्तु ते वखते मने स्वप्नेये ख्याल न्होतो के मारी आ नोंध बीजाओने पण उपयोगी थशे अथवा आ नोंध छपाववानो प्रसंग प्राप्त थशे. अने तेथी संक्षेपमां नोंध राखवी शरु करेली. परन्तु वखतना व्हेवा साथे मारी ए टूंकी नोंधनो संग्रह पण सारो थतो गयो. अने तेथी अमारो—अमारा गुरुभाइओनो एवो विचार थयो के—आपणा तरफथी गुरुमहाराजना विहारनुं एक पुस्तक बहार पाडवुं. आ विचार नक्की थतां में मारी नोंध वधारे विस्तारथी लखवी शरु करी; बल्के छेवटना भागमां तो दरेक गाममांथी उपयोगी हकीकत नोंधी लेवा एक फार्म पण तैयार कर्युं, के जेनी नकल आ पुस्तकनी अंतमां आपेल छे. आम एक तरफथी विहारनुं वर्णन कंइक विस्तारथी लखवुं शरु कर्युं; ज्यारे बीजी तरफथी गुरुमहाराजना १९७१ नी साल पहेलांना विहारनी नोंधो

माटे तपास करवी शरु करी. परिणामे मने गुरुमहाराजना केटलाक विहारनी, पूरेपूरी हकीकतो नहिं, तो कममां कम मुसाफरीनां गामो विगेरे हकीकतो तो जरूर उपलब्ध थइ. अने तेथी घणा वर्षोना ए बधा प्रयत्नना परिणामेज गुरुदेवनी कृपाथी आजे आ पुस्तक हुं जनसमाजनी समक्ष उपस्थित करवा भाग्यशाळी थइ शक्यो छुं.

**वर्णन—**

आ पुस्तकमां स्वर्गस्थ गुरुदेवे स्वयं करेला विहार ऊपरान्त गुरुदेवना शिष्योए पण ज्यां ज्यां विहार कर्यो, त्यां त्यांना विहारनी—मार्ग विगेरेनी-हकीकतो जेटली मळी तेटली मेळवीने आपवामां आवी छे. अने तेथी गुजरात, काठीयावाड, मारवाड, मेवाड, माळवा, बुंदेलखंड, संयुक्तप्रांत, मगध, बंगाळ, खानदेश, वराड, महाराष्ट्र अने (निजाम) हैद्राबाद सुधीनुं पण वर्णन आपी शकायुं छे. एकंदर रीते आ पुस्तकमां १४६८ गामोनुं वर्णन छे जेमां ७४९ गामो जैन वस्तीवाळां छे, ९८ जैनतीर्थो छे, अने ३७१ गामो ऊपर विस्तारथी नोटो आपेली छे.

**उपयोगिता—**

मारुं नम्र मन्तव्य छे के आ पुस्तक न केवळ जैन श्वेताम्बर मूर्तिपूजक साधुओनेज उपयोगी छे; बल्के एवा कोइ पण साधुओ ( स्थानकवासी—तेरापंथी विगेरे), के जेओ हमेशां पैदलज विहार करे छे, ते बधाओने माटे उपयोगी छे. एटलुंज नहिं परन्तु तेथी आगळ वधीने तपासीए तो कोइपण इतिहास प्रेमी के डीरेकटरी तैयार करवानी इच्छा राखनारने पण आ पुस्तक उपयोगी थइ पडशे. आवीज रीते लांबो विहार करनार मुनिराजो जो जुदा जुदा देशना पोतानां विहारवर्णनो तैयार करे, तो थोडाज परिश्रममां आखा हिंदुस्थानना तमाम जैनोनी डीरेकटरी आसानीथी तैयार थइ शके. जोके आवी रीते जुदां जुदां वर्णनो अस्तव्यस्त जरूर देखाय, परन्तु कोइपण संस्था के व्यक्ति आवी नोंधोने एकठी करी, ते ऊपरथी डीरेकटरीनी रीतिए गोठवी ते हकीकतोने संकलित करे, तो जरूर केटलेक अंशे तेनी पूर्त्ति थइ शके.

**अनुभव—**

चोक्कस गामोमां के चोक्कस देशोमां विचरनाराओ विशाळ अनुभवथी वंचित रहे छे, ए खुल्ली हकीकत छे. अमारा जुदा जुदा देशोना विहारथी अमने नाना प्रकारनी स्थितियोनो अनुभव थयो छे. आ अनुभवना प्रसंगो एटला बधा छे के जेना ऊपर एक खास्सु पुस्तक लखी शकाय, तेम छतां थोडा अनुभवो आ प्रसंगे टांकवा समुचित समजुं छुं.

१ नाशिक, पूर्वखानदेश अने पश्चिमखानदेशना जील्लाओमां एवा सैंकडो जैनो छे, के जेओ पहेलां मूर्तिपूजक हता, परन्तु संवेगी साधुओना विहारना अभावे तेओ स्थानकवासी थइ गया छे. आवीज स्थिति मेवाड, मारवाड अने माळवानां गामोमां–न्हानां न्हानां गामोमां पण थइ गइ छे. वात खरीज छे के फरे ते चरे. जोके ए न्हानां न्हानां गामोना लोको स्वभावे सरळ अने कदाग्रह विनाना होय छे, अने तेथी तेवा लोकोने साधुओनो समागम थाय, अने सत्य उपदेश मळे तो तेओ जल्दी रस्ता ऊपर आवी शके तेम छे.

२ मारा धारवा प्रमाणे स्थानकवासी मुनिओ पोतानो प्रभाव गामडामां रहेनारा भद्रिक श्वे० मूर्त्तिपूजक ऊपरज कंइक पाडी शके छे. अन्य दर्शनियोने जैन बनाववानी वाततो दूर रही, परन्तु दिगंम्बर जैनो ऊपर पण पोतानो प्रभाव पाडी शकता नथी. अने तेने लइनेज बुंदेलखंड अने संयुक्तप्रांतोमां दिगम्बरोनी घणी वस्ती होवा छतां ते ते देशोमां हजु सुधी तेओ प्रवेश करी शक्या नथी.

३ आगरा जील्लामां पल्लीवाल जैनोनी वस्ती घणी छे, तेओ मूळ श्वेताम्बर जैनो हता. ( तेओमांना घणाखरा अत्यारे पण कहे छे के अमे श्वेताम्बर हता ) पण संवेगी मुनिराजोना विहारना अभावे केटलाक स्थानकवासी आम्नायने अने केटलाक दिगम्बर आम्नायने मानवा लागी गया छे. ए तरफनां न्हानां म्होटां गामोमां मुनिराजो विचरे तो घणो लाभ थाय तेम छे.

४ बुदेलखंड अने संयुक्तप्रान्तमां दिगम्बरभाइओनी वस्ती सारी छे, तेओ भद्रिक होइ संवेगी साधुओने गोचरीपाणी व्होरावे छे. तेथी आ प्रान्तोमां विहार करवामां वधारे मुश्केली पडती नथी.

५ बंगाळ अने मगधना लोकोमां मांसाहार करनारा वधारे छे. परन्तु तेओ भक्तिवाळा अने बुद्धिशाळी होवाथी तेमना ऊपर उपदेशनी असर सारी थाय छे. तेओ युक्तिमां निरुत्तर बने छे, के तत्काल मांसाहारनो त्याग करे छे. उपदेशकोनो प्रचार थाय, तो आ देशोमां हजारो मनुष्यो मांसाहार छोडे अने जैनधर्मना अनुरागी बने तेम छे.

६ मोटी मारवाड अने मेवाडमां तेरापंथीओनुं जोर वधारे छे. तेरापंथीना श्रावको दुराग्रही वधारे छे. संवेगी अने स्थानकवासी साधुओने गोचरी व्होराववामां पण

अधर्म समजे छे " जीवोने बचाववामां अढार पाप " समजनार एवा होय एमां नवाइ जेवुं कंइज नथी अने तेथी तेरापंथीयोनी वस्तीवाळा प्रदेशमां विचरतां संवेगी साधुओने वधारे मुश्केली नडे छे.

७ माळवा अने मारवाडना केटलाक भागोमां त्रण थुइना आम्नायवाळा जोवामां आवे छे. त्रण वर्ष ऊपर रतलाममां झघडो थया पछी माळवाना त्रण थुइ—चार थुइवाळाओमां वैमनस्य वधु फेलायुं छे.

८ माळवा के मारवाडथी आगळ बुंदेलखंड, संयुक्तप्रान्त, बंगाल, मगध, सिंध, महाराष्ट्र, वराड, हैद्राबाद, अने मद्रास आदि दूरना प्रान्तोमां तेवाज साधुओए विचरवुं जोइए छे के जेओ विद्वान् होय, समयज्ञ होय, अने ठेकाणे ठेकाणे जाहेर भाषणो आपी लोकोपकार करवानी उत्कंठा अने शक्ति धरावता होय, तेम साथे साथे परधर्मसहिष्णुता अने शारीरिक कष्टोने पण सहन करवानी ताकात होय. केवळ देशो, शहेरो के नगरो जोवानी भावनाथी अथवा यात्राओना निमित्तथी सामान्य साधुओए अपवादो सेवी—चारित्रने दूषित करवा माटे एटले दूर दूर जवानी आवश्यकता हुं जोतो नथी. मारा नम्र मत प्रमाणे तेवा सामान्य अने खाली खेपो करनारा साधु—साध्वीओ तेवा देशोमां जइने चारित्रने दूषित करवा साथे लोकोने अधर्म पमाडवा सिवाय कंइपण लाभ लइ आवता नथी. एवा साधु—साध्वीओतो गुजरात, काठियावाड, कच्छ अने मारवाडमां विचरी यथाशक्ति लोकोने सन्मार्ग पर जोडवा अने धर्ममां दृढ राखवा प्रयत्न करे, एटलुंज बस छे. जे साधुओ जाहेर भाषणो अने व्याख्यानो द्वारा लोकोने उपदेश आपी शके छे; पोताना सच्चारित्रथी अन्य दर्शनियो ऊपर सारी छाप पाडी शके छे; अने षड्दर्शनना ज्ञानपूर्वक अन्यदर्शनीय विद्वानो साथे शान्तिपूर्वक धर्मचर्चा कर तेओने संतोषकारक उत्तरो आपी सद्गुणानुरागी बनावी शके छे; एवा साधुओ कष्ट सहन करीने अने किंचित् अपवादने सेवीने पण उपर्युक्त देशोमां विचरे तो जरूर तीर्थयात्रा साथे शासनोन्नतिनो अपूर्व लाभ मेळवी शके.

आ प्रमाणे जुदा जुदा प्रान्तोमां विचरवाथी अमने जे अनुभव थयो छे, अमारा विचारो बंधाया छे, ते संक्षेपमां ऊपर जणावेल छे, आशा छे के आ पुस्तकना वांचनारा—आ पुस्तकने उपयोगमां लेनारा महानुभावो जरूर ऊपरनी बाबतोने लक्षमां लेशे.

**उपकार—**

आ '**विहारवर्णन**' ने तैयार करवामां हुं अनेक महानुभावोनो ऋणि बन्यो

छुं. तेओमां जेओनी नोटो ऊपरथी जुदा जुदा प्रान्तोना 'विहारो' में आ बुकमां आप्या छे, ते सर्वनो आ स्थळे आभार मानुं छुं. जेमनी जेमनी नोटो ऊपरथी में विहारो आप्या छे, तेओनां नामो में ते ते स्थळे आपेलां छे, एटले आ स्थळे पुनः आपवानी आवश्यकता जोतो नथी. ऊपरान्त आ पुस्तकने छपाववा माटे प्रेरणा करनार; सुसंगठित रीते गोठववामां, शुद्ध करवामां, प्रुफो सुधारवामां अने एवी बीजी बीजी रीते पण मदद करनार पूज्यपाद इतिहासतत्त्वमहोदधि आचार्य श्रीविजयेन्द्रसूरिजी महाराज, न्यायतीर्थ-न्यायविशारद उपाध्यायजी श्रीमंगळविजयजी महाराज अने शासनदीपक मुनिराज श्रीविद्याविजयजी महाराजनो पण अंतःकरणथी उपकार मानुं छुं.

छेवटे-" मुनिराजोने जुदा जुदा देशोनो विहार करवामां अने इतिहास प्रेमीओने इतिहासने अंगे पण यत्किंचित् अंशे उपयोगी थाय " ए इरादाथी लखेला आ पुस्तकनो जनता थोडे घणे अंशे पण लाभ लेशे तो मारा परिश्रमनी सार्थकता समजीश.

प्रान्ते-आ पुस्तकना वांचनाराओने निवेदन करवुं आवश्यक समजुं छुं के आ पुस्तकनी अंदर जे जे हकीकत आपी छे, तेमां कांइपण न्हानो-मोटो फेरफार जणाय तो ते आ पुस्तकना प्रकाशकने पत्रद्वारा जणाववा तेओ अनुग्रह करशे के जेथी बीजी आवृत्तिमां सुधारी लेवा प्रयत्न करवामां आवे. बस, आटला निवेदन साथे आ वक्तव्यने अहिंज समाप्त करुं छुं.

खीवाणदी (मारवाड)<br>बेसतुं वर्ष, वीर सं. २४६२.<br>धर्म सं ४

जयन्तविजय.

# सांकेतिकवर्णोनो खुलासो.

आ.=आशरे.
आ. रो.=आगरा रोड.
आ. गृ.=आगेवान गृहस्थ.
आ. क.=आणंदजी कल्याणजी.
आ. पु.=आणंदजी पुरुषोत्तम.
उ., उपा.=उपाश्रय.
उ.=उतर्या.
ओ., ओस.=ओसवाल.
क.=कच्छी.
का.=काठीयावाडी.
गु.=गुजराती.
जु., जू.=जूओ.
जी.=जील्लो.
ता.=ताल्लुको.
दि., दिगं.=दिगंबरी.
दी. क.=दील्ली कलकत्ता.
दी. क. रो.=दील्ली कलकत्ता रोड.
ना.=नामदार.
दे., देरा.=देरासर.
नो. नं.=नोट नंबर.
नं.=नंबर.
न्या. वि.=न्याय विशारद.
न्या. ती.=न्यायतीर्थ.
प.=पश्चिम.
पृ.=पृष्ट.
बा.=बाबु,
म.=महाराज.
मा.=माइल.
मा. नं.=माइल नंबर.
मा., मार.=मारवाडी.
मू.=मूलनायक.
मू.=मूर्त्तिपूजक.
मुं.=मुंबइ.
म्यु.=म्युनिसिपालीटी.
रो.=रोड.
ल., लग.=लगभग.
वि. ह.=विशेष हकीकत.
वि.=विहार.
व.=वर्णन.
शा. वि. जै.=शास्त्र विशारद जैनाचार्य.
श्रा. घ., श्रा. घर=श्रावकनां घर.
श्वे., श्वेतां.=श्वेतांबर.
स्था. वा.=स्थानकवासी.
हे. धा.=हेमचंद धारशी.
है.=हैद्राबाद.

# सांकेतिक चिह्नोनी ओलखाण.

(०) आ निशानीवाळा गामोमां सामैयानी घणीज धामधूम; मांडवा तथा दरवाजानी रचना; ध्वजा–पताका अने बजार शणगारवी विगेरे थऐल समजवुं.

(००) आ निशानीवाळा गामोमां सामैयानी मध्यम धामधूम; ध्वजा–पताका अने दरवाजानी रचना विगेरे थएल समजवुं.

(०००) आ निशानीवाळा गामोमां सामैयानी ध्वजा–पताकादिथी रहित मध्यम धामधूम थऐल समजवी.

**नोट**—आ निशानीओथी बाह्य धामधूमनुं माप जाणी शकाय छे परंतु आंतरिक भक्ति-उत्साहनुं माप जाणी शकाय नहिं. घणा गामोमां बाह्य आडंबर थोडो पण आंतरिक उत्साह घणो देखातो हतो अने केटलाक गामोमां राज्य विगेरेना शोकादि कारणोथी बाह्य धामधूम थइ नहोती.

(–) आ निशानीवाळा गामोमां पूज्य गुरुमहाराजश्रीए एक जाहेर भाषण आपेलुं समजवुं.

(=) आ निशानीवाळा गामोमां पूज्यपाद गुरुमहाराजश्रीए अनेक जाहेर भाषणो आपेलां समजवां.

**नोट**—जे गाममां उतरवाना स्थानथी अन्य स्थानमां जइ, उभा थइने, भाषणनी पद्धति प्रमाणे भाषणो आपेलां तेना ऊपरज निशानी करेली छे. बाकी मंगलाचरण, व्याख्यान, उपदेशादि तो थयाज करे, तेनी गणत्री थइ शके नहीं.

(*) आ निशानीवाळा गामोमां अमे गया नथी, अथवा रोकाया नथी.

(इ) कोइ गाम जवाना बे रस्ता आव्या छे तेमांथी एक रस्ता ऊपर आवी निशानी आपी छे, अने मूळ रस्ताने छोडीने खास फरवा माटे गया हशुं तेवां गामो ऊपर पण यथासाध्य आवी निशानी आपेली छे.

# समजुती.

१ विहार—वर्णनना चार खंड पाडवामां आवेला छे तेमां पहेला खंडमां खास में मारा अनुभवथी विहारनी यादी लखेली ते दाखल करी छे, बीजा खंडमां अन्य मुनिराजोनी बुको ऊपरथी मळेली यादी दाखल करी छे, त्रीजा खंडमां प्रथमना बंने खंडना गामोनी विशेष हकीकत माटे नोटो आपेली छे अने चोथा खंडमां आ बुकमां आवेल जैनतीर्थो, मोटां मोटां गामोनुं अन्तर अने पाकी सडको विगेरे आपेल छे.

२ विहार—वर्णनमां जे माइलनी संख्या अने मा० नं० आपेला छे, ते मुंबइ पछीना विहारमां एक गाममां अमारा उतरवाना स्थानथी बीजा गाममां ठेठ उतरवाना स्थान सुधीना लखेला छे.

३ श्रावकनां घरना खानामां खास जैन श्वेतांबर मूर्तिपूजक श्रावकोनीज संख्या आपेली छे. बीजा फीरकानी संख्या जाणवामां आवी ते विशेष हकीकतमां अने नोटोमां आपेली छे. श्रावकना घरनी संख्या जो के चोकसाइ माटे बनती काळजी राखी छे छतां आशरे ( लोकोने पूछीने ) लखेली छे, तेथी तेमां वधारे ओछी होवानो संभव होइ शके.

४ देरासरना खानामां मुख्य अने पंचायती देरासरोनी संख्या लखेली छे, अने ते संख्या चोक्सज हशे. घरदेरासरोनी संख्या भेगी गणेली नथी.

५ उपाश्रयना खानामां साधु—मुनिराजोने उतरवा योग्य स्थान ( पछी तेने उपाश्रय, धर्मशाला, ज्ञानशाला के जिनशाला, गमे ते कहेता होय ) नीज संख्या लखी छे ते सिवाय नानी धर्मशालाओ के नाना उपाश्रयोनी संख्या तेमां आपी नथी.

६ वि. ह. ना खानामां ज्यां उपाश्रय न होय त्यांनुं उतरवानुं स्थान, आ. गृ. नां नामो विगेरे जे जे विशेष हकीकत जाणवामां आवी ते आपी छे.

७ जे खानामां (—) आवी निशानी आपी छे ते खानानी अथवा ते गामनी हकीकत पहेलां आवी गइ छे, तेम समजी बीजे ठेकाणे ज्यां ते गामनुं नाम होय त्यां जोइ लेवी.

८ जे खानां खाली राखवामां आवेल छे, तेनी हकीकत मारा जाणवामां आवी नथी, अथवा निश्चय थइ शक्यो नथी, तेथी लखी नथी तेम समजवुं.



जगत्पूज्य स्वर्गस्थ शास्त्रविशारद–जैनाचार्य

**श्रीविजयधर्मसूरि महाराज.**

जन्म सं. १९२४ आचार्यपद सं. १९६४

दीक्षा सं. १९४३ निर्वाण सं. १९७८

# उत्सर्ग.

नवयुगप्रवर्तक, जैनधर्मोद्धारक, जगत्पूज्य,

स्वर्गस्थ-गुरुदेव

**शास्त्रविशारद-जैनाचार्य-श्रीविजयधर्मसूरिजी**

महाराजना

स्वर्गीय आत्मा समीपे

**सादर समर्पित.**

# अनुक्रमणिका.

## ( प्रथम खंड )


| | | | |
|---|---|---|---|
| १ | श्रीउदयपुर (मेवाड) थी केशरीयाजी, ईडर, अमदावाद, पानसर, लींच, भोयणी, वीरमगाम, उपरीआला, मांडल, बजाणा, वढवाण, लींबडी, राणपुर, बोटाद अने वळा थइने पालीताणा. | ( सं. १९७२ ). | १– ४ |
| २ | पालीताणाथी भावनगर, महुवा, कुंडला, अमरेली थइने राजकोट. | ( सं. १९७३ ). | ४– ६ |
| ३ | अमरेलीथी जूनागढ, वेरावळ, मांगरोळ, पोरबंदर, धोराजी, जेतपुर, गोंडल, राजकोट थइने जामनगर. | ( सं. १९७४ ). | ६– ९ |
| ४ | बरेज पार्श्वनाथजीथी धोराजी. | ( सं. १९७४ ). | ९ |
| ५ | जामनगरथी मोरबी, वांकानेर, राणपुर, धोलेरा, खंभात, भरुच, सुरत थइने मुंबइ. | ( सं. १९७५ ). | ९–१५ |
| ६ | मुंबइथी ठाणा, शाहापुर, नाशिक, मालेगांव, धुलीया, शिरपुर, मांडवगढ, इंदोर, देवास, मकसी, गुणा, शिवपुरी, लश्कर थइने आगरा. | ( सं. १९७७–७८ ). | १५–२१ |
| ७ | आगराथी मथुरा थइ वृन्दावन. | ( सं. १९८० ). | २१–२२ |
| ८ | शिवपुरी (सीपरी) थी झांसी, काल्पी, कानपुर, अल्हाबाद थइने बनारस. | ( सं. १९७८–७९ ). | २२–२५ |
| ९ | धुलीआथी अमलनेर. | ( सं. १९७७ ). | २६ |
| १० | शिरपुर (वाघारी) थी अमलनेर. | ,, | २६ |
| ११ | अमलनेरथी पारोला थइने बादरपुर. | ,, | २७ |
| १२ | इंदोरथी मांडवगढ. | ( सं. १९७८ ). | २७ |
| १३ | अल्हाबादथी माणिकपुर जंकशन, चित्रकूट, बांदा, महोबा, मउ–राणीपुर थइने झांसी. | ( सं. १९७९ ). | २८–३० |


### ( प्रथम खंडनुं अनुसंधान )


| | | | |
|---|---|---|---|
| १४ | पेंच–मुरेनाथी शौरीपुर. | ( सं. १९८१ ). | १२३ |

१५ बजरंगढ अने राघोगढ ( सं. १९८१ ). १२४

१६ मकसीथी उज्जैन, बडनगर, बद्नावर, रतलाम, सेमलीया, जावरा, मंदसोर, प्रतापगढ, बड़, छोटीसादरी, करेडा, कांकरोली, देसूरी, घाणेराव, सादरी, राणपुरजी, बाली थइने खीवाणदी. ( सं. १९८१ ). १२४-१२७

## ( द्वितीय खंड )

१७ अमदावादथी ईडर, केशरीयाजी, उदयपुर थइने राण(क)पुर. ( आशरे सं. १९७० ). ३१-३२

१८ पालणपुरथी आबू ,, ३३

१९ मुंबइथी नाशिक, अंतरिक्षजी, भांडकजी, कुल्पाकजी, (निजाम) हैद्राबाद, पुना, शाहापुर थइने मुंबइ. ( सं. १९७२ थी १९७६ ). ३३-४२

२० ( निजाम ) हैद्राबादथी जालना, भुसावळ, खंडवा थइने मांडवगढ. ( सं. १९७९-८० ). ४२-४५

२१ इंदोरथी उज्जैन थइने देवास. ,, ४५

२२ बरोराथी नागपुर. ,, ४५

२३ बनारसथी अल्हाबाद, कानपुर, मैनपुरी, आगरा, जयपुर, अजमेर, ब्यावर (नयाशहेर) थइने पाली. (आशरे सं. १९६५ थी १९६८). ४६-४९

२४ शिकोहाबादथी इटावा, कानपुर, फतेहपुर, अल्हाबाद, मीरजापुर थइने बनारस. ( आशरे सं. १९६५ थी १९६८ ). ४९-५०

२५ वीरमगामथी कपडवंज, गोधरा, उज्जैन, गुणा, शिवपुरी, झांसी, कानपुर, अल्हाबाद थइने बनारस. ( सं. १९५९ ). ५०-५२

२६ बनारसथी पटणा, बिहार, पावापुरी विगेरे नगरीओ, सम्मेतशिखरजी थइने कलकत्ता. ( सं. १९६३ ). ५२-५४

२७ जोधपुरथी पाली. ५४

२८ बनारसथी अयोध्या थइने लखनौ. ( सं. १९६८ ).५४-५५

२९ ब्यावरा ( मालवा ) थी झालरा पाटण. ( सं. १९८१ ). ५५-५६

३० इंदोरथी हाटपींपळीया थइने बागली. ,, ५६

## ( तृतीय खंड )

३१ प्रथम खंड अने द्वितीय खंडमां आवेलां गामो ऊपर नोटो. ९७–१२२

## ( चतुर्थ खंड )

३२ आ पुस्तकमां आवेला जैनतीर्थोनो अकारादि अनुक्रम. १२८–१२९
३३ आ पुस्तकमां आवेलां मुंबइ आदि मोटां मोटां गामोनुं अन्तर जणावनारुं पत्रक. १३०–१३५
३४ आ पुस्तकमां आवेली पाकी सडको. १३६–१४०
३५ शुद्धिपत्रक.
३६ विहारनुं वर्णन लखवा माटे तैयार करेलुं पत्रक.

## केटलाक शब्दोनो भावार्थ.

**चैत्यालय**=दिगंबर संप्रदायमां घरदेरासरने चैत्यालय कहे छे तेमज दिगंबर संप्रदायना तारणपंथी ( मूर्त्तिने नहीं माननारा ) लोको देरासरमां मूर्त्तिने स्थाने ज्ञान पधरावे छे तेवा मंदिरोने तेओ चैत्यालय कहे छे.

**नाल**=बन्ने बाजुए पहाडनी श्रेणिओनी वच्चेथी पहाडीप्रदेश उल्लंघन करवाना सांकडा मार्गने नाल कहे छे. आवी नालो मारवाड–मेवाडमां प्रसिद्ध छे.

**कचेरी**=नाना गामोमां अमलदारोने उतरवाना स्थान(जेमां मुसाफरो पण उतरी शके छे) ने माळवा अने मेवाडादि देशोमां कचेरी कहे छे.

**सराइ**=मुसाफरोने उतरवाना स्थान( धर्मशाला )ने पूर्वदेशमां सराइ कहे छे.

**चावडी**=मुसाफरोने उतरवाना स्थान ( धर्मशाला )ने दक्षिणदेशमां चावडी कहे छे.

**चोपाड**=मुसाफरोने उतरवाना स्थानने बुंदेलखंड अने तवरघार जीह्लामां चोपाड पण कहे छे.

**तीबारी**=मुसाफरोने उतरवा लायक एक तरफथी खुल्ला त्रण दरवाजावाळी ओशरीने पूर्वदेशमां तीबारी कहे छे.

**बोरा**=तवरघार जीह्ला तरफ 'गाममां कोइ सुखी अने धनाढ्य होय' तेने बोरा कहे छे.

# विहार-वर्णन.

ॐ

जगत्पूज्यश्रीविजयधर्मसूरीश्वरगुरुभ्यो नमः ।

# विहारवर्णन.

## (प्रथम खंड).

श्रीउदयपुर ( मेवाड ) थी केशरीयाजी, ईडर, अमदावाद, पानसर, लींच, भोयणी, वीरमगाम, उपरीआला, मांडल, बजाणा, वढवाण, लींबडी, बोटाद अने वळा थइने श्रीपालीताणा सुधीना विहारनी यादी.

( संवत् १९७२ ).

| माइल. | गामनां नामो. | श्रावकनां घर. | देरासर | उपाश्रय. | विशेष हकीकत. |
|---|---|---|---|---|---|
| | उदयपुरथी | २९० | ३४ | २ | जू. नो. नं. १ |
| ३ | गोरधनविलास | ० | ० | ० | सरकारी कोटडीमां रात रह्या. |
| ७ | काया | ० | ० | ० | जू. नो. नं. २ |
| १० | टीडी | ० | ० | ० | सराइमां उतर्या. |
| १० | परसाद | ० | ० | ० | धर्मशाला सारीछे, दिगंबरोना घर ३० छे. |
| ८ | धुलेवाजी ०००= | ० | २ | १ | श्रीकेशरीयाजी तीर्थ, जू. नो. नं. ३ |
| १० | खेरवाडा | १० | १ | ० | सरकारी धर्मशाला छे पण उदयपुरना महाराणाना मकानमां उतर्या. |
| १० | कणबाइ | ० | ० | ० | ईसाइनी स्कूलमां उतर्या. काचो रस्तो |
| [illegible] | पाल | १ | ० | ० | श्रावकना घरमां उतर्या. ,, |

| माइल. | गामनां नामो. | | श्रा. घर. | देरा. | उपा. | वि. ह. | |
|---|---|---|---|---|---|---|---|
| १० | टांकाटुंका | | ० | ० | ० | सराइमां उतर्या. | काचो रस्तो |
| १० | मुडेठी | | ० | ० | ० | जू. नो. नं. ४ | ,, |
| २ | ............ | | ० | ० | ० | चोरामां उतर्या. | ,, |
| १० | वडाली— | | २०० | ३ | २ | जैनपाठशाळा विगेरे छे. | ,, |
| ६ | खेडब्रह्मा | | ३० | २ | १ | | ,, |
| ४ | ............ | | ० | १ | ० | दिगं० ८—१० घर अने देरासर बे छे. | |
| ६ | वडाली— | | २०० | ३ | २ | | सडक |
| ६ | ईडर | ०००— | १५० | ६ | १ | तीर्थ. जू. नो. नं. ५ | |
| ४॥ | कुकडीया | | ५ | १ | ० | श्रावकना घरमां उतर्या. | काचो रस्तो |
| ४॥ | पोसीना | | ० | १ | १ | तीर्थ छे. जू. नो. नं. ६ | ,, |
| ४॥ | सावली | | ७ | ३ | १ | | ,, |
| ६ | जामला | | ७ | १ | १ | | ,, |
| २ | वक्तापर | | १० | १ | १ | | ,, |
| ४ | अमनगर (हिंमतनगर) | | ५० | ३ | १ | श्रावकोना घरमां पुरुषो तथा छोकरा बहुज थोडा छे. | ,, |
| १० | सलार | | ७ | ० | ० | श्रावकना घरमां उतर्या. | ,, |
| ५ | प्रांतिज | ००= | १०० | १ | २ | स्थानकवासीना घर १०० छे. | ,, |
| ४ | वाघपुर | ००० | २० | १ | १ | | ,, |
| ४ | संघपुर | ०० | ३० | १ | १ | आंहीथी १ माइल दूर जुना शंगपुरमां जुनुं देरासर १ छे. | ,, |
| २ | महुडी | ००० | २५ | १ | १ | | ,, |
| ६ | प्रांतिज | ००= | १०० | १ | २ | | ,, |
| ८ | घडकण | | २५ | १ | १ | | काची सडक |
| ८ | धारासण | | ० | ० | ० | | ,, |
| ८ | देहगाम | ०= | १५० | १ | २ | | ,, |
| ४॥ | डभोडा | ००० | ५० | १ | १ | | ,, |
| ८ | नरोडा | ००० | ५० | १ | १ | | ,, |
| ५ | अमदावाद | ०= | | | | जैनपुरी कहेवाय छे. | |

| माइल. | गामनां नामो. | | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. | |
|---|---|---|---|---|---|---|---|
| ८ | ओगणोज | | २९ | | | | काचो रस्तो |
| ८ | कलोल | ००० | १० | १ | १ | | ,, |
| ४ | पानसर | ००० | ९ | १ | १ | तीर्थ छे. जू. नो. नं. ७ | ,, |
| ८ | कीओल | | २९ | १ | १ | | ,, |
| ८ | लींच | ००= | ८० | १ | १ | पांजरापोळ मोटी छे. | ,, |
| ३ | अंबासण | ००० | २० | १ | १ | | ,, |
| ३ | जोटाणा | ००० | १०० | १ | १ | देरासरनो जीर्णोद्धार थाय छे. | ,, |
| ८ | भोयणी | ००० | ० | १ | १ | तीर्थ छे. जू. नो. नं. ८ | ,, |
| १० | रामपुरा | ००० | ५० | १ | १ | | ,, |
| १२ | वीरमगाम | ०— | ४०० | ६ | २ | जू. नो. नं. ९ | सडक |
| ८ | गोरइया | | १९ | १ | १ | | काचो रस्तो |
| ४ | उपरीआळा | ०००= | ० | १ | १ | तीर्थ छे. जू. नो. नं. १० | ,, |
| १० | मांडल | ०= | ३०० | ४ | ३ | जैन संस्कृतपाठशाला सारी चालेछे. | ,, |
| ६ | दसाडा | ०००= | ५० | १ | १ | | ,, |
| ६ | गोरीयावाडा | ०००— | १ | ० | ० | दरबारी मकानमां उतर्या. | ,, |
| ४ | पाटडी | ०००= | १०० | २ | २ | जैन पाठशाला छे. | ,, |
| ९ | बजाणा | ०००— | ३० | १ | १ | जूओ नोट नंबर ११ | ,, |
| १० | अंकेवाळीया | | २० | ० | १ | | ,, |
| ९ | वणा | | २९ | १ | १ | जूओ नो. नं. १२ | |
| १० | राजपर | | २० | १ | १ | | |
| ४ | वढवाण कॅंप | ००= | २०० | १ | १ | धर्मशाला, ज्ञानमंदिर, हुन्नरशाला, जैनपाठशाला छे. | |
| ३ | वढवाण शहेर | ००— | ३०० | २ | १ | जैनपाठशाला छे, गाम बहार १ देरी छे. | सडक. |
| १० | अंकेवाळीया | —— | ० | ० | ० | स्थानकवासीनां घर छे, स्थानकमां उतया. | सडक. |
| ४ | लींबडी | ००= | १०० | २ | १ | जू. नो. नं. १३ | ,, |
| ६ | कारोल | ००० | १० | १ | १ | | ,, |

| माइल. | गामनां नामो. | | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. | |
|---|---|---|---|---|---|---|---|
| २ | भडकवा | | ९ | ० | १ | | ,, |
| १० | **राणपुर** | ००= | १०० | १ | १ | कन्याशाळा, पाठशाळा, | सडक |
| १० | अळाउ | ००० | १० | १ | १ | | ,, |
| ९ | **बोटाद** | ०= | २०० | १ | १ | जैनपाठशाळा छे. | ,, |
| ८ | लाठीदड | ००० | २९ | १ | १ | | |
| ६ | लाखेणी | ००० | १९ | १ | १ | जूओ नो. नं १४ | काचो रस्तो |
| १० | पछेगाम | ००– | २९ | १ | १ | जैन पाठशाला छे. | ,, |
| २ | **वळा** | ०= | १०० | १ | १ | तीर्थ छे. जूओ नो. नं. १९ | ,, |
| ४ | चमारडी | – | २ | ० | १ | स्कूलमां उतर्या. | सडक |
| ९ | पालडी | ०००– | २९ | ० | ० | स्कूलमां उतर्या. घर देरासर नानुं छे. | काचो रस्तो |
| ९ | सोनगढ | ००० | १० | ० | ० | आणंदजी कल्याणजीनी धर्मशाळामां उतर्या. | ,, |
| १० | मोखडका | | २० | १ | ० | दरबारी मकानमां उतर्या. | सडक |
| ४ | **पालीताणा** | ००= | ४०० | ९ | | तीर्थ छे जूओ नोट नंबर १६ | ,, |

## श्री पालीताणाथी भावनगर, महुवा, कुंडला, अमरेली थइने राजकोट.

## ( संवत् १९७३ ).

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **पालीताणा** | | ४०० | ९ | | जूओ नोट नं. १६ | |
| ८ | मढडा | ०००– | १० | ० | १ | घर देरासर छे. | काचो रस्तो |
| ८ | **शीहोर** | ००८= | २९० | २ | १ | धर्मशाला मोटीछे जैनपाठशालाछे. | ,, |
| ८ | वरतेज | ०००– | ४० | १ | २ | | सडक |
| ६ | **भावनगर** | ०००= | १००० | ४ | १ | जूओ नोट नंबर १७ | ,, |
| ४ | अकवाडा | | १ | ० | ० | आ० पु० नी बंधावेली धर्मशालामां उतर्या. | ,, |
| ७ | **घोघा** | ००– | १०० | ३ | १ | नवखंडापार्श्वनाथतीर्थ. जू. नो. नं १८ | ,, |

| माइल. | गामनां नामो. | | श्रा. घर. | देरा. | उपा. | वि. ह |
|---|---|---|---|---|---|---|
| ६ | कोळीआक | ०० | २० | १ | १ | काचो रस्तो |
| ४ | खरसलीया | * | ७ | ० | ० | ,, |
| ६ | जशपरा | * | ३९ | १ | १ | ,, |
| ८ | त्रापज | ००० | ३९ | १ | १ | ,, |
| १० | वावडी | ०००— | १ | ० | ० | दरबारी उतारामां उतर्या. सडक |
| २ | तणसा | ००० | ३९ | १ | १ | ,, |
| ६ | त्रापज | ००० | ३९ | १ | १ | ,, |
| ६ | **तलाजा** | ००= | ७९ | १ | १ | तालध्वजतीर्थ. जू. नो. नं. १९ ,, |
| ७ | उंचडी | ०००— | ८ | ० | ० | दरबारी उतारामां उतर्या. काचो रस्तो |
| ७ | **दाठा** | ००— | १०० | १ | १ | ,, |
| ४ | राणीवाडा | ००० | ८ | ० | ० | श्रावकना घरमां उतर्या. ,, |
| ८ | भादरोड | ०००— | १० | ० | ० | उपाश्रय नवो थायछे. घर देरासरछे. ,, |
| ४ | **महुवा बंदर** | ०= | २९० | १ | २ | तीर्थ छे. जू. नो. नं. २० ,, |
| ६ | कुंभण | ००० | १२ | ० | ० | जू. नो. नं. २१ |
| ४ | मोटा खुंटवडा | ००— | २९ | १ | १ | धर्मशाला छे. |
| ७ | वडाल | ००० | ९ | ० | ० | श्रावकना घरमां उतर्या. |
| ३ | हाडीडा | | ३ | ० | ० | श्रावकना घरमां उतर्या. |
| ९ | गाधकडा | ०००— | २० | १ | १ | |
| ८ | **कुंडला** | ०= | १२९ | १ | १ | पूज्यपाद गुरुवर्यना उपदेशथी श्राविका उद्योगशालानी स्थापना थई. |
| ६ | मुवा | ००० | ८ | ० | ० | कणबीना घरमां उतर्या काचो रस्तो |
| ६ | आंबा | ००— | २० | ० | ० | जू. नो. नं २२ |
| ६ | भंभोदरा | — | ९ | ० | ० | कणबीना घरमां उतर्या. ,, |
| ३ | जीरा | ०००— | १९ | ० | १ | सिद्धचक्र पूजानी ओरडी छे. ,, |
| ४ | भेंशावडी | ००० | ७ | ० | ० | ,, |
| ३ | आंबा | ००— | २० | ० | ० | जू. नो. नं. २२ ,, |
| १० | **अमरेली** | ००= | ६० | १ | २ | जू. नो. नं. २३ ,, |
| ६ | मांचीआळा | | ३ | ० | ० | श्रावकना घरमां उतर्या. |

| माइल. | गामनां नामो. | | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. |
|---|---|---|---|---|---|---|
| ५ | चीतळ | ००० | २० | १ | १ | जू. नो. नं. २४ |
| ९ | पीपरीया | —' | ० | ० | ० | जू. नो. नं. २५ |
| ५ | पानसडा | | ० | ० | ० | चोरामां उतर्या. स्था०वा०नां २ घरछे. |
| ६ | आटकोट | — | ० | ० | ० | स्थानकमां उतर्या. स्था० वा० नां २५ घर छे. |
| ३ | समढीआळा | | १० | ० | १ | उपाश्रय नवो थयो छे. भगवान्‌ना फोटानी ओरडी छे. |
| ५ | हळंडा | | ० | ० | ० | दरबारी उतारामां उतर्या. स्थानक नवुं थयुं छे. स्था०वा०नां १० घर छे. |
| ६ | सरधार | ००० | २५ | १ | २ | राजकोटवाळा हे+धा० ए उपाश्रय १ नवो कराव्यो छे. |
| ४ | समढीआळा | | ० | ० | ० | चोरामां उतर्या. दरबार शिवुभा लायक माणस छे. |
| ४ | त्रंबा | | ० | ० | ० | दरबारी उतारामां उतर्या. |
| ६ | थोराळा | | ० | ० | ० | ,, ,, |
| ३ | **राजकोट** | ०० | ३०० | १ | १ | जू नो नं. २६ |

## श्रीअमरेलीथी जूनागढ, वेरावळ, मांगरोळ, पोरबंदर, धोराजी, जेतपुर, गोंडळ, राजकोट थइने जामनगर. ( संवत् १९७४ ).

| माइल. | गामनां नामो. | | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. |
|---|---|---|---|---|---|---|
| | **अमरेली** | ००= | ६० | १ | २ | अहींथी वडाळ सुधी काचो रस्तो छे. जूओ नो. नं. २३ |
| ४ | खीजडीया | | १ | ० | ० | दरबारी उतारामां उतर्या. |
| ४ | भंडारीया | | ० | ० | ० | ,, ,, |
| ६ | मांडवडा | | ० | ० | ० | ,, ,, |
| ५ | बगसरा | = | ५० | १ | १ | उपाश्रय नानो होवाथी श्रावकना घरमां उतर्या. |
| ६ | मावझींझवा | | ६ | ० | १ | उपाश्रयनी एक ओरडीमां धातुनां प्रतिमाजी राखेल छे. |

| माइल. | गामनां नामो. | | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. |
|---|---|---|---|---|---|---|
| ४ | हडमतीया | | ० | ० | ० | दरबारी उतारामां उतर्या. स्था० वा० ३ घर छे. |
| ४ | गळथ | | ७ | ० | १ | पूजानी ओरडी छे. |
| ६ | राणपर | ०००— | १० | १ | १ | धातुनां प्रतिमाजी छे. |
| २ | खारचीया | ००० | १९ | ० | १ | भगवान्‌नी पूजानी ओरडी छे. |
| ४ | हडमतीया (विशलनुं) | | ० | ० | ० | स्कूलमां उतर्या. |
| ६ | वडाल | | ८ | १ | १ | जू. नो. नं. २७ |
| ७ | **जूनागढ** | ०००= | १२९ | २ | २ | तीर्थ छे. जू. नो. नं. २८ सडक |
| ७ | शापुर | | ० | ० | ० | जू. नो. नं. २९ |
| ३ | **वंथळी** | | ७९ | २ | २ | श्री शीतलनाथ तीर्थ. |
| ८ | मगरवाडा | ००० | ६ | ० | ० | स्कूलमां उतर्या. |
| ९ | अजाब | — | ५ | १ | १ | धातुना प्रतिमाजी छे. |
| ८ | माळीया | — | १ | ० | ० | जू. नो. नं. ३० |
| ४ | भंडुरी | | ० | ० | ० | स्कूलमां रात रह्या. |
| ९ | आदरी | | ३ | १ | १ | धर्मशाला छे. यात्रालुओने सगवड छे. |
| ६ | **वेरावळ** | ००= | २५० | २ | २ | जू. नो. नं. ३१ |
| २ | **प्रभासपाटण** | ०००= | ७५ | ९ | १ | तीर्थ. जू नो. नं. ३२ सडक |
| ८ | आदरी | | ३ | १ | १ | |
| ६ | चोरवाडथी | | १ | १ | १ | |
| ५ | आरणा | | ० | ० | ० | आयरना घरमां रात रह्या. धर्मशाला थवानी छे. |
| ६ | **मांगरोळ** | ००= | २५० | २ | २ | तीर्थ. जू. नो. नं. ३३ काचो रस्तो |
| ६ | लोइजथी | | ० | ० | ० | कचरा शेठनी वंडीमां उतर्या. ,, |
| २ | सीलथी | | ० | ० | ० | श्रावकोनी धर्मशाला छे. ,, |
| ९ | माधुपुर | | ० | ० | ० | ब्राह्मणनी धर्मशालामां उतर्या. ,, |
| १० | **बरेज** | | ० | १ | १ | तीर्थ. जू. नो. नं. ३४ ,, |
| ८ | नवी बंदर | | ० | ० | ० | गाम बहार बावानी धर्मशालामां उतर्या. ,, |

| माइल. | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. |
|---|---|---|---|---|---|
| १२ | होळदर | ० | ० | ० | माताना भुवा रबारीना घरमां उतर्या. ,, |
| ६ | **पोरबंदर** | १२९ | ३ | ३ | |
| १० | राणावाव | ० | ० | ० | सेनेटेरीयममां उतर्या. |
| १० | कंडोरणा | ० | ० | ० | धर्मशालामां उतर्या |
| ६ | कुतीआणा | ८ | १ | १ | |
| ९ | लींबोडा | ० | ० | ० | जू. नो. नं. ३९ |
| ८ | सरदारगढ | १२ | ० | ० | अहींथी धोराजी सुधी पाकी सडक छे. |
| ६ | पाटणवाळ | २० | १ | १ | |
| ८ | मोटी मारड | १९ | १ | १ | उपाश्रय नवो पाको थतो हतो तेथी श्रावकना घरमां उतर्या. |
| ६ | धोराजी ०००— | ८० | १ | १ | जू नो नं. ३६ |
| ३ | गुंदाळा | १ | ० | ० | चोरामां रात रह्या. |
| ८ | जेतपुर ०००— | ६० | १ | १ | देरासरना द्रव्यथी उपाश्रय नवो थयो छे. |
| ३॥ | पीठडीया | १ | ० | ० | जू. नो. नं. ३७ |
| ४॥ | वीरपुर | १ | ० | ० | जू. नो नं. ३८ |
| ६ | चोरडी | ० | ० | ० | स्था० वा० ना ३–४ घर छे. स्थानकमां उतर्या. |
| ९ | **गोंडल** ००= | ४० | १ | १ | धर्मशाला छे. स्था० वा० ना ८०० घर छे. |
| ४ | बीलीआळा | ० | ० | ० | चोरामां रात रह्या वाणीआनुं १ घर छे. |
| ८ | रीबडा | ० | ० | ० | दरबारी थाणामां उतर्या. वाणीयाना ३–४ घर छे |
| ४ | पालडी | ० | ० | ० | चोरामां उतर्या. |
| ८ | **राजकोट** = | ३०० | १ | १ | जू. नो. नं. २६ |
| ८॥ | वाव | ० | ० | ० | गाम नथी. वाव तथा धर्मशाला छे तेमां उतर्या. |
| ७॥ | पडधरी | ३ | ० | ० | धर्मशालामां रात रह्या. स्थानकवासीना २९ घर तथा स्थानक छे. |

| माइल. | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. |
|---|---|---|---|---|---|
| ८ | हडमतीया | ६ | १ | १ | जू. नो. नं. ३९ |
| १० | जामवणथली०००— | ५० | १ | २ | वाणीया वणथली पण कहेवाय छे. |
| ८ | अलीया, बाडा | १० | ० | ० | श्रावकना घरमां उतर्या. एक जैनशाळानी नानी बंगली छे. |
| ६ | धुंवाव | १ | १ | १ | जू. नो. नं. ४० |
| ४ | **जामनगर** ०००= | ८०० | ९ | ४ | जू. नो. नं. ४१ सडक. |

## बरेज पार्श्वनाथजीथी धोराजी. ( सं. १९७४ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| | **बरेज** | ० | १ | १ | तीर्थ. आंहीथी माणावदर सुधी काचो रस्तो. जू. नो. नं. ३४ |
| ८ | बगसरा ( घेडनुं ) | ० | ० | ० | स्कूलमां उतर्या. |
| १० | बाटवा | ५ | ० | ० | एक श्रावकनी स्कूलमां उतर्या |
| २ | खांभला | १ | ० | ० | स्कूलमां रात रह्या. |
| २ | माणावदर * | १ | ० | ० | आंहीथी धोराजी सुधीनी पाकी सडकछे. |
| ६ | सरदारगढ | १२ | ० | ० | श्रावकना घरमां उतर्या आंहीथी सडकने रस्ते धोराजी माटे जू. पा. ८ |
| ४ | छत्रासा ००० | २५ | १ | १ | आंहीथी सोरठ वंथळी ६ माइल थाय छे. काचो रस्तो. |
| ३ | कराणा | ० | ० | ० | जू. नो. नं. ४२ |
| ९ | मारड ( मोटी ) | १५ | १ | १ | |
| ६ | **धोराजी** ०००— | ८० | १ | १ | जू. नो. नं. ३६ |

## श्रीजामनगरथी मोरबी, वांकानेर, राणपुर, धोलेरा, खंभात, भरुच, सुरत थइने मुंबइ सुधीना विहारनी यादी. ( संवत् १९७५ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| | **जामनगर**०००= | ८०० | ९ | ४ | जूओ नोट नंबर ४१ |

| माइल. | गामनां नामो. | | श्रा. घर. | देरा. | उपा. | वि. ह. |
|---|---|---|---|---|---|---|
| ४ | धुंवाव | | १ | १ | १ | स्थानकमां उतर्या. जू. नो. नं. ४० |
| ५॥ | बाणुगार | | १ | ० | ० | दरबारी उतारामां उतर्या. |
| ५॥ | फला | | ३ | ० | १ | ,, ,, ,, उपाश्रय नवो थयो छे. |
| ७ | ध्रोल | = | ५० | १ | २ | आंहीथी जामनगर तथा राजकोटनी पाकी सडको छे. |
| ४ | वागुदड | | ३ | ० | ० | स्कूलमां उतर्या. सोनीनुं १ घर छे. |
| ४ | लतीपुर | = | ३५ | १ | २ | ध्रोळथी सीधेरस्ते लतीपुर ७ मा. छे. |
| ४ | बंगावडी | | ० | ० | ० | स्कूलमां उतर्या. |
| १० | टंकारा | ०००= | २० | १ | १ | |
| | लतीपुरथी | | | | | |
| ४ | रस्ना | * | १ | ० | ० | |
| ४ | घुंबडा | * | ३ | ० | ० | |
| ६ | टंकारा | ०००= | २० | १ | १ | |
| ५ | लजाइ | | १ | ० | ० | दरबारी उतारामां उतर्या. स्था. वा. नां ५ घर छे. |
| २ | वीरपर | | १ | ० | ० | दुकानमां उतर्या.स्था०वा०नां ५ घरछे. |
| ६ | मोरबी | ०००= | १५० | १ | २ | जू. नो. नं. ४३ |
| ४ | पीपरी | | २ | ० | ० | |
| ३ | बेला | ००= | १४ | १ | २ | |
| २ | रंगपर | ००= | ८ | ० | ० | गरासीयाना घरमां उतर्या. पूजानी ओरडी छे. |
| ६ | वांकडु | | ० | ० | ० | |
| १ | आंदरणा | ००= | ५ | ० | ० | कणबीना घरमां उतर्या. |
| २ | रातागेर | | ० | ० | ० | ब्राह्मणनी धर्मशालामां रात रह्या. |
| ८ | माटेल | | ० | ० | ० | फोजदारना मकानमां उतर्या. |
| ४ | जांबुडीया | | २ | ० | ० | दरबारी उतारामां उतर्या. |
| ६ | **वांकानेर** | ०००= | १०० | २ | २ | जू. नो. नं. ४४ |

| माइल. | गामनां नामो. | | श्रा. घर. | देरा. | उपा. | वि. ह. |
|---|---|---|---|---|---|---|
| २ | वांकानेर स्टेशन | | २ | ० | ० | स्थानकमां उतर्या स्था वा.नां ६ घरछे. |
| ९ | दलडी | | २ | ० | ० | दरबारी उतारामां उतर्या. |
| ९ | थान | = | २० | १ | २ | स्थानकमां उतर्या. स्था. वा. नां घर ५० छे. |
| ९ | चोरवीरडा | | ६ | ० | १ | स्था. वा. नां घर ५ छे. |
| ५ | भाडुका | | २ | ० | ० | श्रावकनां घरमां उतर्या. |
| ६ | सायला | ०००= | ५० | १ | २ | स्था. वा. नां घर १०० छे. |
| ९ | चोकडी | | ६ | १ | १ | स्था. वा. नां घर ४ छे. |
| ४ | कुडला | | ३ | ० | १ | ,, ,, |
| ८ | **राणपुर** | ०००= | १०० | १ | १ | पुस्तकालय छे. आंहीथी धंधुका सुधी सडक छे. जू. पृ. ४ |
| ४ | नागनेश | * | ० | ० | ० | स्था. वा. भावसारनां ३० घर छे. |
| ३ | देवळीया | | ० | ० | ० | चोरामां उतर्या. स्था.वा.नां २ घर छे. |
| ४ | वागड | | ० | ० | ० | ठाकर मंदिरमां उतर्या. ,, ,, १० ,, |
| ७ | धंधुका | ०००– | २५ | १ | १ | उपाश्रयमां श्रीहेमचंद्राचार्यजीनी मूर्त्ति छे. |
| ४ | रोजका | | २ | ० | १ | स्था. वा. नां ४ घर छे. |
| १० | भडीयाद | | १ | १ | १ | ,, ,, १५ ,, स्थानकमां उतर्या. |
| ३ | **धोलेरा** | ०= | १०० | २ | १ | जू. नो. नं. ४५ काचो रस्तो. |
| ७ | कामा तलाव | | ० | ० | ० | सरकारी उतारामां उतर्या. ,, |
| १० | तरकपुर | | ० | ० | ० | जू. नो. नं. ४६ ,, |
| ३ | पानड | | ० | ० | ० | जू. नो. नं. ४७ ,, |
| ४ | आखोल (नवी) | | १ | ० | ० | जू. नो. नं. ४८ ,, |
| ८ | **खंभात** | ००= | ७०० | ५९ | | तीर्थ छे. जू. नो. नं. ४९ ,, |
| ४ | राळज | | ४ | १ | १ | धर्मशाला छे. ,, |
| ७ | धुवारण | | ० | ० | ० | जू. नो. नं. ५० ,, |
| ८ | **कार्वा** | | २ | २ | १ | तीर्थ छे. जू. नो. नं. ५१ ,, |
| ८ | कावली | | १ | १ | १ | दरबारी उतारामां उतर्या. काचो रस्तो. ,, |

| माइल. | गामनां नामो. | | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. | |
|---|---|---|---|---|---|---|---|
| ९ | जंबूसर | ००= | २९ | २ | २ | बीजां बे घरदेरासर छे श्रावको भक्तिवाला छे. काचो रस्तो. | |
| ६ | आमोद | ०००— | ८० | ३ | २ | धर्मशाला छे. | सडक |
| १० | समनी | ००— | १० | १ | १ | | ,, |
| ७ | देरोल | | ० | ० | ० | देवीना मकानमां उतर्या. | ,, |
| ७ | **भरुच** | ००= | ५० | ९ | ३ | तीर्थ छे. जू. नो. नं. ९२ | ,, |
| | भरुच—वेजलपोर | ००— | ८० | १ | १ | | ,, |
| | भरुच—कबीरपुरा | | १० | १ | १ | राधनपुरा जैन बोर्डींग छे. | ,, |
| ६ | मांडवा | | ४ | ० | ० | श्रावकनां घरमां उतर्या. काचो रस्तो. | |
| ८ | **झघडीया** | ०००— | ४ | १ | १ | तीर्थ छे. जू. नो. नं. ९३ | ,, |
| ५ | तलोदरा | | ४ | ० | ० | श्रावकना घरमां उतर्या. | ,, |
| ३ | लीमेट | | ५ | ० | ० | ,, ,, | ,, |
| २ | वालीया * | | ४ | ० | ० | | ,, |
| ४ | डुंगरी * | | २ | ० | ० | | ,, |
| ३ | मांगरोळ | | १९ | ० | ० | जू. नो. नं. ९४ | ,, |
| { १० | तडकेश्वर | | १९ | १ | १ | | ,, |
| { १० | कठोर | | ३० | २ | २ | | ,, |
| | मांगरोळथी | | | | | | |
| ६ | सीमोदरा * | | ४ | ० | ० | | ,, |
| १० | करंज * | | ५ | ० | ० | | ,, |
| ६ | कठोर | | ३० | २ | २ | | ,, |
| ५ | वराछा | | ३ | ० | ० | श्रावकना घरमां उतर्या. | |
| ३ | कतारगाम | | १ | २ | १ | धर्मशाला छे. | |
| २ | सुरत (गोपीपुरा) | ०= | | | | जू. नो. नं. ९५ | |
| २ | उधना | | ० | ० | ० | सग्रामपुरावाला छोटुभाइना मकानमां रात रह्या. | |
| ३ | भेसताण * | | २ | ० | ० | | |

| माइल. | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. | |
|---|---|---|---|---|---|---|
| २॥ | पालडी * | २ | ० | ० | | |
| ०॥ | सचीन * | २ | ० | ० | श्रावको भक्तिवाळा छे. | रेल्वे रस्ते. |
| ३ | मरोली * | २ | ० | ० | स्टेशन उपर श्रावकना जीन मां उतराय छे. | ,, |
| ६ | **नवसारी** ०००— | ९० | १ | २ | | ,, |
| | भेंसताणथी | | | | | |
| ३ | वांझ | १९ | १ | १ | जू. नो. नं. ९६ | काचो रस्तो. |
| ५ | डाभेल | १९ | १ | ० | जू. नो. नं. ९७ | ,, |
| ७ | **नवसारी** ०००— | ९० | १ | २ | जू. नो. नं. ९८ | सडक. |
| | नवसारीथी कालीया- | | | | | ,, |
| | वाडी मा. १ | ३९ | १ | १ | | |
| | नवसारीथी जलाल- | | | | | |
| | पुर मा. २ * | ५० | १ | १ | | ,, |
| ६ | वेडछा * | ३ | ० | ० | स्टेशन उपर श्रावकना जीनमां उतराय छे. | रेल्वे सडक. |
| ४॥ | अमलसाड | १९ | १ | १ | उपाश्रय नानो होवाथी श्रावकोना घरमां उतर्या. | ,, |
| ३॥ | बीलीमोरा | ९९ | १ | १ | जैन लाइब्रेरी छे. | ,, |
| ६ | डुंगरी स्टेशन | २ | ० | ० | धर्मशाळामां उतराय छे. | |
| ९॥ | वलसाड ०००= | ५० | १ | २ | जू. नो. नं. ५९ | ,, |
| ८ | पारडी ०००— | ७ | १ | १ | | |
| ८ | बगवाडा ००— | १९ | १ | १ | | |
| ४ | वापी — | २० | १ | १ | | |
| ८ | सरिगाम ००० | ८ | ० | ० | घर देरासर छे.श्रावकना घरमां उतर्या. | |
| | बगवाडाथी | | | | | |
| ५ | दमण | १७ | १ | १ | जू. नो. नं. ६० | काचो रस्तो. |
| ८ | सरिगाम ००० | ८ | ० | ० | | ,, |

| माइल. | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | वि. ह. | |
|---|---|---|---|---|---|---|
| ८ | संजाण | ४ | ० | ० | जू. नो. नं. ६१ | |
| ४ | उंबरगाम रोड स्टेशन | ३ | ० | ० | जू. नो. नं. ६२ | रेल्वे सडक. |
| ६ | गोलवड | १२ | ० | ० | मारवाडी धनाराजाना बंगलामां उतर्या. | ,, |
| २॥ | चीकला | ३ | ० | ० | थोडी विश्रांति लीधी. | काचो रस्तो. |
| ९ | देणु — | २० | १ | १ | धर्मशाला छे. | ,, |
| २ | देणु स्टेशन | २ | ० | ० | धर्मशालामां रात रह्या. | |
| ८ | वानगाम | ० | ० | ० | जू. नो. नं. ६३ | रेल्वे सडक. |
| ९॥ | बोइसर | ० | ० | ० | स्टेशन उपर धर्मशाळामां रात रह्या. | ,, |
| ७ | पालघर | २ | ० | ० | जू. नो. नं. ६४ | |
| ९ | केरवा | ० | ० | ० | जू. नो. नं. ६५ | ,, |
| ४ | सोफाला | १ | ० | ० | स्टेशन सामेनी धर्मशालामां उतर्या. | ,, |
| ४ | देहिसर | ० | ० | ० | जू. नो. नं. ६६ | |
| ९॥ | वीरार | १ | ० | ० | जू. नो. नं. ६७ | ,, |
| ९ | वसइरोड | ० | ० | ० | जू. नो. नं. ६८ | ,, |
| ६ | भइंदर | ८ | १ | १ | जू. नो नं. ६९ | ,, |
| ९॥ | बरोली | १० | ० | ० | जू. नो. नं. ७० | ,, |
| ४ | मलाड | १५ | १ | १ | जू. नो. नं. ७१ | पाकी सडक. |
| ४ | अंधेरी | २० | १ | १ | जू. नो. नं. ७२ | ,, |
| २ | वीलेपारले | १५ | १ | ० | जू. नो. नं. ७३ | ,, |
| १॥ | शांटाक्रुझ | २० | ० | ० | जू. नो. नं. ७४ | ,, |
| २ | वांदरा | २५ | १ | १ | जू. नो. नं. ७५ | ,, |
| १ | माहिम | ८० | १ | १ | जू. नो. नं ७६ | ,, |
| १॥ | दादर | १०० | १ | १ | जू. नो. नं. ७७ | ,, |
| ३॥ | भायखाला | २५ | १ | १ | जू. नो. नं. ७८ | ,, |
| १॥ | मुंबइ—पायधुनी | ७५०० | ९ | ३ | जू. नो. नं. ७९ | ,, |
| | पायधुनीथी कोलाबा मा. २॥ | २५ | १ | ० | | ,, |

| माइल. | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | | वि. ह. |
|---|---|---|---|---|---|---|
| | पायधुनीथी कोट मा.१॥ | ३०० | १ | १ | जू. नो. नं. ८० | पाकी सडक. |
| | ,, थी वालकेश्वर मा.२॥ | २० | ३ | १ | जू. नो. नं. ८१ | ,, |
| | ,, थी मांडवी बंदर मा. ०॥ | ९००० | २ | २ | जू. नो. नं. ८२ | ,, |

---

## श्रीमुंबइथी ठाणा, शाहापुर, नाशिक, मालेगाम, धुलीया, शिरपुर, मांडवगढ, इंदोर, देवास, मक्षीजी, गुणा, सीपरी, लश्कर थइने आगरा सुधीना विहारनी यादी—( संवत् १९७७-१९७८ )

( मुंबईथी आग्रा सुधीनी आग्रारोड अथवा ग्रांटरोड नामनी मोटी अने चालु सडक छे ते रस्तो लीधो )

| माइल. | गामनां नामो. | | श्रावकनां घर. | देरासर. | उपाश्रय. | जील्लो. | माइल नंबर. | विशेष हकीकत. |
|---|---|---|---|---|---|---|---|---|
| | मुंबइ—पायधुनी | | — | — | — | मुंबई | चर्च रस्ता थी शरु. | जू. नो. नं. ७९ |
| १॥ | भायखाला | | २९ | १ | १ | ,, | ३ | जू. नो. नं. ७८ |
| ३॥ | दादर | | १०० | १ | १ | ,, | ७ | जू. नो. नं. ७७ |
| ३ | कुरला नवा | | २० | १ | १ | ठाणा | १० | जू. नो. नं. ८३ |
| ३ | घाटकोपर | — | १०० गु.क. | १ | १ | ,, | १३ | जू. नो. नं. ८४ |
| ५॥ | भांडुप | * | १५गु.क. | १ | १ | ,, | १८—४ | जू. नो. नं. ८५ |
| २॥ | मुलुंड | | १३क.गु. | ० | ० | ,, | २०थी | जू. नो. नं. ८६ |
| ३ | ठाणा | | ४० मा. | १ | १ | ,, | २३ | जू. नो. नं ८७ |
| १० | भीमडी | | ३० मा. | १ | १ | ,, | ३३ | जू. नो. नं. ८८ |
| ९ | पडघा | | ० | ० | ० | ,, | ४२ | ब्राह्मणना घरमां उतर्या. |
| २ | डोळा | | ० | ० | ० | ,, | ४४ | जू. नो. नं. ८९ |
| ८॥ | आसनगांव | | २ गु. | ० | ० | ,, | ५२—४ | |

| माइल. | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | जील्लो | मा. नं. | वि. ह. |
|---|---|---|---|---|---|---|---|
| १॥ | **शाहापुर** ०० | ३० | गु. १ | १ | ठाणा | ५४ | जू. नो. नं. ९० |
| ४ | अटगांव | १ | गु. ० | ० | ,, | ५८ | जू. नो. नं. ९१ |
| ७॥। | खरडी ००० | ४ | गु. ० | ० | ,, | ६५—२थी | जू. नो. नं. ९२ |
| ८॥। | कसारा | ५ | गु. ० | ० | ,, | ७४—२ | पानाचंद् चेलाना मकानमां उतर्या. |
| ५॥ | चोकी (दस्तुरनी) | ० | ० | ० | ,, | ७९—६ | जू. नो. नं. ९३ |
| ६ | इगतपुरी | ० | ० | ० | नाशिक | ८५—६ | जू. नो. नं. ९४ |
| ४॥। | घोटी | ६गु.मा. | ० | ० | ,, | ९०—४ | जू. नो. नं. ९५ |
| ⎧ ५ | कावनाइ | ८गु.मा. | १ | ० | ,, | ९२—२थी | जू. नो. नं. ९६ |
| ⎪ ३ | मुकणा * | ० | ० | ० | ,, | ० | जू. नो. नं. ९७ |
| ⎨ ४ | वाडीवरा | ० | ० | ० | ,, | १०१—१थी | जू. नो. नं. ९८ |
| ⎪ ५। | वील्होळी | ० | ० | ० | ,, | १०६—६ | जू. नो. नं ९९ |
| ⎩ ७॥ | **नाशिक** ०००— घोटीथी | १५गु.मा. | २ | १ | ,, | ११२ थी | जू. नो. नं. १०० |
| ९ | गोंदा * | ० | ० | ० | ,, | ९९ थी | जू. नो. नं. १०१ |
| १२ | **भगुरकेंप(देवलाली)** | ० | ० | ० | ,, | ० | जू. नो. नं. १०२ |
| ८ | **नाशिक** ०००— | १५गु.मा. | २ | १ | ,, | ११२ थी | जू. नो. नं. १०० |
| ५॥ | आडगांव | ० | ० | ० | ,, | १२०—२ | जू नो. नं १०३ |
| ६ | ओझार * | ० | ० | ० | ,, | १२६—२ | मेश्री वाणीयानां ९ घरछे. |
| ७ | पिंपळगांवबसवंत०००— | ८गु. | १ | १ | ,, | १३३—२ | जू. नो नं. १०४ |
| ११ | वडालीभोइ | ० | ० | ० | ,, | १४४—२ | जू. नो. नं. १०५ |
| ९॥। | चांदवड ०००— | ६मा.गु. | १ | १ | ,, | १५३—४थी | जू. नो. नं. १०६ |
| ११ | उंबराणे | ० | ० | ० | ,, | १६४—४थी | जू. नो. नं. १०७ |
| ४ | संदाणे | ० | ० | ० | ,, | १६८—६ | जू. नो. नं. १०८ |
| ५॥ | मुंगसे | ० | ० | ० | ,, | १७४—२ | चावडीमां उतर्या |
| ६ | **मालेगांव**०००— | २६गु.मा | १ | १ | ,, | १७९-५ | जू. नो. नं. १०९. |
| ८ | चिखलवहाल | ० | ० | ० | ,, | १८८-२ | सडक उपर सरकारी बंगलामां उतया. |

| माइल. | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | जील्लो. | मा. नं. | वि. ह. |
|---|---|---|---|---|---|---|---|
| ४॥ | झोडगे | ० | ० | ० | नाशिक | १९२-६ | सरकारी लोकलबोर्ड बंगलानामां रात रह्या. |
| ५ | पुर * | ० | ० | ० | प०खानदेश (धुलीया) | १९७-६ | मारवाडी ओशवालोनी ६ दुकानो छे. |
| १॥। | आरवी * | ० | ० | ० | ,, | १९९-४ | ,, ,, ,, |
| ५॥। | ललींग | ० | ० | ० | ,, | २०५-२ | सरकारी चावडीमां उतर्या. जूनो कील्लो छे. |
| ६। | धुलीया०= | ६५ क.मा.गु. | १ | २ | ,, | २११-४ | जू. नो. नं. ११० |
| ५ | नगांव | ० | ० | ० | ,, | २१६-४ | सरकारीचावडीमां उतर्या |
| ८ | सोनगिर | ० | ० | ० | ,, | २२४-५थी | जू. नो. नं. १११ |
| ८। | नरडाणे | १ | ० | ० | ,, | २३२-५ | जू. नो. नं. ११२ |
| ५ | दबासी | ० | ० | ० | ,, | २३७-६ | मार. ओश. नी ४ दुकानो छे. सरकारी चावडीमां उतर्या. |
| १॥। | सावळदे * | ० | ० | ० | ,, | २३९-२ | जू. नो. नं. ११३ |
| ४॥ | शिरपुरवाघारी००= | २५गु.क. | २ | १ | ,, | २३९-४थी | जू. नो. नं. ११४ |
| ४॥ | दहिवद | १ | ० | ० | ,, | २४६-४ | जू. नो. नं. ११५ |
| ७ | हाडाखेड | ० | ० | ० | ,, | २५३-४ | जू. नो. नं. ११६ |
| ४। | सांगवी | ० | ० | ० | ,, | २५७-६ | थाणा पासे धर्मशालामां रात रह्या. |
| ४॥। | पलासनेर * | ० | ० | ० | ,, | २६२-४ | जू. नो. नं. ११७ |
| ४। | बोरघाट | ० | ० | ० | इंदोरस्टेट ता. सिंधवा | १०२-२ | जू. नो. नं. ११८ |
| ०॥ | जमनीया | ० | ० | ० | ,, | १०१-६ | जू. नो. नं. ११९ |
| २॥ | गवाडी | ० | ० | ० | ,, | ९९-२ | वड नीचे पडावमां उतर्या |
| ५ | सिंधवा | २का. | ० | ० | ,, | ९४-२ | जू. नो. नं. १२० |
| १०॥ | बालसमंद | ० | ० | ० | ,, | ८३-६ | धर्मशाळा तथा तेलीना मकानमां उतर्या. |

| माइल, | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | जील्लो. | मा. नं. | वि. ह. |
|---|---|---|---|---|---|---|---|
| ९ | जलवाणीया * | ० | ० | ० | बढवाणीस्टेट | ७८-६ | आंहींथी कुकशीनी पाकी सडक छे. |
| ९ | डेब | ० | ० | ० | ,, | ७३-६ | जू. नो. नं. १२१ |
| ९ | खुरमपुर | १ गु. | ० | ० | इंदोरस्टेट | ६४-९ | जू. नो. नं. १२२ |
| ९ | लींबरनी | ० | ० | ० | धारस्टेट | ५५-९ | जू. नो. नं. १२३ |
| २॥ | खलघाट | ० | ० | ० | ,, | ५३-२ | जू. नो. नं. १२४ |
| ५ | धमनुंड | ० | ० | ० | ,, | ४८-२ | स्कूलमां उतर्या. दिगं. नुं १ घर छे. |
| ८। | गुजरी | ० | ० | ० | ,, | ४० | जू. नो. नं. १२५ |
| १० | मांडवगढ | ० | १ | १ | ,, | | जू. नो. नं. १२७ |
| १० | गुजरी | ० | ० | ० | ,, | ४० | |
| ६॥। | ढाल | ० | ० | ० | इंदोरस्टेट | ३३-२ | डाक बंगलामां उतर्या. |
| ६। | मानपुर | १मा. | १ | १ | गवर्नमेंटमालवा | २७ | जू. नो. नं. १२७ |
| ४॥ | कवाली | ० | ० | ० | इंदोरस्टेट | २२-३ | गल्लेदारनामकानमांउतर्या |
| ९ | पलासी * | ० | ० | ० | ,, | १७-३ | सडकथी०॥माईलदूरछे. |
| ४ | महुनी छावणी | ४का.मा. | २ | ० | गवर्नमेंटमालवा | १४-४थी | जू. नो. नं. १२८ |
| ६॥ | राव | २मा. | ० | ० | इंदोरस्टेट | ७ | जू. नो. नं. १२९ |
| ७ | इंदोर सीटी | ००=१५० | ५ | २ | ,, | ४-३थी | जू. नो. नं. १३० |
| ८। | तल्लावली * | ० | ० | ० | ,, | ६-५ | |
| १॥ | मांगल्या | ० | ० | ० | ,, | ८-१ | जू. नो. नं. १३१ |
| ७ | छीपरार * | ० | ० | ० | ,, | १५ | नदीने सामे कांठे पुल पासे धर्मशाला छे. |
| ७। | देवास | १० | १ | १ | देवासस्टेट | २१-२थी | जू. नो. नं १३२ |
| ६। | सीया * | ५ | १ | | ,, | २८ | |
| ५॥ | टोंक | ० | ० | ० | ग्वालियर स्टेट जी. उज्जैन | ३३-५ | डाक बंगला तथा झाड नीचे पडावमां उतर्या. |
| ४॥। | पीपल्या * | ० | ० | ० | ,, | ३८-३ | |

| माइल. | गामनां नामो. | श्रा घर. | देरा. | उपा. | जील्लो. | मा. नं. | वि. इ. |
|---|---|---|---|---|---|---|---|
| २ | आलरी * | ० | ० | ० | ,, | ४०-४ | |
| ३॥ | मक्षीजी | २० | १ | ० | ,, | ४३-५ | तीर्थ छे. जू.नो.नं.१३३ |
| १० | नेनावद * | ० | ० | ० | इंदोरस्टेट | ५३-३ | |
| ९॥। | शाजापुर | ३० | १ | १ | ग्वालियरस्टेट जी. उज्जैन | ५८-२थी | जू. नो. नं. १३४ |
| ७ | सोनेरा * | ० | ० | ० | ,, | ६४-६ | |
| ३॥। | पनवाडी * | ० | ० | ० | ,, | ६८-३ | |
| ७ | सारंगपुर | ७ | १ | १ | देवासस्टेट | ७४-५थी | ज. नो. नं. १३५ |
| ७॥। | (छोटी)मउ * | ० | ० | ० | ,, | ८१-७ | |
| ५ | उदनखेडी | ० | ० | ० | ,, | ८६-७ | ज. नो. नं. १३६ |
| ७। | पचोर * | ० | ० | ० | नरसिंगगढ स्टेट | ९४-२ | आंहीथी शुजालपुरनी पाकी सडक छे. |
| ८। | करणवास | ० | ० | ० | ,, | १०२-३ | सडक उपर सराइमां उतर्या. सडकथी गाम बे फर्लांग दूर छे. |
| १० | ब्यावरा | ६ | १ | १ | राजगढस्टेट | ११२-४ | जू. नो. नं. १३७ |
| १०॥। | घोडापछाड * | ० | ० | ० | ग्वालियरस्टेट जी. इसागढ | १२३-२ | जू. नो. नं. १३८ |
| ४ | कोटडा | २ | ० | ० | ,, | २४९-४ | जू. नो. नं. १३९ |
| १। | कीरवाळा * | २ | ० | ० | ,, | २४८-१ | |
| ०॥। | पेंची | ७ | ० | ० | ,, | २४७-४ | जू. नो. नं. १४० |
| ४ | बीनागंज | २ | ० | ० | ,, | २४३-४ | जू. नो. नं. १४१ |
| ८ | चोकी * | ० | ० | ० | ,, | २३५-४ | |
| ४॥। | पार्वती | ० | ० | ० | ,, | २३०-६ | जू. नो. नं. १४२ |
| १३॥। | रुटीआइ | ० | ० | ० | ,, | २१७ | जू. नो. नं. १४३ |
| ४॥ | चोकी * | ० | ० | ० | ,, | २१२-४ | गाम नथी. |
| ८ | गुणासीटी= | ० | ० | ० | ,, | २०४-४ | जू. नो. नं. १४४ |
| ११॥। | भदोरा | ० | ० | ० | ,, | १९२-६ | डाक बंगलामां उतर्या. |

| माइल. | गामनां नामो. | श्रा. घर. | देरा. | उपा. | जील्लो. | मा. नं. | वि. ह. |
|---|---|---|---|---|---|---|---|
| ५। | म्याना | ० | ० | ० | ,, | १८७-३ | जू. नो. नं. १४५ |
| १॥। | (खजुरीनी) चोकी | ० | ० | ० | ,, | १८५-५ | कुवा पासे पडावमां रात रह्या. |
| ७॥। | समेला * | ० | ० | ० | ग्वालियरस्टेट जी. सीपरी | १७८ | |
| २ | बदरवास | ० | ० | ० | ,, | १७६ | जू. नो. नं. १४६ |
| ९। | लकवास * | ० | ० | ० | ,, | १६६-६ | दिगंबरीना ५—७ घरछे. |
| २। | देहरदा * | ० | ० | ० | ,, | १६४-४ | आंहीथी इसागढ थइ पचारनी पाकी सडक छे. |
| ६॥ | कोलारस | ० | ० | ० | ,, | १५८-६थी | जू. नो. नं. १४७ |
| ६॥। | सेसइथी * | ० | ० | ० | ,, | १५१-४ | जू. नो. नं. १४८ |
| ८ | सीपरी(शिवपुरी) | ०० | =२० | १ | २ ,, | १४३-६थी | जू. नो. नं. १४९,१७६ |
| ५॥ | सुराखोह * | ० | ० | ० | ,, | १३७-६थी | जू. नो. नं. १५० |
| ४॥ | सतनवाडा | ० | ० | ० | ,, | १३३-२ | जू. नो. नं. १५१ |
| ८॥। | गाळाघाट | ० | ० | ० | ,, | १२४-५ | ग्वालीयर स्टेटनो खास बंगलो तथा चोकी छे गाम नथी. |
| ४। | नोरपुरा | ० | ० | ० | ,, | १२०-२ | जू. नो. नं. १५२ |
| ६। | भानगढ स्टेशन * | ० | ० | ० | ,, | ११३-७ | आंहीथी गाम ०॥ माईल दूर छे. |
| ५ | मोहना | ० | ० | ० | ,, | १०८-६ | जू. नो. नं. १५३ |
| ७॥ | रंट-सराइ | ० | ० | ० | ग्वालीयरस्टेट जी. लश्कर | १०१-१ | जू. नो. नं. १५४ |
| ८। | घाटीगांव | ० | ० | ० | ,, | ९२-६ | डाक बंगलामां उतर्या. स्टेशन छे. |
| ७ | पनीआर * | ० | ० | ० | ,, | ८५-५ | स्टेशन छे. |
| २॥ | नयागांव | ० | ० | ० | ,, | ८३ | डाक बंगलामां उतर्या. मा. नं ८०-४ बेलाकी बावडी नामनुं स्टेशन छे. |

| माइल. | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | जील्लो. | मा. नं. | वि. ह. |
|---|---|---|---|---|---|---|---|
| ९। | लश्कर(सराफा)००= | १०० | २ | ३ | ,, | ७४-४थी | जू. नो नं. १९९ |
| | सराफाथी ग्वालियर मा.३ | ० | २ | १ | ,, | | जू. नो. नं १९६ |
| | ,, मुरार मा. ५ | २ | १ | १ | ,, | | जू. नो. नं. १९७ |
| | ,, ग्वालीयर स्टेशन मा.३ | ० | ० | ० | ,, | | जू. नो. नं. १९८ |
| ५ | पुराणी छावणी | ० | ० | ० | ,, | ६९-६ | जू. नो. नं. १९९ |
| ९॥। | वामोर | ० | ० | ० | ,, | ६४ | जू. नो. नं. १६० |
| ५ | नुराबाद | ० | ० | ० | ,, | ५९ | जू. नो. नं. १६१ |
| ९। | छोंदा | ० | ० | ० | ,, | ५३-६ | सडक उपर पोलीस चोकीमां उतर्या. |
| ३ | जोरा | ० | ० | ० | ,, | ५०-६ | जू. नो. नं. १६२ |
| ३॥। | देवरी | ० | ० | ० | ,, | ४७ | एक अग्रवाल भक्त छे. |
| ४ | बंधा * | ० | ० | ० | ,, | ४३ | |
| ४॥। | भानपुर | ० | ० | ० | ,, | ३८-२ | जू. नो. नं. १६३ |
| ३ | धोलपुर | ० | ० | ० | धौलपुरस्टेट | ३६-२थी | जू. नो. नं. १६४ |
| ८॥। | मनीआ | ० | ० | ० | | २६-४ | जू. नो. नं. १६५ |
| १२॥। | तेहराकाबाग | ० | ० | ० | आगरा | १३-६ | जू. नो. नं. १६६ |
| ४॥। | बाध | ० | ० | ० | ,, | ९ | जू. नो. नं. १६७ |
| ९ | आगरा फोर्ट००= | ९० | ९ | १ | ,, | ० | जू. नो. नं. १६८, १७०, २९४. |
| | बेलनगंज माइल १ | १० | १ | १ | ,, | | जू. नो. नं. १६९ |

---

### आगराथी मथुरा-वृन्दावन सुधीना विहारनी यादी.
### ( संवत् १९८० ) माइल ४२, पाकी सडक.

---

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | आगरा (बेलनगंज) | — | — | — | आगरा | ० | जू. नो. नं. १७०, १६८, १६९, २९४. |
| ५ | सिकंदरा | ० | ० | ० | ,, | ५-१ | जू. नो. नं. १७१ |

| माइल. | गामनां नामो. | श्रा.घर. | देरा. | उपा. | जील्लो. | मा. नं. | वि. ह. |
|---|---|---|---|---|---|---|---|
| ४॥। | रुणकटा | ० | ० | ० | आगरा | ९-७ | जू. नो. नं. १७२ |
| ४॥। | रेपरा * | ० | ० | ० | मथुरा | १४-१ | पल्लीवाल जैनोनां २ घरछे. स्टेशन छे. |
| ४॥। | फरा | ० | ० | ० | ,, | १९-४ | जू. नो. नं. १७३ |
| ४॥। | बरारी | ० | ० | ० | ,, | २४-२ | जमीदारना मंदिरमां तथा स्कूलमां उतर्या. |
| ३॥। | बाद * | ० | ० | ० | ,, | २८ | स्टेशन छे. |
| २॥ | नौरंगाबाद | ० | ० | ० | ,, | ३०-५ | सरकारी स्कूलमां उतर्या बजार छे. |
| ५॥ | मथुरा | ० | १ | ० | ,, | ३५थी | तीर्थ. जू. नो. नं. १७४ |
| ६ | वृन्दावन | १ | ० | ० | ,, | | जू. नो. नं. १७५ |

---

२६ राजकोट, काठीयावाडमां बीजा नंबरनुं स्टेट छे तथा सदर–छावणी सरकारी छे, त्यां काठीयावाडना ना. एजंट टु धी गवर्नर जनरल रहे छे. शहेर सारुं छे. देराशेरीमां देरासरजीना कंपाउंडमांज देरासर, उपाश्रय, व्याख्यानशाला, श्राविकानो उपाश्रय, धर्मशाला, जैन युवकमंडल तथा नानुं पुस्तकालय छे. स्थानकवासीनां लग० ८०० घर छे. राजकोटथी भावनगर सुधी सीद्धी सडक माइल १०७ छे. आटकोटथी राजकोट सुधी पाकी सडक छे. राजकोटथी जुनागढनी तथा ध्रोळ थइने जामनगरनी तथा वांकानेरनी सडको छे. राजकोटथी सीधा जामनगर जनारे पडधरी सुधी पाकी सडके अने पडधरीथी धुंवाव सुधी रेल्वेनी सडके जवुं.

२७ वडालमां-देरासर तथा उपाश्रय नवा तैयार थता हता. देरासरनी प्रतिष्ठा करवानी बाकी हती. उपाश्रयमां काम चालतुं हतुं तेथी श्रावकना घरमां उतर्या. पाछळथी प्रतिष्ठा थइ गइ छे.

२८ जूनागढ ए काठीयावाडमां पहेला नंबरनुं राज्य छे. शहेर सारुं छे. श्रीगीरनार महातीर्थनी तलाटी छे. बे धर्मशालाओ छे. यात्रालुओने सारी सगवड छे. बीजा बे त्रण उपाश्रय, जैनस्वयंसेवकमंडल, जैनपाठशाला, पुस्तकालय अने स्त्री उद्योग-शाला छे. तलाटीए पण धर्मशाला १ तथा देरासर १ छे. गिरनारनो पहाड घणो रमणीय तथा दर्शनीय छे.

२९ शापुरमां स्टेशननी धर्मशालामां उतर्या. वैष्णव वाणीयानां ४–५ घर छे.

३० माळीयामां सरकारी दवाखानामां उतर्या. स्थानकवासीनां ५–७ घर तथा स्थानक छे. वैष्णव दशाश्रीमाली वाणीयानां ५० घर छे. अहिं उपाश्रय बंधाववा माटे प्रबंध थयो छे.

३१ वेरावळमां आ सिवाय खरतर गच्छना उपाश्रयमां एक घरदेरासर छे अने बीजा नाना–मोटा उपाश्रयो, ज्ञानशाला, धर्मशाला, पुस्तकालय, स्त्री शीक्षणशाला अने जैन दवाखानुं विगेरे संस्थाओ छे.

३२ प्रभासपाटणमां ते सिवाय नाना–मोटा उपाश्रयो, ज्ञानशाला, धर्मशाला विगेरे छे. प्राचीन शहेर अने श्रीडोहला पार्श्वनाथजीनुं तीर्थ छे. हिंदुओनुं पण तीर्थ छे.

३३ मांगरोळ, नवपल्लव पार्श्वनाथजीनुं तीर्थ छे. मुख्य देरासर प्राचीन तथा मोटुं छे तेमां ऊपर नीचे थइने आठ देरां छे. अने बीजुं देरासर वंडीमां छे. बीजा नाना–मोटा उपाश्रय, ज्ञानशाला, धर्मशाला विगेरे छे. एक जुनो पुस्तकभंडार उपाश्रयमां छे.

३४ बरेज, बरेजा पार्श्वनाथजीनुं तीर्थ छे. धर्मशाला छे यात्रालुओने सगवड छे.

३५ लींबोडामां स्थानकवासीनां २० घर छे. स्थानकमां उतर्या. श्रावकोनो भक्तिभाव घणो सारो छे.

३६ धोराजीमां सर्वज्ञ महावीर जैन पुस्तकभंडार छे. गाम बहार श्रीविजयदयासूरिजीनी पादुकानी देरी छे. अहिंथी जुनागढ ल० १४ माइल थाय छे. पाकी सडक छे. धोराजीथी राजकोट सुधी पाकी सडक छे.

३७ पीठडीया नानो तालुको छे. त्यांना दरबार धर्मिष्ठ तथा साधु–संतो ऊपर भक्तिवाळा छे. दरबारी उतारामां उतर्या. स्थानकवासीनां २–३ घर छे.

३८ वीरपुर नानो तालुको छे. मानकेश्वर महादेवनी धर्मशाळामां उतर्या. सोनी तथा सोरठीया वाणीयानां २–३ घर छे,

३९ हडमतीयामां बीजुं एक जैनशालानुं मकान छे. स्थानकवासीनां घर ६ तथा स्थानक छे.

४० धुंवावमां धर्मशाळा छे. यात्रालुओने सगवड छे. स्थानकवासीनां घर तथा स्थानक छे. स्थानकमां उतर्या हता.

४१ जामनगर, काठीयावाडमां पहेला वर्गनुं राज्य छे. शहेर मोटुं छे. अहिंना मुख्य देरासरो घणां मोटां अने सिद्धाचळनी टुंक जेवां छे तेथी जामनगर तीर्थमां गणाय छे. यात्रा करवा लायक छे. देरासरो नव मोटां छे तथा त्रण घरदेरासरो छे. त्रण गच्छना चार उपाश्रयो मोटा छे. ते सिवाय नाना उपाश्रयो २, वंडा ४, ओसवाल जैन युनियन फ्री लायब्रेरी विगेरे छे. विशाश्रीमालीनी धर्मशाला मोटी हती ते दरबारे पडावी नांखी छे. पाछळथी ते जग्या दरबारे तेमने वेचाण आपवाथी त्यां पाछी मोटी धर्मशाला थइ छे. श्रावकोनी आटली वस्ती होवा छतां एक सारी जैन पाठशाळा पण नथी तो बीजी उपयोगी संस्थानी तो वातज शी ? हालमां जैन विद्यार्थी भुवन स्थापन थयुं छे.

४२ कराणामां दरबारी उतारामां उतर्या. सोरठीया विगेरे वाणीयानां २–३ घर छे. अहिंथी मोटी मारड थइने धोराजी सुधीनी पाकी सडक छे.

४३ मोरबी, काठीयावाडमां पहेला वर्गनुं राज्य छे. शहेर सारुं छे. गाममां बळद तथा पाडानी ट्राम चाले छे. उपाश्रय, व्याख्यानशाला, जैनशाला, श्राविकानो उपाश्रय, धर्मशाला, पुस्तकभंडार तथा पुस्तकालय विगेरे छे. एकज कंपाउंडमां बन्ने देरासरो छे. तेमां एक देरासरमां ऊपर नीचे थइने पांच गंभारा छे. स्थानकवासीनी वस्ती घणी वधारे छे. बन्ने फीरकामां संप सारो छे.

४४ वांकानेर ए काठीयावाडमां बीजा नंबरनुं राज्य छे. गाम सारुं छे. जैन पुस्तकालय छे. अहिंनी जैन संगीत मंडली वखणाय छे. अहिंथी राजकोट लग० २४ माइल थाय छे. पाकी सडक छे.

४५ धोलेरा गाम प्राचीन छे. मोटुं देरासर, उपाश्रय, श्राविकानो उपाश्रय, धर्मशाला, पाठशाला अने पुस्तकभंडार विगेरे एकज कंपाउंडमां अत्यंत विशाल जग्यामां छे.

४६ तरकपुरमां खेडुतना घरमां उतर्या. कामातलाव अने तरकपुर वच्चे साबरमती नदीनो तरकपुरनो आरो उतरवो पडे छे. आरो उतर्या पछी ल० एक माइले तरकपुर गाम आवे छे. अहिं खेडुत तळपदा कोळीओनांज घर छे. तरकपुरनो आरो विकट नथी, छठथी अग्यारस सुधी आरो उतरी शकाय छे. अथवा धोलेराथी आंबळी–पींपळी

थइ आरो उतरी मीटली थइ पानड अथवा आखोल आवी शकाय. ते रस्ते श्रावकोनां घर आवे छे पण ते रस्तो लांबो छे.

४७ पानडमां खोडीयार देवीना मकानमां उतर्या. कपोळ विगेरे वाणीयानां ४ घर छे आहार पाणी मले छे.

४८ नवि आखोलमां स्वामिनारायणना मंदिरमां उतर्या. श्राविका बहु भक्तिवाली छे. आहार पाणी मली शके छे.

४९ खंभात घणुं प्राचीन शहेर होवाथी तीर्थ गणाय छे. गाम सारुं छे नवाबनुं राज्य छे. स्तंभन पार्श्वनाथजीनुं देरासर विगेरे घणां तीर्थभूत देरासरो छे. मोटां देरासरो ५९ अने घरदेरासरो १९ छे. नाना मोटा उपाश्रयो तथा धर्मशालाओ घणी छे. तेमां जैनशाला तथा अंबालाल पानाचंदनी धर्मशाला मुख्य छे. लायब्रेरी, पाठशाला, कन्याशाला, स्त्रीउद्योगशाला, शेठ नगीनदास करमचंद हस्तकनो ताडपत्रनो प्राचीन पुस्तकभंडार, शेठ पोपटभाइ अमरचंद हस्तकनो संघनो भंडार, बीजा भंडारो विगेरे संस्थाओ छे.

५० धुवारणमां स्कूलमां उतर्या. अहिंथी कावी सिद्धा जवुं होय तो महीसागर उतरवा माटे ल० सात माइल नावमां बेसीने कावी जवाय छे. कावीना आराथी धर्मशाला एक माइल दूर छे. अथवा धुवारणथी नावमां बेसी आरो उतरी सामे कांठे सारोद गाममां जवुं, त्यां श्रावकनां बे घर छे त्यांथी कावी सात माइल थाय छे.

५१ कावी श्रीआदीश्वर भगवान्नुं प्राचीन तीर्थ छे. बन्ने देरासरो विशाल अने बहु मजबुत छे. धर्मशाला छे यात्रालुओने सगवड छे. खंभातथीज नावमां बेसीने कावी आववामां भय जेवुं छे; कारण के समुद्रमां नदीनो संगम थाय छे त्यां थइने आववानुं होवाथी चकरावामां पडवानो भय रहे छे.

५२ भरुच प्राचीन शहेर होवाथी तीर्थ गणाय छे. श्रीमुनिसुव्रतस्वामिनुं तीर्थ छे. शहेर मोटुं अने गवर्नमेंट राज्य छे. मुख्य नव देरासरो अने बीजां बे घरदेरासरो छे. धर्मशाला, पुस्तकालय विगेरे छे. शेठ अनुपचंद मलुकचंदनुं घरदेरासर रमणीय छे. पांजरापोळ मोटी छे, तेमां शत्रुंजय–गिरनारनो पट तथा दादाजीनां अने श्रीमान् हीरविजयजी सूरीश्वरजीनां पगलांनी देरीओ ४ छे.

५३ झघडीया श्रीआदीश्वर भगवान्नुं तीर्थ छे. देरासर भव्य छे. धर्मशाला बन्ने सारी छे. यात्रालुओने सगवड छे. पुस्तकालय छे.

५४ मांगरोल ( जी. सूरत ) मां श्रावकना घरमां उतर्या. घर देरासरमां धातुनी पंचतीर्थी छे. देरासर तथा उपाश्रय बन्ने नवां थाय छे.

५५ सूरत मोटुं शहेर छे. श्रावकोनां घर आ० ८०० थी १०००, मोटां देरासरो आ० ५०, घरदेरासरो आ० ७५, नाना मोटा उपाश्रयो तथा धर्मशालाओ घणी छे, तेमां नेमुभाइनी वाडी, वडा चौटानो उपाश्रय, गोपीपुरा जैनधर्मशाळा अने देवचंद लालभाइ जैनधर्मशाला विगेरे मुख्य छे. शेठ दे० ला० जैनपुस्तकोद्धारखातुं, आगमोदय समितिनी ओफीस, मोहनलालजी जैनपुस्तकभंडार, जैनआनंदमंदिर, विगेरे पुस्तकोद्धारनां खातांओ, भंडारो अने पुस्तकालयो छे. वडाचौटा जैनबोर्डींग, रतनसागरजी जैनपाठशाला अने बोर्डींग अने जैनवनिताविश्राम विगेरे संस्थाओ छे. अहिं संघ तरफथी १ भोजनशाला मोटा पाया ऊपर चाले छे तेमां खर्च घणो थाय छे पण व्यवस्था बराबर नथी.

५६ वांझमां उपाश्रय निरुपयोगी होवाथी भाडे आपेल छे, पटेलना मकानमां उतर्या.

५७ डाभेलमां श्रावकोना घरमां उतर्या. वांझथी डाभेल आवतां रस्तामां एक नानी, पण ऊंडी नदी आवे छे. नावमां बेसीने उतरवुं पडे छे. कीचड खुंदवो पडे छे. माटे सचीन थइने रेल्वेनी सडके नवसारी जवुं सारुं छे. परंतु वांझ अने डाभेलना श्रावकोने पण लाभ आपवो जरुरी छे.

५८ नवसारी गाम मोटुं छे. देरासर, बन्ने उपाश्रयो, धर्मशाला अने पुस्तकालय विगेरे एक विशाल कंपाउंडनी अंदरज छे.

५९ वलसाड, सूरत जील्लानो तालुको छे, गाम सारुं छे. वलसाड जैनहितवर्धकमंडल, जैनलाइब्रेरी अने जैनपाठशाला विगेरे छे.

६० दमणमां फिरंगीनुं राज्य छे. जुनुं दमण अने नवुं दमण एम बे विभागथी वहचायेलुं छे. बन्नेनी वच्चे समुद्रनी नानी खाडी आवेली छे, नावथी उतरीने जवाय छे. नवा दमणमां सरकारी महेलो, कोर्ट-कचेरी विगेरे छे. श्रावकोनां घर, देरासर, उपाश्रय, जैनधर्मशाला अने जैनलाइब्रेरी विगेरे जुना दमणमां छे. गामना झापामांज मोटो समुद्र होवाथी गाम रमणीय लागे छे.

६१ संजाणमां मोढ वाणीयानी धर्मशालामां उतर्या. अहिंथी सोळसंभा, बोरडीने रस्तेथी गोलवड जवाय छे, ते रस्ते श्रावकोनां घर आवे छे पण खाडीओ उतरवी पडे छे, माटे रेलनी सडके थइने जवुं सारुं छे.

६२ संजाणथी सिधा उंबरगाम जतां खाडी उतरवी पडे छे माटे संजाणथी रेल्वेनी सडके थइ उंबरगाम स्टेशने आवी श्रावक पोपटलालना घरे रात रह्या.

६३ वानगाम स्टेशनथी मुंबइना रस्ता तरफ एक माइल छेटे शेठ पुरुषोत्तमदास लालदासना बंगलामां उतर्या.

६४ पालघरमां श्रावकनां बन्ने घर सामान्य छे. स्टेशनथी ०॥ माइल दूर रावबहादुर विष्णु वामन दांडेकरना बंगलामां उतर्या.

६५ केरवा स्टेशन ऊपरज रात रह्या. थोडा साधुओ स्टेशनथी ०॥ माइल दूर रामुजी ब्राह्मणना मकानमां रात रह्या. स्टेशनथी १ माइल दूर जांजोली गाम छे त्यां मारवाडीनी बे दुकानो छे.

६६ देहिसरना स्टेशन ऊपरज रात रह्या. स्टेशन चालु नथी पण मास्तर तथा नोकरो रहे छे. स्टेशननी चारे तरफ खूब झाडी–जंगल छे. सोफाला अने देहिसर वच्चे ३ फर्लांग अने १॥ फर्लांग लांबा अनुक्रमे बे पुलो आवे छे पुलो उतर्या पछी तुरतज देहिसरनुं स्टेशन आवे छे. त्यां सूइ रहेवानी जग्या मळी शके छे. देहिसरथी ल. १ माईल दूर कजराली गाम छे त्यां मारवाडीनो बे दुकानो छे त्यांथी डुंगरमां थइने ४ माइले विरार स्टेशन आवे छे.

६७ वीरार स्टेशन ऊपर मनोरभाई भावनगरीनी दुकान छे त्यां जरा वार विश्रांति लीधी. वीरार स्टेशनथी पाकी सडके ३॥ माइल अगासी तीर्थ छे त्यां श्रावकनां घरो, देरासर, धर्मशाला विगेरे छे. यात्राळुओने सारी सगवड छे.

६८ वसइरोड स्टेशननी सामेज शेठ प्रेमचंद रायचंदनी बंधावेली अने सरकारी कबजावाळी जबरदस्त धर्मशाला छे तेमां उतर्या. अहिंथी ल. ६ माइले वसइ गाम छे. त्यां श्रावकोनां घर विगेरे छे.

६९ भइंदरमां उपाश्रयना एक ओरडामां घरदेरासर राखेलुं छे तेमां धातुनी बे प्रतिमाजी छे. वसइरोड अने भइंदर वच्चे पहेलो त्रण फर्लांग अने बीजो एक माइल लांबो, एम बे पुलो आवे छे. आटलामां समुद्रनी नानी मोटी खाडीओ आव्या करे छे तेना ऊपर रेल्वे सडके पुलो आवे छे ल. १००–१५० कदमथी मोटा पुलो ऊपर रेल्वे लाइननी बाजुमां ल. एक हाथनी पहोळाइमां पतरां नांखेला होय छे अने पडखे उंचो कठोडो होय छे तेथी तेना ऊपर बराबर ध्यान राखीने सुख पूर्वक चाली शकाय छे. आ पुलो ऊपरथी चालवा माटे, मुंबइथी सरकारी पास

मेळववानी जरुर पडे छे. मोटा पुलनी मध्यमां जइ चारे तरफ नजर करतां समुद्रनी मनोहरता मनने आनंद पमाडे छे.

७० बरोली स्टेशनथी ल. १ माइल दूर मुंबईनी सडक ऊपर कच्छी श्रावकना बंगलामां विश्रांति लीधी. बरोलीथी छ माइल दूर कनेरीनी १०१ गुफाओ जोवा लायक छे.

७१ मलाडमां पहेली वखते शेठ देवकरण मूळजीना जुना बंगलामां उतर्या. तेज बंगलामां तेमणे बंधावेल देरासर तथा उपाश्रय छे. पाछळथी ते बंगलो तेमणे वेची नांखी बीजो नवो बंगलो लीधो छे. देरासर पण त्यांथी वधावी लइने स्टेशन ऊपर नवुं कराव्युं छे. बीजी वखते ते नवा बंगलामां उतर्या हता ते सिवाय बीजुं एक घरदेरासर शा. चुनीलाल न्यालचंदना बंगलामां छे मलाडना हवा—पाणी वखणाय छे.

७२ अंधेरी, गाम ठीक छे, अहिं उपाश्रयनी जोडेज देरासरमां धातुनी बे मूर्तिओ छे. उपाश्रयनी आसपास मारवाडी तथा कच्छी श्रावकनां घर छे. उपाश्रय नानो होवाथी उपाश्रयनी पासेज मारवाडी श्रावकना बंगलामां उतर्या. अहिंथी ०॥ माइल दूर मुंबइनी सडक ऊपरज माउंट प्लेझंट नामनी टेकरी छे, तेना ऊपर पटणी झवेरी भोगीलाल लहेरचंद अने झवेरी मोहनलाल हेमचंदना बंगला छे, बन्ने बंगलामां उतर्या हता. त्यांथी ०॥ मा० दूर मुंबईनी सडक ऊपरज शेठ सेवंतिलाल नगीनदास करमचंद विगेरे पटणीना जोडाजोड चार बंगला छे, तेमां शेठ से० न० क० ना बंगलामां घरदेरासर छे. शेठ न० क० तथा शेठ मणीलाल प्रेमचंदना बंगलामां उतर्या. अंधेरीथी घाटकोपरनी सीधी सडक ( माइल ९॥ ) छे.

७३ अंधेरीथी ल. बे माइल अने से० न० क०ना बंगलाथी ल. १ माइल जवाथी मुंबइनी सडकथी वीलेपारले गाममां जवानी पाकी सडक नीकळे छे. त्यांथी ल. २ फर्लांगे वीलेपारलेनुं देरासर आवे छे. त्यांथी पाछा तेज रस्ते आवी मुंबईनी सडके चडवुं. वीलेपारलेमां स्टेशनरोड ऊपर आवेला मेसाणावाळा शेठ रामचंद हरगोविंद तथा शेठ डाह्याभाई घेलाभाईना बंगलामां उतर्या. वीलेपारलेमां संवत् १९७६ ना अषाड सुदि २ ने दिवसे श्रीवीरतत्त्वप्रकाशकमंडळनुं उद्घाटन शास्त्रविशारद जैनाचार्य श्रीमान् विजयधर्मसूरीश्वरजी महाराजना उपदेशथी थयुं हतुं. जो के आ संस्थानी मुख्य स्थापना तो मुंबईमां १९७५ ना आसो वदि १३ ना दिवसे थई हती। संस्थाने प्रारंभमां छ मास सुधी शेठ गोविंदजीभाई रुगनाथे पोतानुं मकान रहेवा माटे आप्युं हतुं. पाछळथी आ संस्थाने शिवपुरी (ग्वालियर स्टेट) लइ जवामां आवी छे.

अहिं श्रावकोनां घर ल. १५ छे हजु घर वधतां जाय छे. देरासरनी आसपास मांसाहारीनी वस्ती छे तेथी देरासरने सारी जग्याए लइ जवानी खास जरुर छे. धर्मशाला के उपाश्रय नथी, ते त्यांना मोटा मोटा धनाढय अने बंगलावाला जैन सद्गृहस्थोने शरमावे छे. वीलेपारलेना हवा-पाणी वखणाय छे.

७४ शांटाक्रुझमां भावनगरवाला शेठ नरोतमदास भाणजीना बंगलामां घरदेरासर छे. तेमना बंगलामां, जामनगरवाला शेठ केशवजी माणेकचंदना बंगलामां अने शेठ विठ्ठलजी जेठाभाईना बंगलामां उतर्या हता. अहिंथी जुना कुरला ३ माइल अने घाटकोपर ४॥ माइल थाय छे. पाकी सडक नवी थइ छे.

७५ वांद्रामां देरासरनी आसपासमां मारवाडी तथा कच्छी श्रावकोनां घर छे. श्रावको भक्तिवाला छे. धर्मशाला माटे एक मोटुं मकान देरासरनी जोडेज लीधेलुं छे, पण ते भाडे आपेलुं हतुं अने उपाश्रय नानो छे, तेथी मारवाडी श्रावक रायचंदजीना मकानमां उतर्या. वांद्रामां मोटुं कसाइखानुं होवाथी केटलाक मुनिराजो तथा श्रावको वांद्रा गाममां जता नथी, परंतु वांद्रानुं देरासर बजारना मध्यचोकमां छे अने कसाइखानुं तो स्टेशननी पेली तरफ छे एटले वांद्रामां दर्शन करवा जवामां कोइ जातनी हरकत नथी. परभार्या सिधी सडके चाल्या जवा करतां गाममां थइने जवानो रस्तो वधारे अनुकुल छे.

७६ वांद्रानी खाडीनो पुल उतर्या पछी तुरतज माहीम आवे छे, अहिंथी कोलाबा सुधी मुंबई गणाय छे. माहीममां देरासरनी आसपासमां लगभग २०-२५ मारवाडी श्रावकोनां घर छे बाकीनां घर जुदा जुदा लतामां छेटां छे. माहीममां दरीया कांठो बहुज नजीक छे. जुनी धर्मशाला रस्ता उपर हती ते पडी गइ छे. देरासरनी जोडेज नवी धर्मशाला करावी छे. माहीमथी ०॥ माइल दूर माटुंगा छे त्यां गुजराती श्रावकोनां ८-१० घर छे. माहीम अने दादरनी वच्चे ल. अरधे रस्ते म्यु. फानस नंबर १७-१८नी वच्चे जैनोनी सस्ता भाडानी चाली आवे छे, तेमां गुजराती-काठीयावाडीनां ३५-४० घर छे.

७७ दादरमां श्रीशांतिनाथजी भगवान्ना देरासरनी आसपासमां मारवाडी श्रावकोनां १५-२० घर छे बाकीनां घर छेटां छेटां जुदा जुदा लताओमां छे. देरासरनी जोडेज नानो उपाश्रय तथा नानी धर्मशाला छे. रेल्वे लाइननी पेली तरफ शेठ हेमचंद अमरचंदना बंगलामां उतर्या, तेटलामांज शेठ खेतशी खीयशीनो पण मोटो बंगलो छे. दाद-

रथी भायखाला तरफ जतां लगभग १ माइल पछी परेल जवानो रस्तो जुदो पडे छे, परेलमां मारवाडी श्रावकोनी १९–२० दुकानो छे, तथा एल्फीनस्टन रोड ऊपर शेठ गोकलभाई मूलचंद जैन होस्टलनुं भव्य मकान छे, तेमां ल० ४० विद्यार्थीओ रहे छे अने कोलेजमां भणवा जाय छे, ते होस्टेलमां घरदेरासर राखेलुं छे. दादरथी भायखाला तरफ आगळ चालतां रस्तामां चींचपोखली आवे छे त्यां जैनोनी सस्ता भाडानी चालीओ पाछलथी थइ छे त्यां जैनोनां ४००–५०० घर रहेवा आव्यां छे.

७८ भायखालामां मोतीशा शेठनुं बंधावेलुं मोटुं देरासर छे ते कंपाउंडमांज मोटी व्याख्यानशाला, मोटो उपाश्रय, मंदिरनी पछवाडे रायण नीचे पगलांनी देरी, दादाजीना पगलांनी देरीओ, धर्मशाला, मोटो बाग तथा बंगलो छे. देरासरनी पछवाडे देरासरनी विशाल जग्यामां खेती थती हती ते जग्यानो हालमां सरकारे कबजो लइ लीधो छे, ते पाछो मेळववा माटे तकरार चाले छे. आ देरासरमां कार्तकी तथा चैत्री पुनमे शत्रुंजयनो पट बंधाय छे त्यारे मोटो मेळो जामे छे अने दर सोमवारे आखा मुंबइ शहेरमांथी घणाज लोको अहिं दर्शन करवा आवे छे. पासेज शेठ कीकाभाई प्रेमचंद रायचंदनो बंगलो छे तेमां पण थोडा दिवस रह्या हता.

७९ भायखालाथी ल. १॥ माइले मुंबइ शहेरना खास मध्य भागमां पायधुनी ऊपर आवेला श्रीगोडीपार्श्वनाथजीना देरासरनी पछवाडेना विशाल उपाश्रयमां उतर्या. गोडीपार्श्वनाथजीनुं देरासर बहु भव्य तथा मुंबइ शहेरमां मोटुं गणाय छे, ते देरासरनी पछवाडे मोटो उपाश्रय, व्याख्यानशाला, जैन पाठशाला, जैन कन्याशाला अने श्राविकानो उपाश्रय छे देरासरनी नीचे पेढी तथा यतिनो उपाश्रय छे. गोडीजीनो उपाश्रय, लालबागनो उपाश्रय अने पायधुनीना चोकमां आवेल श्रीआदीश्वर भगवान्नी धर्मशाला, आ त्रण मुख्य अने मोटा उपाश्रयो छे. आ सिवाय प्रायः मुख्य मुख्य देरासरोमां एक एक नानो उपाश्रय होय छे. प्रथम खंडमां मुंबई शहेर अने लताओनुं वर्णन आप्युं छे तेमां मुख्य मुख्य देरासरो अने उपाश्रयो जणाव्या छे, ते सिवाय बीजा नाना उपाश्रयो अने घरदेरासरो पण छे. जैन श्वेतांबर यात्रालुओने उतरवा माटे लालबागमां धर्मशाला सारी छे. गोवालीया टेंक ऊपर श्रीमहावीर जैन विद्यालय, शेठ गोकुलभाइ मूलचंद जैन होस्टेल, श्रीमोहनलालजी जैन सेंट्रल लायब्रेरी अने संस्कृत पाठशाला, बाबु पन्नालाल पुनमचंद जैन हाइस्कूल अने होस्पीटाल, जैन श्वेतांबर कोन्फरन्स ओफीस, जैन एसोशीएशन ओफ इंडीया, मांगरोल

जैन सभा अने जैन कन्याशाला, श्रीशांतिनाथजीना देरासरमां जैन पाठशाला, श्रीआदीश्वर भगवान्नी धर्मशालामां जैन पाठशाला, शेठ देवचंद लालभाई जैन पुस्तकोद्धारफंड ओफीस, आगमोदय समिति ओफीस, जैन एज्युकेशन बोर्ड, जैन वोलंटीयरकोर, जैन युवकमंडल, जैन सेनेटरी एसोसीएशन, मुंबइ जैन ओसवाळ सोसायटी, श्रीवीरतत्त्वप्रकाशक मंडल एडवाइझरी बोर्ड, बनारस जैन पाठशाला ओफीस, पालीताणा जैन गुरुकुल ओफीस, पालीताणा जैन बालाश्रम ओफीस, विगेरे विगेरे अनेक धार्मिक संस्थाओ, तेनी ओफीसो, देश, गाम अने कोमोनां हितकारी मंडळो अने तेने अंगे चालतां धार्मिक खातांओ बहु छे. मुंबइ शहेर खास जैनपुरी कहेवाय, तेनी चोक्कस डीरेक्टरी कर्या विना संपूर्ण वर्णन लखी शकाय नहीं तेथी जेटली जाणवामां आवी तेटली मुख्य मुख्य बाबतो जणावी छे. प्रथम खंडमां मुंबई शहेरना मुख्य चार लताओनुं वर्णन जुदुं आप्युं छे ते सिवायना बधा लताओनी श्रावकनी वस्ती विगेरे हकीकतनो समावेश पायधुनीना वर्णनमां कर्यो छे. एकंदर आखा मुंबइ शहेर ( परांओ सहित ) मां जैन श्वेतांबर मूर्त्तिपूजक मनुष्योनी संख्या (कच्छी सहित) चालीशथी पचास हजारनी लोको कहे छे, परंतु श्रीयुत नरोतमदास भगवानदास शाह बी. ए. ओ लखेल अने छपावेल सन १९२१ नी " मुंबइ इलाकानी जैनोनी वस्ती विषयक दशा " नामनी बुकमां मुंबइ शहेर अने आसपासनां बधां परांओनी मळीने जैन श्वे० मूर्त्तिपूजक, स्थानकवासी अने दिगंबर मळीने कुल जैन वस्ती २९८७३ नी जणावी छे. लोकोनी धारणा फक्त जैन श्वेतांबर मूर्त्तिपूजकनीज वस्ती ४० थी ५० हजारनी होय तेम छे त्यारे ऊपरनी बुकमां त्रणे फीरकानी मळीने २९८७३ नी संख्या जणावी छे.

८० मुंबई—कोटमां श्रीशांतिनाथजी भगवान् तथा श्रीमहावीरस्वामीनुं देरासर मनोहर छे. पासेना एकज माळामां उपाश्रय, व्याख्यानशाळा, श्राविकानो उपाश्रय, पुस्तकालय अने जैनपाठशाला छे. कोटमां काठीयावाडी छापरीया जैनोनी वस्ती वधारे छे.

८१ मुंबई—वालकेश्वरमां बाबु अमीचंदजी पन्नालालजीना देरासर पासेना उपाश्रयमां उतर्या. बीजीवार सुरती श्राविका चन्दनबाइना देरासर पासेना बंगलामां उतर्या हता. वालकेश्वरमां मोटा मोटा गृहस्थोनाज बंगला छे.

८२ मुंबई—मांडवी बंदर ऊपर कच्छी विशाओसवाळोनुं अने कच्छी दशाओसवालोनुं एम बे मोटां देरासरो छे तेनी साथे मोटा उपाश्रयो पण छे अने ते बन्ने ज्ञाति

तरफथी जुदी जुदी मोटा पाया ऊपर जैनस्कूलो चाले छे तेमां धार्मिक शिक्षण पण अपाय छे. जैन कन्याशाला, कच्छी जैन एसोसीएशन विगेरे छे.

८३ (नवा) कुरलाना देरासरने शिवगामनुं देरासर पण कहे छे. देरासरपासेज उपाश्रय तथा श्रावकनां घर ३–४ छे बाकीनां घर बजारमां छे. अहिंथी घाटकोपर जवानी बे सडको छे, तेमांथी बजारने रस्ते जतां देरासरथी ल० १ माइल पछी जुना कुरला आवे छे, त्यां श्रावकोनां ६–७ घर छे. जुना कुरलाथी शांटाक्रुझ ३ माइल अने घाटकोपर १॥ माइल थाय छे. नवा कुरला अने वांदराथी ठाणा जील्लो शरु थाय छे.

८४ घाटकोपरमां देरासरनी आसपास कच्छी–गुजरातीओनां थोडां घर छे बाकीनां घर जुदा जुदा लतामां छेटां छे. एकज कंपाउंडमां देरासर, जैन धर्मशाला, जैन पुस्तकालय अने जैन कन्याशाला छे. आ. गृ. १ शेठ परमाणंद रतनजी, २ शेठ फुलचंद त्रीकमजी, ३ शेठ खेतशी खीयसी. अहिंथी शांटाक्रुझ ४॥ माइल थाय छे.

८५ भांडुपमां कच्छी दशाओसवालनुं जैनसेनेटरीयम, धर्मशाला, देरासर विगेरे सडक ऊपर एकज कंपाउंडमां छे. श्रावकोनां बीजां घर गाममां छे.

८६ मुलुंड, आ. रो. मा. नं. २० पछी सडकथी नीचे उतरी ल. १ माइल चाली गाममां गया. भांडुपथी रेलनी सडके मुलुंड जवाथी ०॥ माइल ओछुं थाय छे. मुलुंडमां शेठ झवेर रामजी तथा शेठ हरगोविंद रामजीना बंगलाओमां उतर्या. झ० रा० ना बंगलामां घरदेरासर छे. देरासर तथा उपाश्रय नवो करवाना छे. पाछा त्यांथी पग रस्ते १ माइल जइ आ. रो. ऊपर चढ्या मा. नं. ल. २१. आ. रो. मा. नं. २१ अने २२ नी वच्चे आखा हिंदुस्तानमां प्रसिद्ध, सरकारी, गांडाओनुं होस्पीटाल छे, तेमां ल. ३०० गांडा स्त्री पुरुषो रहे छे. व्यवस्था तथा सगवड घणी सारी छे.

८७ ठाणामां जैन धर्मशाला छे. ठाणाथी घोडबंदर थइने भइंदर १४ माइल थाय छे सीधो रस्तो छे. ठाणाथी २ माइले भीमडीनी सडक तरफ कच्छी रतनजी प्रेमजी वैष्णवना बंगलामां रात रह्या. ठाणाथी आग्रारोडे भीमडी जतां रस्तामां चार माइले कोलसट पासे खाडी आवे छे ते नावमां बेसीने उतरवी पडी छे, त्यांथी छ माइल भीमडी थाय छे. परंतु ते रस्ते न जतां पाणीना नळने माटे पुल बांधेलो छे ते ऊपर साधुओने चालवा दे छे माटे ते रस्ते जवुं सारुं छे. ते रस्ते जतां ठाणाथी

भीमडी ल. ११ माइल थाय छ. खाडीनो पुल उतर्या पछी रस्तामां कारेल गाम आवे छे, त्यां शा. मेघजी शीवजी कच्छीनुं एक घर छे. अने कसोली गाममां श्रावकनां २ घर छे.

८८ भीमडीमां देरासरनी पछवाडे जैन धर्मशालामां उतर्या. अहिंथी कल्याणी छ माइल थाय छे. भीमडीथी बे माइल छेटे पडघाना रस्ता उपर एक बंगलो छे तेमां रात रह्या.

८९ डोळामां वामनराव ब्राह्मणना घरमां तथा स्कूलमां रात रह्या. सडकथी ल० एक फर्लांग गाम दूर छे.

९० शाहापुरमां शा. वि. जैनाचार्य श्रीविजयधर्मसूरीश्वरजी महाराजना उपदेशथी जैन पाठशाळा स्थापन थइ. आ० गृ० १ शेठ नगीनदास हेमचंद, २ शेठ चुनीलाल, ३ शेठ भीखुभाइ. शाहापुरथी मुरबाड काचे रस्ते १९ माइल अने सडकने रस्ते २९ माइल थाय छे त्यां श्रावकनां घर, देरासर विगेरे छे.

९१ अटगांवमां स्टेशन ऊपर वीटींग रुममां रात रह्या. चीतलवाळा गोपालजी टोळीयानुं एक घर छे.

९२ खरडी, मा. नं. ६९–२ पछी सडक छोडी ०॥ माइल पग रस्ते चाली गाममां गया. शा. वाडीलाल वीरचंदना घरमां उतर्या. आ० गृ० १ वा० वी०, २ चाणसोल-वाळा पांचा मगन. अहिंथी ल० ०॥। माइल पगदंडीए चाली मा. नं. ६६–२ पछी सडके चड्या.

९३ कसाराथी बपोरना विहार करी सांजे दस्तुरनी चोकीमां सरकारी मकान छे तेमां आवी रात रह्या. उतरवानी सगवड सारी छे पण त्यां उतरवा माटे कसाराथी अमलदारनी चीठी लखावी लेवी जरुरनी छे. आ चोकीथी ठाणा जील्लो पुरो थइ नाशिक जील्लो शरु थाय छे. आ चोकी पहाडनी मध्यमां होवाथी स्थान रमणीय लागे छे.

९४ इगतपुरी, नाशिक जील्लानो तालुको छे. मारवाडी ओसवालो विगेरेनी ४९ दुकानो छे. शेठ लखमीचंद दीपचंदना मकानमां उतर्या. आ० गृ० १ शेठ रावत-मल जोरजी, २ शेठ हंसराज युगराज. कसाराथी इगतपुरी सुधीनो रस्तो पहाडी तथा चडावनो छे आने कसारानो घाट कहे छे. हिंदुस्तानना मोटा चडाववाळा घाटोमां आ पण मुख्य गणाय छे. चडाव विकट छे. सडक सारी तथा चालु होवाथी

कोई जातना भय जेवुं नथी. रस्तामां पहाड तथा जंगलोनी रमणीयता मनोहर लागे छे पहाडनी गुफाओमांथी रेल्वे जाय छे अने तेना ऊपर पाकी सडक चाली जाय छे.

९५ घोटीमां समस्त जैनपंचना स्थानकमां उतर्या. मारवाडी ओसवालोनी ४० दुकानो छे. आ. गृ. १ शा. छगनलाल हेमचंद, २ शा. सरुपचंद ललु. देरासरनो पायो नांखी, थोडुं काम शरु करी स्था० वा० नुं जोर होवाथी काम बंध राखवुं पड्युं छे.

९६ मा. नं. ९१–२ पछी श्रीघाटनी सडके चडी मा. नं. १–१ पछी ते सडक छोडी पग रस्ते ल. त्रण माइल चाली कावनाइ आव्या. शाह चुनीलाल फतेचंदना घरमां तथा स्कूलमां उतर्या. आ० गृ० १ शा. चु० फ०, २ शा. रामचंद फतेचंद, ३ शा. ककुचंद चत्रभुज.

९७ कावनाईथी पग रस्ते आ० ३ माइल चाली मुकणा आव्या. मारवाडी ओसवालोनी १० दुकानो छे. श्रावको भक्तिवाला छे. आ० गृ० तीवरीवाला मुलतानमलजी. मुकणाथी ल० एक माइल काचे रस्ते चाली आ० रा० मा० नं० ९८–४ पछी सडके चड्या.

९८ मा० नं० १०१–१ थी सडक छोडी पगरस्ते ल० ०॥ माइल चाली वाडीवरा गाममां गया सरकारी स्कूलमां उतर्या. मारवाडी ओसवालोनी १० दुकानो छे, तेओ भक्तिवाला छे. आ० गृ० रामचंद हजारीमल मारवाडी. गामथी ल० १ माइल काचे रस्ते चाली मा० नं० १०२–४ पछी सडके चड्या.

९९ बील्होळीमां मारवाडी ओसवालोनी २ दुकानो छे. मारुतीना देवळमां रात रह्या.

१०० नाशिक, जील्लो छे. सारुं शहेर छे. श्रीचंद्रप्रभस्वामीनुं प्राचीन जैनतीर्थ छे. हिंदुओनुं पण मोटुं तीर्थ गणाय छे. आ. रो. मा. नं ११३ थी गाममां जवानी सडके चडी एक माइल चाली उपाश्रये गया. जैनधर्मशाला नवा देरासर पासेज छे यात्रालुओने सगवड सारी छे. शा० दीपचंद न्यालचंदना बंगलामां घरदेरासर घणुं रमणीय छे. स्थानकवासीनां २०–२५ घर छे. आ. गृ. १ शेठ दीपचंद न्यालचंद, २ शा. छगनलाल दामोदरदास, ३ शेठ बुधमल केवलचंदजी. उपाश्रयथी नीकळी गोदावरी नदी तथा पंचवटी थइ एक माइल चाली सडके चड्या. मा. नं. ११६. दक्षिणमां नाशिक अने खानदेश जील्लाओमां मारवाडी ओसवालोनी घर संख्या लखेली छे ते बधा प्रायः संवेगी मुनिराजोना विहारना अभावथी स्था. वा. थई गया छे छतां संवेगी साधुओने आहार–पाणी तो आपे छे.

१०१ गोंदा, मा. नं. ९९ पछी सडकथी नीचे उतरी ल० बे फर्लोंग चाली गोंदा गाममां गया. ०॥ कलाक विश्रांती लीधी. मारवाडी ओसवालनुं एक घर छे.

१०२ गोंदाथी काचे रस्ते ल० १० माइले भगुर गाम आवे छे. त्यांथी ल० ३-४ माइलमां (भगुर केंपमां) छावणी तथा बंगला छे. भगुर गामथी ल० बे माइले कपोळ सेनेटेरीयम पासे मुंबइवाला मास्तर हरखचंद कपूरचंदना बंगलामां उतर्या. अहिं कायमी श्रावकनां घर नथी, पण बंगलाओमां आवतां जतां बे चार घर रहेतां होय छे. घोटीथी गोंदा थईने देवलाली ( भगुरकेंप ) जतां रस्तामां गाम तथा श्रावकनां घर आवतां नहीं होवाथी दुःखी थवुं पडे छे; माटे जेने खास जवुं होय तेणे नाशिकथी देवलाली जइ पाछा नाशिक आववुं. मास्तर ह० क० ना बंगलाथी ल० बे माइले ( नाशिक तरफ ) देवलाली गाम आवे छे. उपर्युक्त बंगलाथी नाशिक रोडनी सडके थइने ल० आठ माइल चाली नाशिक आव्या.

१०३ आडगांवमां पंचायती मकान ( चोरा ) मां उतर्या मारवाडी ओसवालोनां ५ घर छे. आ. गृ. सरुपचंद चोथमलजी कुमठ, जोधपुर महामंदिरवाला.

१०४ पिंपलगांवमां समस्त जैन पंचना उपाश्रयमां उतर्या. मारवाडी ओसवालोनी १९ दुकानो छे. आ. गृ. १ उमेद गमान, २ उजम करमचंद. अहिंथी निफाड ( मा. ११ ) थइ येवला ( मा. ३८ ) थइ औरंगाबाद पाकी सडक जाय छे. पिंपलगांवथी काचे रस्ते पांच माइले वडनेर गाम आवे छे. त्यां श्रा. घर ४ छे. त्यांथी वडालीभोइ ९ माइल थाय छे.

१०५ वडालीभोइ गाम सडकथी एक फर्लोंग दूर छे. मारवाडी ओसवालोनी ११ दुकानो छे, तेओ भक्तिवाला छे. सरकारी चावडीमां उतर्या. आ. गृ. १ केशरीचंदजी, २ मुलचंद रावतमलजी.

१०६ चांदवड तालुको छे. ल. मा. नं. १९३-४ पछी गाममां जवानी सडके चडी ल० ०॥ माइल चाली गाममां गया. एक नानो पुस्तकभंडार छे. अहिंथी ल० एक माइल दूर पहाड ऊपर गुफामां जैन देरासर छे, तेमां पहाडमां कोतरेली घणी मूर्त्तिओ छे. आ. गृ १ खेमचंद नानचंद, २ चुनीलाल रतनचंद. गाममां दिगंबरीनां घर ६ तथा देरासर १ छे. अहिंथी मनमाड (मा० १९) थइ येवला (मा० ३०) पाकी सडक गइ छे. गामथी ०॥ माइल चाली सडके चड्या, ल० मा० नं० १९४-४.

१०७ मा० नं० १६४-४ थी सडक छोडी ल० ०॥ माइल चाली उंबराणे गाममां गया. शा. ढुंढीराम हेमंराजना मकानमां उतर्या मारवाडी ओसवालोनी २० दुकानो छे. आ. गृ. १ शेठ ढु० हे०, २ शेठ बुधमल ताराचंद. वचमां ल० मा० नं० १६१-४ ऊपर चिंचवे गाम आवे छे. त्यां मारवाडी ओसवालनुं १ घर छे. गामथी ल० ०॥ माइल चाली सडके चड्या, मा० नं० १६९-२.

१०८ संदाणेमां मराठा शिवराम गोपाल तथा दामोदर गोपाळ लिंगायतना सडक ऊपरना मकानमां रात रह्या. गाममां मारवाडी ओसवालोनी ८ दुकानो छे.

१०९ मालेगांव, ए नाशिक जील्लानो तालुको छे. मा० नं० १७९-९ पछी गाममां जवानी सडके चडी ल० ०॥। माइल चाली गाममां गया श्रीसंघना थीएटरमां उतर्या. जैन पाठशाला, जैन पुस्तकालय, नानो ज्ञानभंडार तथा उपाश्रय छे. आ. गृ. १ शेठ लालचंद केवळचंद, २ शेठ भूषणदास जेठाशा, ३ शेठ मंगलदास माणेकचंद, ४ शा. बालचंद हीराचंद. दिगंबरीनां घर ६ तथा देरासर १ छे. अहिंथी एक पाकी सडक मनमाड ( मा. २३ ) थई येवला ( मा. ३८ ) थइ नगर गइ. अने बीजी सडक नांदगांव थई औरंगाबाद गइ उताराथी ल. ०॥। माइल चाली सडके चड्या, मा. नं. १८१.

११० धुळीया, जील्लो छे शहेर सारुं छे. अहिं देरासर जुनुं हतुं तेनुं मोटुं नवुं शिखरबंधी थाय छे. जैन पुस्तकालय छे. मंदिरमार्गी श्रावकोनां घर छे तेमां ४० कच्छीनां, २० मारवाडीनां अने ४ गुजरातीनां छे. आ. गृ. १ शेठ सखाराम दुर्लभदास, २ शेठ जोगीलालजी गुलाबचंदजी, ३ शेठ हीरजी रतनशीनी कुं. मारवाडी ओसवालोनां ३० घर छे. दिगंबरीनां घर १० तथा देरासर १ छे. अहिंथी चालीशगांव ( मा. ३१) नी पाकी सडक छे. चालीशगांवमां श्रावकोनां घर अने देरासर विगेरे छे. पश्चिम देशमां जैनोनी कुल वस्ती ४१३८ माणसनी छे.

१११ सोनगीर, मा. नं. २२३-९ पछी पग रस्ते गाममां थइ ल० ०॥। माइले गोळवावडी पासे गोविंद महाराजना मठमां उतर्या. बीजीवार आव्या त्यारे दिगंबरीनां मंदिरमां उतर्या. अहिं दिगंबरी हुंबडनां घर ३० तथा देरासर १ छे. मा० नं० २२३-९ ऊपर डाकबंगलो छे. रजा मेळवी होय तो त्यां उतरी शकाय. अहिंनी गोळवावडी घणी मोटी छे. खरा उनाळामां २९ कोस चाल्या करे तो पण पाणी खुटतुं नथी. मठथी ०। माइल चाली सडके चड्या, मा० नं० २२४-९.

११२ नरडाणे गाममां सुपडु पटेलना मकानमां तथा धर्मशालामां उतर्या. आ० गृ० शेठ हजारीमलजी धनरुपजी. बीजी वार आव्या त्यारे स्टेशन ऊपर जीनमां उतर्या, त्यां वत्रा वाळा श्रावक महेता गंभीरचंद रायचंद रहे छे.

११३ सावळदेमां मारवाडी ओसवालोनी २ दुकानो छे. दबासी अने सावळदे वच्चे तापी नदी उतरवी पडे छे. चैत्र मासमां गोठण सुधी पाणी हतुं.

११४ शिरपुर ( वाघारी ), धुळीया जील्लानो तालुको छे. मा० नं० २३९–४ पछी सडक छोडी काची सडके ल० ४।। माइल चाली शिरपुर आव्या. आग्रारोडथी अमोदे थइ शिरपुर जवा माटे ठेठ सुधी पाकी सडक छे, पण ते रस्ते एक माइल वधारे थाय छे जैनपाठशाला, जैन पुस्तकालय तथा जैनहितवर्धक मित्रमंडल छे. आ० गृ० १ शेठ लीलाचंद गुलाबचंद, २ शेठ लखमीचंद धरमचंद. अहिं तारणपंथी ( दिगंबर–तेरापंथी ) अने स्थानकवासीनां मळीने ल० २० घर छे. उपाश्रयथी ल० १ माइल चाली अमोदेनी सडके मेश्री गणपत परशराम अग्रवालना बंगलामां रात रही त्यांथी ०।। माइल चाली आग्रारोड ऊपर चड्या, मा० नं० २४३–४.

११५ दहिवदमां सरकारी चावडीमां उतर्या. आ० गृ० सोजतवाला समरथमल सुराणा भक्तिवाळा छे.

११६ हाडाखेडमां सडक ऊपरज शिरपुरवाला चतुर अग्रवालना मकानमां उतर्या. शिरपुरथी काचे रस्ते हाडाखेड ८ माइल थाय छे

११७ पलासनेर गाम छोड्या पछी बोरघाटनी जबरी घाटी चडवानी आवे छे अने बोरघाटथी गवाडी सुधी उतरवानुं आवे छे, लगभग चार माइल सुधी पहाडी प्रदेश ( सातपुडा पहाड ) मांथी पसार थवुं पडे छे. बोरघाटनो उतार जोवा लायक गणाय छे. बोरघाटमां उतरवानुं स्थान नहीं मळवाथी रोकाया नहोता.

११८ आ० रो० मा० नं० २६९–४ ऊपर मुंबइ इलाकानी अने खानदेशनी हद पुरी थइ, अने त्यांथी इंदोरस्टेटनी हद शरु थई. ०।। माइल चाल्या पछी इंदोरनो माइल नंबर १०३ मो आव्यो.

११९ जमनीयामां ब्राह्मण नाना नारायणदत्त शिरपुरना वैद्यनी दुकानमां विश्रांति लीधी. तेमणे सारी भक्ति करी. रोकाया नहोता.

१२० सिंधवा, इंदोर स्टेटना तालुकानुं सारुं गाम छे सरकारी थाणामां उतर्या मारवाडी ओसवालनुं १ घर छे. आ० गृ० मुळीवाळा गुलाबचंद उजमशी.

१२१ मा० नं० ७३—६ पासे सडक ऊपर डेब नदीने कांठे सरकारी धर्मशालामां उतर्या. गाम नथी. अहिंथी १ माइल दूर काचे रस्ते बकवाडी गाम छे.

१२२ खुरमपुरमां इंदोरवाला जगन्नाथ नारायणदासजीना जीनमां उतर्या. अहिं शा मगनलाल अमथाभाई, भरुच वेजलपुरना लाडवाश्रीमाली श्रावक रहे छे.

१२३ लींबरनीमां पण इंदोरवाला जगन्नाथ नारायणदासजीना जीनमां उतर्या. औंकारलाल अग्रवाले सारी भक्ति करी.

१२४ खलघाटमां नदीना कांठे धर्मशालामां उतर्या अहिं नर्मदा नदी उतरवी पडे छे, दर वरसे दीवाली बाद काचो पुल बांधे छे अने जेठ मासमां खोली नांखे छे, पुल खुली गयो होय त्यारे नावथी उतरवुं पडे छे नदी विकट छे; पाको पुल बांधवानुं काम चाले छे. नदी उतरीने सामे कांठे मुकाम करवो ठीक छे, सामे कांठे पण खलघाट गाम छे, उतरवानुं स्थान मळे छे.

१२५ गुजरी, मा० नं० ४१—७ ऊपर इंदोर अने धारनी सडक जुदी पडे छे त्यांथी धार ३० माइल थाय छे. इंदोरनी सडक ऊपर गुजरी गाम छे. गुजरीमां वैष्णव अग्रवालोनी धर्मशालामां उतर्या. दिगंबरीनां घर ३ तथा देरासर १ छे.

१२६ मांडवगढ, श्रीसुपार्श्वनाथ भगवान्नुं तीर्थ छे. धर्मशाला छे. यात्रालुओने सगवड छे. गुजरीथी नदी उतरी, धारनी सडक ओळंगी लग० बे माइल काचे रस्ते चाल्या बाद सादराबादथी पहाडनी घाटी चडवानी आवे छे, आ० १॥ माइल घाटी चड्या पछी आ० ४ माइल पहाडमां सीधे रस्ते चाल्या पछी पाकी सडके चडी २॥ माइल जवाथी मांडव आवे छे. एकंदर गुजरीथी मांडव १० माइल थाय छे. मांडवना पहाडनी आसपासना सीरसुडीया, बगवानी, भारुडपुरा, विगेरे बधां गामडाओमांथी पहाड ऊपर चडवानो रस्तो छे, पण ते रस्ता बधा विकट छे, अने ते गामडांओमां उतरवा माटे स्थान मळवुं मुश्केल छे, माटे गुजरीमां मुकाम करी सादराबादना रस्ते चडवुं वधारे सारुं छे. सादराबाद सुधी बलद गाडी जइ शके छे. मांडव ऊपर यात्रा करवा सिवाय बीजां जोवालायक प्राचीन स्थानो घणां छे. कदाच घाटी चड्या सिवाय सडकने रस्ते मांडवगढ जवुं होय तो आ० रो० मा० नं० ४१—७ थी धारनी सडक जुदी पडे छे, ते सडके चडी त्यांथी ०॥ माइल सीरसुडीया, ३॥ माइल मांडुक, ४॥ माइल तलाव सराइ, ६ माइल लुनेरा, ३ माइल

नालछा थइ ५।। माइले मांडवगढ जवाय छे. एकंदर २३ माइल थाय छे. तलाव-सराइ अने लुनेरामां उतरवानुं स्थान मळी शके छे. मांडवथी पाकी सडके लुनेरा मा० ८।। अने लुनेराथी धार मा० १९।। थाय छे. धारमां श्रावकोनां घर तथा देरासर विगेरे छे. धारथी १ राजगढनी, २ महुनी छावणीनी, ३ इंदोरनी, ४ रतलामनी तथा ५ बदनावर-बडनगर थइने उज्जैननी पाकी सडको छे. ( मांडवनी यात्रा करी पाछा एज रस्ते उतरीने गुजरी आव्या. )

१२७ मानपुर, गाम ठीक छे. श्रावक पुनमचंदजीनुं घर छे. देरासरमां आशातना घणी छे. पुनमचंदजी तथा बीजा स्थानकवासीओ उपाश्रय जुदो होवा छतां खास देरासरमां ज मुहपत्ति बांधीने सामायिक-प्रतिक्रमणादि करे छे. प्रतिमाजीने स्थीर करेला नथी. आशातना टाळवा खास प्रयत्न थवानी जरुर छे. स्थानकवासीनां घर २ छे. दिगंबरीनां घर ३ तथा देरासर १ छे.

१२८ महुनी छावणी, गाम मोटुं छे. मा० नं० १४-४ थी छावणीनी बजारनी सडके चडी ल० १ माइल चाली देरासरे गया ब्राह्मणनी धर्मशालामां उतर्या. आ० गृ० शा. केशवलाल धारशी वढवाणवाळा. अहिं दिगंबरीनां घर आशरे ७५ तथा देरासर ४ छे. अहिंथी लग० बे माइल दूर महु गाम छे, त्यां श्रावकोनां घर ५ छे. धर्मशालाथी ल० १।। माइल चाल्या पछी पुल पासे आ० रो० मा० नं० १२ मो आव्यो. महुनी छावणीथी धार, बदनावर, रतलाम, जावरा अने मंदसोर थइने नीमचनी छावणी सुधीनी पाकी सडक ( मा० १६३ ) छे. नीमचनी छावणीथी चित्तोड थइने अजमेरनी पाकी सडक छे.

१२९ रावमां वैष्णवना मंदिरमां उतर्या. पछी मा० नं० ६ पासे सडक उपर साहेबना बंगलामां आवी रात रह्या.

१३० मा० नं० ४-३ थी आग्रारोड छोडी इंदोर शहेरनी सडके चडी ४ माइल चाली इंदोर शहेरमां आव्या. इंदोर शहेर मोटुं छे. होल्कर सरकारनी राज्यधानी छे. पासेज इंदोर केंप ( सरकारी छावणी ) छे. सीयागंजमां १ घर देरासर छे. माणेकचंद्रजी यतिजी पासे सारो पुस्तकसंग्रह छे. सुंदरबाई जैनकन्याशाला, जैनस्वयंसेवक मंडल, गुरुगुणगायक जैनमहीलासमाज, जैन धर्माभिलाषिणी सभा विगेरे संस्थाओ छे. दादावाडीमां दादाजीना पगलां अने बगीचो छे. दादावाडी पासे यतिजी माणेकचंद्रजीना बगीचामां भगवानूनां तथा ११ गणधरनां मळीने पगलां जोडी २० छे. आ. गृ. १ शेठ नथमलजी गंभीरमलजी ह शेठ बालचंदजी, २ शेठ घमडशी

जुहारमलजी ह. शेठ पुनमचंदजी; ३ शेठ पन्नालालजी तमाखुवाला. चौमुखजीवाला उपाश्रयमां तथा मल्हारगंजमां शेठ व० जु० ना नोरामां उतर्या. स्थानकवासीनां घर १८०, स्थानक ४ अने एक लायब्रेरी छे. इंदोर शहेर अने छावणीमां मळीने दिगंबरीनां घर ८९०, मंदिर १२ अने नसीया २ छे. शेठ हुकमीचंदजीनुं देरासर जोवालायक छे. मल्हारगंजथी रवाना थइ तुकोगंजने रस्ते थइ ल० ३ माइल चालीने मा० नं० १–३ पासेथी आग्रारोड ऊपर चडी मा० नं० १–५ ऊपर शेठ नंदलाल मोतीलालना बंगलामां रात रह्या. ( तुकोगंजमां अग्रवाल ओंकारजी चुनीलालना बंगलामां थोडा दिवस रह्या हता. ) इंदोरथी १ हरदानी, २ धारनी, ३ खंडवा तरफ डरवान सुधीनी, ४ उज्जैन तरफ सामेर सुधीनी पाकी सडको छे. सेंट्रल इंडीयामां जैनोनी कुल वस्ती ४४४३१ माणसनी छे.

१३१ मांगल्यामां ब्राह्मण गोपाळ पटेलना मकानमां तथा राममंदिरमां उतर्या.

१३२ देवास, स्टेट छे. गाम मोटुं छे मा० नं० २१–२ थी आग्रारोड छोडी शहेरनी सडके ल० १ माइल चाली उपाश्रये आव्या. आ० गृ० १ नगनीरामजी हीरालालजी मोदी, २ मगनीरामजी बगाणावाला. स्था० वा० नां घर ल० ३० छे. उपाश्रयथी ल० ०॥ माइल चाली आ० रो० मा० नं० २२–२ पासे शेठ सुरजमलजी पोरवाडना मकानमां रात रह्या. देवासथी उज्जैननी तथा भोपाळनी पाकी सडको छे.

१३३ मकसीजी, श्रीपार्श्वनाथ भगवान्नुं तीर्थ छे मा० नं० ४३–९। थी सडक छोडी काचे रस्ते त्रण फर्लांग चाली जैन धर्मशालामां उतर्या धर्मशाला मोटी छे. यात्रालुओने सगवड छे पाछल मोटा बगीचामां श्रीपार्श्वनाथ भगवान्नां, श्रीअभयदेवसूरिजीनां अने दादाजी विगेरेनां पगलांनी पांच देरीओ छे. आ० गृ० १ शेठ ताराचंदजी धुळजी ओसवाळ, २ शेठ चुनीलाल श्रीमाल. जैनपुस्तकालय अने जैन पाठशाला स्थापन थई छे पण तेने धर्मशालामां स्थान नहीं मळवाथी बंध पडी छे. पूज्यपाद विजयेंद्रसूरीश्वरजी महाराजना उपदेशथी तेने चलाववानो प्रबंध थयो छे. आ तीर्थमां श्वेतांबर दिगंबरनो भारे झगडो चाली रह्यो छे झगडाना कारणथी स्टेट पोलीसनी दखलगीरी ३०–४० वर्षथी थइ छे, धर्मशालामां स्टेटनी पोलीसनुं थाणुं छे, तेना खर्चना लगभग मासिक १०० रु. श्वेतांबर–दिगंबर बन्नेने भरवा पडे छे. दिगंबरी देरासर एक छे. स्टेशन अने बजार छे. श्रीयुत तारीदासजी जमीनदार सज्जन माणस छे. मा० नं० ४३–९ पासे डाकबंगलो छे. तेनी पासेथीज मकसी स्टेशन जवानी पाकी सडक (मा० १) गइ. आ. रो. मा.

नं. ३१ थी ग्वालियर स्टेटनी हद आवी, त्यांथी आग्रा ३४४ माइल थाय छे. धर्मशालाथी काचे रस्ते बजारमां थई ल० ३ फर्लांग चाली मा० नं० ४४ पासे सडके चढ्या. मा० नं० ४५—५ थी तराणानी पाकी सडक ( मा० १८ ) गई. मकसी थी काचे रस्ते तराणा ८ माइल थाय छे. तराणामां श्रा. घर ६ अने मंदिर १ छे. बजार छे. तराणाथी तराणारोड स्टेशन ६ माइल थाय छे. तराणाथी कायथा पाकी सडक (मा० ७) गई छे. आ रो. मा. नं. ३३—५ टोंक पासेथी ३ माइल दूर टोंक—चावडा करीने गाम छे, त्यां श्रा घर. १०—१२ अने देरासर १ छे.

१३४ शाजापुर, ग्वालियर स्टेटनो जील्लो छे. गाम सारुं छे. बजार, डाकबंगलो अने सराई छे. मा० नं० ५८—२ थी सडक छोडी ल० ०॥ माइल चाली उपाश्रये गया. आ० गृ० शेठ जमनादास केशरीचंदजी उपाश्रयथी ल० ०॥ माइल चाली आ० रो० मा० नं० ५८—३ पासे नदीना कांठे देवीना मंदिरमां रात रह्या पण उपाश्रयथी लगभग १ माइल काचे रस्ते चाली ( नदीमां पाणीमां उतरवुं पडे तेम न होय तो ) ल० मा नं. ५९—१ पासे सडके चडवुं ठीक छे, शाजा-पुरथी बेडछा स्टेशननी पाकी सडक छे. बेडछामां श्रा. घर ६ तथा घरदेरासर १ छे. आ गृ. शेठ जमनादासजी लखमीचंदजी शाजापुरवाळा. स्टेशन अने बजार छे.

१३५ सारंगपुर, गाम सारुं छे. बजार छे, गामने नाके सराइ छे, मा० नं० ७४ पासे डाकबंगलो छे. मा० नं० ७४—५ पासे मोटी नदी छे, नीचो ( रपट ) पाको पुल बांधेलो छे, छतां तेना ऊपर थइने पाणी वहेतुं हतुं. मा० नं० ७४—५ थी सडक छोडी ल० ०॥ माइल चाली उपाश्रये आव्या. बीजीवार मा० नं० ७५ पासे सडक ऊपर जीननी पासे उज्जैनवाळा शेठ करमचंदजी कोठारीना बंगलामां उतर्या. आ० गृ० १ शेठ पदमशी मदनलालजी, २ शेठ कचोडीलालजी ओसवाल. स्था० वा० नां घर ३ छे. दिगंबरीनां घर २५ तथा देरासर ३ छे. उपाश्रयथी ल० ०॥ माइल चाली आ० रो० मा० नं० ७४—७ पासे श्रावकना जीनमां रात रह्या, पण उपाश्रयथी लग० ०॥ माइल चालीने मा० नं० ७५ पासे अथवा मा० नं० ७५—५ पासे सडके चडवुं सारुं छे. मा० नं० ७४—३ पासेथी एक पाकी सडक ( मा० ३२ ) आगर गई. आगरमां श्रा० घर, देरासर विगेरे छे. आगरथी एक पाकी सडक ( मा० ४० ) उज्जैन गइ अने बीजी पाकी सडक झालरापाटण थइ कोटा गइ. सारंगपुरथी पाकी सडके १४ माइल ऊपर आकोदीया नामनुं गाम छे, त्यांनी मंडीमां कच्छीनां ५ अने बीजां ५ मळीने श्रावकोनां १० घर छे, बजार छे.

१३६ उदनखेडीमां स्कूलमां उतर्या. बीजीवार स्कूल पासे एक जैनना मकानमां उतर्या. दिगंबरनुं घर १ छे. आ० गृ० शेठ चुनीलाल देवचंद पद्मावती पोरवाड. ओसवालनुं एक घर छे. अग्रवालनां २–३ घर भक्तिवालां छे. डाकबंगलो छे. करणवास गाममां पोरवाड जैननां २ घर छे गाममां ३–४ साधुओ उतरी शके तेवुं एक मंदिर छे. पचोरथी शुजालपुर स्टेशन जवानी पाकी सडक छे. शुजालपुर गाममां श्रा. घर ५०–६० अने एक देरासर छे. अने स्टेशन उपर कच्छी श्रावकोनां १०--१२ घर तथा एक घरदेरासर छे बजार छे.

१३७ ब्यावरा, गाम ठीक छे डाकबंगलो, सराइ अने बजार छे. आ० गृ० १ शेठ जुहारमलजी राजमलजी, २ शेठ हजारीमलजी श्रीमलजी. दिगंबरनां घर १६ अने देरासर १ छे. मा० नं० ल० ११० पासेथी एक पाकी सडक नरसिंगगढ ( मा० १८ ) गई. नरसिंगगढ स्टेट छे, त्यां श्रा. घर ६ अने देरासर १ छे. ब्यावराथी एक पाकी सडक (मा० १५) राजगढ गइ. राजगढ स्टेट छे, त्यां श्रा. घर १ छे. देरासर नथी. ब्यावराथी भोपालनी पाकी सडक छे.

१३८ घोडापछाड. आ० रो० मा० नं० १२३--२ पासे घोडापछाड नदीना पुल उपर राजगढ स्टेटनी हद पुरी थई अने ग्वालियर स्टेटनी हद शरु थई. अहिं पथ्थर उपर इंदोर माइल १२२॥ अने आग्रा माइल २९३॥ लखेल छे, ते हीसाबे इंदोरना माइलमां ०।॥ माइलनो अहिं गोटालो छे. मा० नं० २९३–२ पासे कस्टम खाताना नवा मकानमां उतर्या. पासेज सराइ पण छ क्षुद्र गामडुं छे.

१३९ कोटडामां आ० गृ० शेठ सीताराम भमरलाल. शेठ किशोरीलाल पल्लीवालना मकानमां उतर्या.

१४० पेंचीमां आ० गृ० शेठ पन्नालाल नथ्थुलाल गोपीलालजीना मकानमां उतर्या. एक घरदेरासर छे. तेमां धातुनी बे मर्त्तिओ छे. देरासरनी व्यवस्था सारी नथी.

१४१ बीनागंजमां शिवपुरीवाला प्रल्हाददासनी धर्मशालामां उतर्या. आ० गृ० शेठ पन्नालालजी भमरलालजी श्रीमालना मकानमां पण रात रह्या. दिगं० नां घर ७–८ तथा घरदेरासर १ छे. डाकबंगलो अने बजार छे. मा० नं० २४३–९ पासेथी एक पाकी सडक चांचोडा ( माइल २ ) गई. चांचोडा, ग्वालियर स्टेटना इसागढ जील्लानी तहेसील छे, बजार छे, गाम जुनुं छे, जुनो किल्लो खाली पड्यो छे. श्रा. घर ६ तथा देरासर १ छे. आ० गृ० १ जीतमलजी ओसवाळ, २ हजारीमलजी श्रीमाल. दिगं० नां घर २ छे. सरकारी होस्पीटालमां उतर्या. चांचोडाथी काचे रस्ते पेंची माइल ३ थाय छे.

१४२ पार्वतीने सराइ नीमखेडी पण कहे छे. सरकारी पोलीसचोकीमां उतर्या. बीजीवार छोगालाल घांसीलाल जैनना मकानमां उतर्या. दिगंबरी परवारनां घर ६ छे. अग्रवालनां २–३ घर छे. मा० नं० २३२–६ पासे डाकबंगलो छे पण हालमां ते डाकबंगलो काढी नांख्यो छे. मा० नं० २३१–५ पासे खटकीयाकी चोकी छे, त्यांथी थोडे दूर ते नामनुं क्षुद्र गामडुं छे खटकीयाकी चोकीथी काचे रस्ते ५ माइल दूर कुंभराज नामनुं गाम छे, त्यां श्वे० श्रा० नां घर ५ छे अने दिगं० नां घर ३५ तथा एक मंदिर छे. मा० नं० २३१–४ पछी पार्वती नामनी मोटी नदी आवे छे, पाको पुल बांधेलो छे. पार्वती अने रुटीआई वच्चे सडक ऊपर आमन तथा भरसुला गाम आवे छे. आमनमां दिगं० परवारनां घर ८ छे अने भरसुलामां दिगं० परवारनां बे घर छे.

१४३ रुटीआइमां दिगंबरनां घर ६ तथा देरासर १ छे. आ० गृ० परवार मन्नुलालजी जैन भक्तिवाळा छे. देरासरना मकानमां उतर्या. स्टेशन पासे बगीचाना पडावमां रात रह्या. स्टेशन अने बजार छे. अहिंथी सात माइल सुधी पहाडी प्रदेश होवाथी चडाव उतार घणा आवे छे.

१४४ गुणासीटी, गाम सारुं छे, पासेज गुणानी छावणी छे. स्टेशन अने बजार छे. शेठ रतनमलजी बखतावरमलजी राजमलजीना बगीचामां उतर्या. स्था० वा० नां घर १०, दिगंबरीनां घर ४० तथा देरासर ३ छे. भदोरामां दिगं० नां घर ३–४ छे. भदोरानो डाकबंगलो हवे उठी गयो छे.

१४५ मा० नं० १८७–३ पासे कुवा आगळ झाड नीचे तथा पुल नीचे उतर्या सडकथी म्याना गाम ल० १ माइल दूर छे, त्यां ओसवालोनां घर ४ छे आ. गृ. धरमचंदजी सुराणा ओसवाल. दिगं० नां घर २०, मंदिर १ अने चैत्यालय २ छे. आग्रारोडथी म्याना गाम सुधीनी पाकी सडक नवी थई छे.

१४६ बदरवासमां पहेलीवार अग्रवाल नेनाराम हलवाईना मकानमां उतर्या, अने बीजीवार मा० नं० १७५–६ पासे डाकबंगलामां उतर्या. थाणुं छे. दि० नां घर ५–७ तथा एक चैत्यालय छे. लुकवासमां आ. गृ. कुंवरप्रसादजी जैननी दुकानमां उतर्या.

१४७ कोलारस, शिवपुरी जील्लानी तहेसील छे. गाम मोटुं छे, बजार छे. मा० नं० १५८–६ थी आगरारोड छोडी ल० ०।।। माइल चाली गाममां दिगंबर जैन-धर्मशालामां उतर्या. दि० नां घर ५०, मंदिर १ अने चैत्यालय २ छे. आ. गृ १

पं० फुंदीलालजी जैन सराफ, २ ताराचंदजी जैन. दरवाजा बहार सडक ऊपर हिंदु धर्मशालामां रात रह्या. त्यांथी २॥ फर्लोंग चाली आगरारोड ऊपर चढ्या, मा० नं० १९८. बीजीवार मा० नं० १९८–२ थी २ फर्लोंग दूर तहेसील, होस्पीटाल अने डाकबंगला पासे फारेस्ट ओफीसना मकानमां उतर्या.

१४८ सेसइ पासे सडक ऊपर ग्वालियर सरकारनो खास बंगलो छे तेनी पासेथी एक पाकी सडक छोटा कोटा अने बारा थईने कोटा गई, ( आशरे मा० १२० ). कोटाथी १ झालरापाटण थइने उज्जैननी, अने २ बुंदी थइने देवलीनी पाकी सडको छे. देवलीथी १ अजमेरनी अने २ जयपुरनी पाकी सडको छे.

१४९ शिवपुरी ( सीपरीनी छावणी ), ए ग्वालियर स्टेटनो जील्लो छे. स्टेशन अने बजार छे. दर वरसे सीजनमां आठ महीना ग्वालियर सरकार अहिं रहेता होवाथी शहेरने घणुं रमणीय बनाव्युं छे. बाग–बगीचा, धर्मशालाओ, सदाव्रत, तलावो, मोटा मोटा बंगलाओ, तार–टेलिफोन, विजली, पाणीना नल अने सुंदर सडको विगेरेथी शहेर सुशोभित छे. संभव छे के थोडा वर्षोमां ग्वालियर स्टेटनी मुख्य राज्यधानी शिवपुरी बनी जाय. मा० नं० १४३–६ थी आगरारोड छोडी २ फर्लोंग चाली उपाश्रये आव्या. पूज्यपाद गुरुवर्य जगत्पूज्य श्रीविजयधर्मसूरीश्वरजी महाराजनो अहिंज स्वर्गवास थएलो होवाथी तेओश्रीना अग्निसंस्कारना स्थाने, श्रीमान् महाराजा ग्वालीयर सरकारे भेट करेली जमीन ऊपर घणुंज भव्य अने दर्शनीय धर्मसमाधिमंदिर बन्युं छे. ज्यां धर्मशाला विगेरे बनेल होवाथी यात्रालुओने उतरवानी सगवड छे. पूज्यपाद गुरुवर्ये विलेपारले ( मुंबइ ) मां स्थापन करावेल श्रीवीरतत्त्वप्रकाशकमंडलने पण हवे शिवपुरी–श्रीविजयधर्मसूरि गुरुभक्तिभवनमां कायम करवामां आव्युं छे. ते मंडलना पाठ्य क्रम अने नियमो विगेरेमां घणो सुधारो वधारो करवाथी हाल ते घणुं प्रगति ऊपर आव्युं छे. आ० गृ० १ शेठ पीरचंदजी फुलचंदजी ह. शेठ टोडरमलजी तथा शेठ कानमलजी सांकला छे. स्था०वा० नां १९ घर छे. सौभाग्य सरस्वती भुवन जैन पुस्तकालय छे. पण ते हवे बंध छे. दिगं० नां ५–७ घर तथा १ चैत्यालय छे, अने सीपरी गाममां दिगं० नां १०–१५ घर अने एक देरासर छे. शिवपुरीमां जोवालायक स्थानो—१ जीजा महाराणीनी छत्री, २ चांदपाठा तलाव, ३ भदैयाकुंड, ४ बाणगंगा विगेरे. सीपरीनुं नाम श्रीमान् ग्वालियर सरकारे शिवपुरी

राखेलुं छे. पहेलां नरवर जील्लो हतो, तेने बदलीने शिवपुरी जील्लो कर्यो छे. शिवपुरीथी १ श्योपुरनी अने २ झांसीनी ( माइल ६१ ) पाकी सडको छे. शिवपुरीथी ग्वालियर सुधी पहाडीप्रदेश अने जंगल वधारे आवे छे, रस्तामां गामो बहु नानां अने थोडां आवे छे, पण सडक चालु अने पाकी छे. अहिंथी लश्कर जतां रस्ताना सतनवाडा, चोरपुरा, घाटीगांव अने नवागांवना डाक-बंगलाओ सं. १९८१ मां ग्वालियर सरकारे काढी नांख्या छे. उपाश्रयथी रवाना थइ धर्मसमाधिमंदिरमां रात रह्या, त्यांथी सरकारी होटल पासे थई ल० ०॥ माइल चाली आगरारोड ऊपर चड्या, मा० नं० १४२-६. समाधिमंदिरथी रेल्वे लाइन ऊपर थईने आगरारोड ऊपर चडतां ०॥ माइल ओछुं थाय छे.

१५० भूराखोह, मा० नं० १३७-६ थी एक फर्लांग दूर आ नामनुं रमणीय स्थान छे. कुदरती झरणां, गुफाओ अने झाडी विगेरे आनंदजनक छे. स्टेट तरफथी मकानो बांधी शोभा वधारी छे. गाम नथी. भुराखोहथी सतनवाडा जतां रस्तामां 'कौवत' नामनुं जंगल आवे छे.

१५१ सतनवाडामां सडक ऊपर सरकारी जंगलात खाताना मकानमां उतर्या. डाकबंगलो पासेज छे. अहिंथी गाम २ फर्लांग दूर छे. स्टेशन छे. बीजीवार मा० नं० १३३-२ पासे दि० जैन ठेकेदार मिश्रीमलजीना मकानमां उतर्या. गाममां तेमना मकानमां दिगं० जैन चैत्यालय छे दि० नां घर २ छे. अहिंथी एक पाकी सडक ( मा० १६ ) नरवर गई. पहेलां नरवर जील्लो हतो, हाल परगणुं छे. त्यां दि० नां घर १०० तथा मंदिर २ छे. नरवरनी आसपासना गामोमां दिगंबरीनी वस्ती घणी छे.

१५२ चोरपुरा, डाकबंगलामां उतर्या. डाकबंगलाथी पासेज अने सडकथी बे फर्लांग दूर चुडेलखेडा नामनुं गाम छे, तेमां दि० नां ३ घर छे, सडकथी ०॥ माइल दूर चोरपुरा गाम छे. चोरपुरामां दि० नां घर २ छे. स्टेशन छे. स्टेशन मास्तर बद्रीप्रसादजी अने तेनो पुत्र किसनस्वरूप लायक माणस छे.

१५३ मोहना, मा० नं० १०८-६ पासे डाकबंगलामां उतर्या. मा० नं० १०७-७ पासे स्टेशन छे. त्यांथी मोहना गाम ०॥ माइल दूर छे. गाममां दि० नां घर ८ तथा देरासर १ छे. स्टेशन अने बजार छे. मा० नं० १११-६ पासेथी उम्मेदगढ जलप्रपात जवानी पाकी सडक ( मा० १ फ० १ ) गई.

१९४ रेंट—चराइमां सडक ऊपर जंगलात खाताना मकानमां तथा हनूमान्‌जीना मंदिरमां उतर्या. दि० नां घर ३ तथा देरासर १ छे. स्टेशन छे. रेंट अने चराइ बन्ने गाम जुदां जुदां छे. चराइमां पण दि० नां घर छे. मा० नं० १०४—१ पासेथी काचे रस्ते ०॥ माइल चाली दोरार गाममां गया. त्यां दि० घर १ छे, त्यांना जमीनदार श्रीमान् देवलालसिंह बहु सज्जन माणस छे. घाटीगांवथी काचे रस्ते आशरे मा० १॥ धुंवाव गाम छे, त्यां दि० नां घर आशरे २९ छे. गाम सारुं छे, बजार छे. त्यां नेनाराम वैद्य वृद्ध अने अनुभवी छे.

१९५ लश्कर, सिंधीया (ग्वालियर) सरकारनी राज्यधानीनुं मुख्य, रमणीय अने मोटुं शहेर छे. मा० नं० ८०—१ पासेथी बे सडको जुदी पडे छे. तेमांथी आ. रो. ना नंबर वाळी सडके चालवुं. रेल्वे लाइनवाळी सडके जवाथी सराफा ल० १ माइल वधारे थाय छे. मा० नं० ७४—४ थी आगरारोड छोडी त्यांथी ल० ०॥। माइल चाली देरासरे आव्या, जैन धर्मशालामां उतर्या. बे देरासरो पैकी सराफामां मोटुं अने रमणीय देरासर छे, तेमां एक सारो पुस्तकभंडार छे. अहिंथी ल० १ माइल दूर दादावाडीमां बीजुं देरासर, धर्मशाला विगेरे छे. आ० गृ० १ शेठ रिधराजजी धाडीवाल, २ शेठ बस्तीमलजी कोठारी. धर्मशालामां अने यतिजी पासे पुस्तक संग्रह सारो छे. श्रीविजयधर्मसूरि स्मारक पाठशाला अने कन्याशाला स्थापन थइ छे. लश्करमां स्था. वा. नां घर ल० २९ छे. दि० नां घर ल० ४००, देरासर १८ अने चैत्यालय ४ छे, तेमां मुख्य बे मंदिरो बहु विशाल अने दर्शनीय छे. जोवालायक स्थानो—१ ग्वालियरनो किल्लो अने म्युझीयम, २ फूलबाग अने मोतीबाग, ३ कोलेज, ४ होस्पीटाल, ५ राजमहेल विगेरे. आखा ग्वालियर स्टेटमां जैनोनी कुल वस्ती ३८९०६ माणसनी छे.

१९६ ग्वालियर, सिंधीया सरकारनी जूनी राज्यधानीनुं गाम छे, अत्यारे पडी भांग्युं छे. लश्कर, ग्वालियर अने मुरार त्रणे पासे पासे होवाथी एक साथे मळेलां होय तेम लागे छे. ग्वालियरमां *अत्यारे श्रावकनी वस्ती नथी, पहेलां हती. दि० नां घर २९* तथा देरा० १० छे. स्टेशन अने बजार छे.

१९७ मुरार, ग्वालियर सरकारनो केंप छे, स्थानकमां उतर्या. ओसवालोनां १० घर छे. दि० नां घर २९ तथा देरा० २ छे, स्टेशन अने बजार छे. शिवपुरीवाला राजमलजी सुराना अहिं रहे छे. बहु भक्तिवाला छे.

१५८ ग्वालियर स्टेशन ऊपर राय बहादुर छनुलालजीना बंगलामां उतर्या. शेठ विनोदीराम बालचंदनो बंगलो पण पासेज छे. उताराथी किल्लानी सडके चडी ग्वालियर गाममां थइ ल० ३॥ माइल चाली आगरारोडे चड्या. मा० नं० ७१–२. परंतु सीधे रस्ते जनारे सराफाथी ल० १ माइल दादावाडी जइ मा० नं० ७३–६ थी आगरारोड ऊपर चडी जवुं. आनी आसपासमां रस्ता ऊपर माइलना चोतरा आवे छे तेमां मा० नं० बराबर नथी, माटे सडक ऊपर आवता मा० नं० ना पथ्थरोनेज साचा समजवा.

१५९ पुराणी छावणी, सडक ऊपरज लश्करवाळा लाला गजपतराय कायस्थना मकानमां उतर्या. अहिंथी गाम बे फर्लोंग दूर छे. सीधे रस्ते सराफाथी पुराणी छावणी पांच माइल थाय छे. मा० नं० ६९–१ पासेथी एक पाकी सडक ( मा० ६॥ ) मुरार गइ छे. बीजीवार मा० नं० ६६–६ पासे एग्रीकल्चर डीपार्टमेंट ( खेतीवाडी खातानी ओफीस ) ना बंगलामां अने चोकीदारना मकानमां उतर्या.

१६० वामोर, मा० नं० ६४ पासेथी सडकथी थोडुं दूर छे. मा० नं० ६३ पासे मोटी लाइननुं स्टेशन तथा सीमेंटनी मोटी मील छे. स्टेशननी सडक ऊपर ठेकेदारना नवा मकानमां उतर्या. बीजीवार सीमेटनी मीलना आसीस्टंट मेनेजर भावनगरी महेताना क्वाटरमां उतर्या. वामोरमां उतरवाना स्थान माटे मुश्केली छे.

१६१ नूराबाद, परगणुं छे. स्टेशन, बजार अने डाकबंगलो छे. रामानुज बावाना मंदिरमां उतर्या. गामनी पासेज घोडापछाड नामनी नदी छे तेना ऊपर तेलीनो बंधावेलो जूनो पुल जोवालायक छे

१६२ जोरा, रामचंद्रजीना मंदिरमां तथा एकवार माताना मंदिरमां उतर्या. सडकथी १ फर्लोंग गाम दूर छे. अहिंथी मुरेनानी सडक ( माइल १॥ ) गइ.

१६३ मानपुर, डाकबंगलामां उतर्या. पासेज गाम छे. गाममां नंबरदार जीमीपालसिंह लायक माणस छे. अहिंथी ०॥ माइलमां चंबल नामनी मोटी नदी छे, दर वर्षे दीवाली बाद काचो पुल बांधवामां आवे छे, अने जेठ मासमां खोली नांखे छे. पुल न होय त्यारे नावथी उतरवुं पडे छे.

१६४ धौलपुर, मा० नं० ३६–२ थी आगरारोड छोडी शहेरनी सडके चडी ल० १ माइल चाली शेठ चंदनमलजी ओसवाल जैनीनी कोठीमां उतर्या. धौलपुर स्टेट छे. गाम मोटुं छे, बजार अने स्टेशन छे. दि० नां घर छे. उताराथी ल० १ माइल चाली आ. रो. ऊपर चड्या, मा० नं० ३४–२.

१६५ मनीआ, मा० नं० २६–४ पासे डाकबंगलामां उतर्या मा० नं० २६–१ पासे मनीआ गाम छे, त्यां दि० नां घर ५ छे. एक सोनार बहु भक्तिवाळो छे. मनीआ स्टेशन छे. मा० नं० २४–७ पासे मनीआकीचोकी नामनुं गामडुं छे, त्यां दि० नां घर ३ छे. बाबुलाल जैन सज्जन माणस छे. मा० नं० २०–१॥ पासे धौलपुर स्टेटनुं पोलीसथाणुं छे. मा० नं० १९–५ पासे जाजउ डाकबंगलो छे.

१६६ तेहराकाबाग, मा० नं० १३–६ पासे बागमां उतर्या. अग्रवाल वैश्य मोदी भक्त छे. अहिंथी तेहरा गाम ०॥ माइल दूर छे. मा० नं० ११–२ पासे खारीनदी डाकबंगलो छे.

१६७ बाध, आगरांवाळाना बगीचामां उतर्या. मा० नं० ८ पासे ककुवा गाम छे. मा० नं० ३–२ पासे ' सिंघोका नगला ' आर्य पाठशालामां रात रह्या.

१६८ आगरा, रोशन महोल्लामां श्रीचिन्तामणि पार्श्वनाथजीना देरासर पासे उपाश्रयमां उतर्या. आ उपाश्रय श्रीहीरविजयजी सूरीश्वरजीना वखतनो कहेवाय छे. पासेज जैनधर्मशालामां श्रीआत्मानंद पुस्तक प्रचारक मंडल, उपाध्याय श्रीवीरविजयजी जैन पुस्तकालय अने जैन पाठशाला छे, नीमकमंडीमां श्रीशांतिनाथ जैन क्लब अने श्रीविजयधर्मसूरि जैनमंडल छे. शहेरथी ल० २ माइल दूर दादावाडी छे, तेमां देरासर १, श्रीमान् हीरविजयसूरीश्वरजीनी चरणपादुकानी देरी, दादाजीनी देरी अने धर्मशाला विगेरे छे. आ० गृ० १ बाबु गुलाबचंद छुट्टनलालजी झवेरी, २ बाबु छोटेलाल अबीरचंद ह. गुलाबचंदजी. स्था० वा० नां घर ल० ५० तथा स्थानक, पाठशाला अने लायब्रेरी छे, तेमनुं जैनपथ प्रदर्शक नामनुं साप्ताहिक नीकले छे. दि० नां घर १०००, देरासरो २२, चैत्यालय ६, धर्मशाला, जैनकुमारसभा, पुस्तकालय, पाठशाला ५, कन्याशाला २ विगेरे छे. तेमनुं " जेसवाल जैन " नामनुं मासिक नीकळे छे. दिगंबर जैन बोर्डींग छे. ते सिवाय अहिं ल० १०० घर पल्लीवालोनां छे. ते पण गमे ते फीरकाने मानवावाळा जैनज छे. जोवालायक स्थानो—१ ताजमहेल, २ किल्लो, ३ यमुनानो पुल, ४–५ बन्ने कोलेजो, ६ दयालबाग, ७ सिकंदरा, ८ एतमादुद्दौलह विगेरे.

१६९ बेलनगंज, आगराफोर्टथी ल० १ माइल दूर आगराशहेरनुं एक मोटुं परुं छे. अहिं धनाढ्योनी घणी वस्ती छे. जगद्पूज्य गुरुवर्य श्रीविजयधर्मसूरीश्वरजी महाराजना उपदेशथी दानवीर शेठ लखमीचंदजी बैदे श्रीसुपार्श्वनाथ भगवाननुं एक भव्य देरासर

नवुं करावी पूज्यपाद आचार्य श्रीविजयेन्द्रसूरिजी महाराज पासे तेनी संवत् १९७९ ना वैशाख शुदी ७ ने सोमवारे प्रतिष्ठा करावी छे. तथा तेज समयमां, जगत्पूज्य गुरुवर्यनी खास भलामणथी शेठ लखमीचन्दजी बैदे करावेल **श्रीविजयधर्म लक्ष्मी ज्ञानमंदिर** नामनुं जैनसमाजमां अद्वितीय पुस्तकालय घणा मोटा पाया ऊपर तेओश्रीए शरु करावी जाहेर प्रजाने माटे खुल्लु मुकाव्युं छे तेमां पूज्यपाद गुरुवर्यनो तमाम पुस्तकभंडार तथा शेठ लक्ष्मीचंदजी लायब्रेरीने मेळवी देवामां आव्यां छे. हस्तलिखित अने छापेलां थइने ल० वीश हजार पुस्तकनो संग्रह छे, अनेक भाषाओनां पेपरो आवे छे, तेनो तमाम जाहेर प्रजा सारी रीते लाभ ले छे. मंदिरनी पासेज उपर्युक्त शेठजीए मोटी धर्मशाला बंधावी छे तेमां यात्रालुओने उतरवानी सगवड छे. तेमज तेमना तरफथी जैनपाठशाला अने सरस्वती प्रीन्टींग प्रेस पण चाले छे, शेठ तेजकरणजी चांदमलजीने त्यां घरदेरासर छे.

१७० आगराथी मथुरा सुधी ( माइल ३९ ) अने मथुराथी वृन्दावन सुधी ( माइल ६ ) पाकी सडक छे. यमुनानो नवो पुल उतर्या पछी मा० नं० शरु थाय छे. पहेलां बधा पल्लीवालो प्रायः श्वेतांबर मूर्त्तिपूजक जैनो हता, पण पाछलथी संवेगी साधुओना उपदेशना अभावथी आगरा जील्लाना पल्लीवालो प्रायः दिगंबर आम्नाय मानवा लागी गया छे. अने केटलाक स्था० वा० आम्नाय माने छे. पण तेओ हजु सुधी एटलुं तो जरुर जाणे छे के अमो श्वेतांबर मूर्त्तिपूजक जैन छीए.

१७१ सिकंदरा, स्टेशन छे. पल्लीवालनुं घर १, दि० नां घर ९ तथा देरासर १ छे. दिगंबरीनी धर्मशालामां उतर्या. सिकंदरो ( जेमां बादशाह अकबरनी कबर छे ) जोवालायक छे. मा० नं० ९–४ थी कैलासनी पाकी सडक ( माइल १॥ ) जाय छे. त्यां जमनाना किनारा ऊपर हिंदुओनुं धाम छे. स्थान रमणीय छे.

१७२ रुणकटा, स्टेशन छे. पल्लीवाल जैनोनां घर ७ छे, सडक ऊपर जूना थाणामां अने बीजीवार श्रावक जवाहिरलालजीना मकानमां उतर्या. श्रीमान् आचार्य महाराजश्रीविजयेन्द्रसूरीश्वरजीना उपदेशथी घरदेरासर स्थापन थयुं छे. धातुनी प्रतिमा छे.

१७३ फरा; कस्बो छे. स्टेशन अने बजार छे. अहिं अग्रवालोनां घर ९० छे. सडक ऊपर धर्मशालामां उतर्या. मा० नं० १९–२ पासे डाकबंगलो छे.

१७४ मथुरा, जील्लो छे. शहेर मोटुं छे. हिंदु अने जैनोनुं प्राचीन तीर्थ छे. मा० नं० ३९ थी ल० १ माइल बजारमां चाली घीयामंडीमां जैन श्वे० मंदिरे गया. पासेज दि०

जैनधर्मशालामां उतर्या. पहेलां घीयामंडीमां मूलचंदजी वकील जैनना कमरामां पण उतर्या हता. दि० नां घर ३०, देरासर २ अने चैत्यालय २ छे. जैनो भक्तिवाला छे. अहिं 'चोरासी' नामनुं दिगंबर जैनमंदिर दर्शनीय छे. अहिंनुं सरकारी म्युझीयम पण जोवा लायक छे, तेमां जैनोनी जमीनमांथी नीकळेली प्राचीनमां प्राचीन मूर्त्तिओ तथा शिलालेखोनो संग्रह सारो छे. मथुरामां जंबू स्वामीनुं निर्वाण थएलुं छे.

१७५ वृन्दावन, हिंदुओनुं तीर्थ छे. मा० नं० १ पासे मीरजापुरवाळानी हिन्दु धर्मशालामां उतर्या. पल्लीवाल जैनोनां घर २ छे, दि० नुं घर १ तथा मंदिर १ छे. श्रावक चांदमलजी जैन ओसवाल, ठे. छीपीगली. जोवालायक स्थानो—१ आर्यसमाजगुरुकुल, २ प्रेममहाविद्यालय, ३ मानसिंहजीनुं लालमंदिर, ४ (मथुरा निवासी दि० जैन शेठ लखमीचंदजीनुं बनावेलुं) रंगजीनुं मंदिर, ५ शाजीनुं आरसनुं मंदिर, ६ जयपुर महाराजानुं मंदिर विगेरे.

---

१७६ शिवपुरी (ग्वालियर स्टेट), उपाश्रयथी रवाना थइ ल० १ मा० चाली सख्याराजा सदाव्रत धर्मशाळामां रात रह्या. शिवपुरीथी झांसी सुधी पहाडो अने जंगल वधारे छे. पण सडक पाकी अने चालु छे. शिवपुरीथी झांसी जतां रस्ताना सुरवाया अने दीनाराना डाकबंगला सं. १९८१ मां सरकारे काढी नांख्या छे. शिवपुरीथी ग्वालियर मा० ६९ अने आगरा मा० १४४ थाय छे

१७७ सुरवाया, मा० नं० १२ पासेथी सुरवाया गाम बे फर्लांग दूर छे. मा० नं० १२—४ पासे सडक ऊपर डाकबंगळामां उतर्या. सुरवायामां जूना किल्लामां प्राचीन वस्तुओ छे. दि० नां घर छे.

१७८ मीतलोनीकी खदानमां सीपरीवाळा वृद्धिचंदजी ओसवाल ठेकेदार श्रावकनुं घर छे. अहिंथी ल० १ माइल सुधी पहाडनी घाटी उतरवानी आवे छे.

१७९ मा० नं० २६—६ पासे सडक ऊपर पडावमां उतर्या. अहिंथी सीरसोदे गाम १॥ माइल दूर छे सडक गइ छे.

१८० करेरामां सडक ऊपर रसाला पासे रामचंद्रजीना मंदिरमां रात रह्या. तेनी पासे नानी धर्मशाला छे. सडकथी ०॥ माइल दूर करेरा गाम छे. त्यां दिगंबरीनां घर तथा देरासर छे. सडक ऊपर डाकबंगलो मा० नं० ३२-६ ऊपर छे. बीजी वखत तेमां उतर्या.

१८१ झांसी, गवर्नमेंट जील्लो छे. शहेर सारुं छे. सरकारी छावणी छे. मोटुं जंक्शन छे. झांसीनो किल्लो जोवालायक गणाय छे. मा० नं० ९९ पछी कानपुर—लखनौनी सडक छोडी शहेरनी सडके चडी ल० ३ माइल चाली देरासरे गया, शेठ भीखमचंदजी रामचंदजी हः गुलाबचंद मीलापचंदजी ओसवालना मकानमां तथा मुन्नालालजीनी हिंदुधर्मशालामां उतर्या. सदर बजारमां ओसवालोनां बे घर छे. अहिं दिगंबरीनां ल० १०० घर तथा ४ देरासर छे. झांसीनी छावणीथी कानपुर ( मा० १४० ) थइ लखनौनी (मा० १८८) पाकी सडक छे. देरासरथी ल. ०॥। माइल चाली बडेगांव दरवाजा बहार हनूमन्निवास मंदिरमां रात रह्या. त्यांथी १॥। माइल चाली कानपुर--लखनौनी सडके चड्या, मा० नं० १८४-४.

१८२ बडेगांवमां सडक ऊपर हनूमान्ना मंदिरमां उतर्या. डाकबंगलो छे. दिगंबरीनां बे घर छे.

१८३ चीरगांवमां दिगंबरीनां घर १६ तथा देरासर बे छे. स्टेशन, बजार, डाकबंगलो विगेरे छे. गाम ठीक छे.

१८४ मोठ, परगणुं छे. स्टेशन, बजार अने डाकबंगलो छे. दिगंबरीनां घर ९ तथा देरासर २ छे.

१८५ खीलीमां आहीरना चोतरा ऊपर उतर्या. अहिंनो कूवो जोवालायक छे, बे मजलानी धर्मशाळा तरीके ते कूवामां माणसो आराम लइ शके छे वावडीनी जेम ठेठ सुधी अंदर उतरी शकाय छे. पाणी पण घणुं भरेलुं रहे छे.

१८६ पूंछ, सडकथी ल. बे फर्लांग दूर छे. स्टेशन छे. गाम सीसो पासे डाकबंगलो छे.

१८७ अैट, सडकथी २—३ फर्लांग दूर छे. सडक पासे मदरसामां तथा पडावमां उतर्या. स्टेशन तथा कस्बो छे.

१८८ ओरइ, जील्लो छे. पहेलां जालौन जील्लो हतो, तेनुं बधुं दफतर, कचेरी, कलेकटर विगेरे ओरइमां रहे छे, तेथी हवे ओरइ जील्लो कहेवाय छे. स्टेशन अने बजार छे. उतरवानी अडचण छे. पाका तलाव ऊपर थोडी जग्या छे पण ते नानी छे. बाबु कुंवरबहादुर वकीलना मकानमां उतर्या. मारवाडी ओसवालोनी बे दुकानो छे. गाम मोटुं छे.

१८९ ओसरगांवमां सडकथी १ फर्लांग दूर शिवालयमां उतर्या. स्टेशन छे.

१९० काल्पीमां मा० नं० ९८ थी बे फर्लांग दूर लोटनगंजमां शेठ मणशी लखमशीनी दु-

काने उतर्या. अहिंथी १ माइल दूर बडाबजारमां देरासर, उपाश्रय, तथा बाबुनां बे घर छे. आ. गृ. १ शेठ म. लं. २ शेठ नेणशी देवशी. काल्पीमां दिगंबरनां घर ४ तथा देरासर—२ छे. डाकबंगलो, स्टेशन, बजार अने परगणुं छे. गाम मोटुं तथा जूनुं छे. अहिंथी ल० १ माइले यमुना नदी आवे छे, तेना ऊपर दरवरसे दीवाली पछी काचो पुल बांधे छे अने जेठ शुदि १० पछी खोली नांखे छे, पुल न होय त्यारे नावथी उतरवुं पडे छे.

१९१ पोखरायनमां शेठ मणशी लखमशीना मकानमां उतर्या. तेमनी काल्पीनी दुकानना रोकडीयानो पुत्र बालाजी अहिं रहे छे. परगणुं अने स्टेशन छे. स्कूलमां राते सुइ रह्या.

१९२ बारामां सडक ऊपर सरकारी सराइमां तथा डाकबंगलामां उतर्या. सडकथी गाम २—३ फर्लांग दूर छे.

१९३ कानपुर, जील्लो छे. शेहेर मोटुं, रमणीय अने व्यापारनुं मोटुं मथक छे. गाममां ट्राम चाले छे. मा० नं० ९० थी सडक छोडी त्यांथी १ माइल चाली काचना जैन मंदिर सामेनी जैन धर्मशालामां उतर्या. काचनुं जैन श्वेतांबर मंदिर मनोहर अने खास दर्शनीय छे. आ. गृ. १ बाबु संतोकचंदजी भंडारी, २ शेठ कुंवरजी उमरशी, ३ शा० चीमनलाल सरुपचंद. दिगंबरीनां घर ल० २९०, देरासर ३ तथा चैत्यालय २ छे. धर्मशालाथी नीकली ल० २ माइल चाली दील्ली—कलकत्ता रोड ऊपर चढ्या पछी मा० नं० ११९ मो आव्यो. कानपुरथी दील्ली मा० २६९, कलकत्ता मा० ६२०, अल्हाबाद मा० १२१ अने फतेहपुर मा० ४७ थाय छे.

१९४ बडाहारमां पाका तलाव पासे पडावमां उतर्या. ल० मा० नं० ९९७ पासे आसपुर डाकबंगलो छे.

१९५ मलवांमां सराइमां तथा शिवालयमां उतर्या. स्टेशन छे. मा० नं० ९८४—२ पासे दोलतपुर डाकबंगलो छे.

१९६ मा० नं० ९७३ थी ९७१ सुधी फतेहपुर शहेर छे जील्लो छे. स्टेशन, बजार अने डाकबंगलो छे. आने फतेहपुर—हसवा कहे छे.

१९७ खागामां मा० नं० ९९०—९ पासे पडावमां उतरवानी जग्या सारी छे, पण वरसादनो भय होवाथी त्यांथी ०॥ माइल चाली गंगाजीनी सडके हनूमानमंदिरमां

उतर्या. स्टेशन, बजार अने परगणुं छे. तेज रस्ते पाछा आवी सडके चड्या. ल० मा० नं० ५४६ पासे कटोवनमां डाकबंगलो छे.

१९८ अल्हाबाद, मा० नं० ४९७—९ पछी दी० क० रोड छोडी ल० ०॥ माइल चाली यमुनाना पुल पासे कच्छी भाटीया कानजी खेतशीनी धर्मशालामां उतर्या आ. गृ. १ पाल्हणभाइ तेजपाल, २ शेठ कुंवरजी उमरशी हः हरशीभाई गणपत. दिगंबरीनां घर, धर्मशाला अने मंदिरो छे. तेज रस्ते ०॥ माइल पाछा आवी दी. क. रोड ऊपर चडवुं अथवा जमना किनारे थइ गंगानी सडके चडी दारागंज पासे थइ पुल पासे जवुं. दारागंज अने झुसी वच्चे गंगानदी उतरवी पडे छे, दर वरसे दीवाली पछी काचो पुल बंधाय छे अने जेठ सुदी १० ने दिवसे खोलवा मांडे छे, पुल न होय त्यारे नावथी उतरवुं पडे छे. माटे मंजुरी मेळवी नानी लाइनना रेलना पुल ऊपरथी जवुं सारुं छे. अल्हाबाद, यु. पी. नी राजधानीनुं मोटुं अने रमणीय शहेर छे. संयुक्त प्रान्तना गवर्नर अहिं रहे छे. हिंदुओनुं मोटुं तीर्थ छे. जैनोनुं पण तीर्थ छे, केमके आने अयोध्या नगरीनो पुरिमताल नामनो पाटक ( पाडो ) कहेवामां आवे छे, त्यां प्रथम तीर्थंकर श्रीऋषभदेव भगवान्नुं दीक्षाकल्याणक थएलुं छे, तेनी निशानी तरीके हजुं किल्लामां प्राचीन वड नीचे भगवान्नी पादुका तथा पासेज जैननी बे मूर्त्तिओ छे. अल्हाबादमां एक जैन श्वेतांबरी मंदिर नवुं तैयार थएलुं छे, पण अन्य दर्शनियोए तेनी प्रतिष्ठा थवा नहीं दीधी तेथी खाली पडयुं छे. संयुक्त प्रान्तमां जैनोनी कुल वस्ती ६८१११ माणसनी छे. अल्हाबादमां जोवालायक स्थानोमां किल्लो तथा यमुनानो पुल मुख्य छे.

१९९ झुसीमां कीशोरीलालनी धर्मशालामां उतर्या अने डाकबंगलामां रात रह्या. स्टेशन छे. अहिंनी धर्मशालामां घणी सगवडता पूर्वक मुसाफरोनी इच्छानुसार मोटा पाया ऊपर सदाव्रत अपाय छे. अहिंथी जौनपुर थइ गोरखपुर तरफ एक पाकी सडक गइ छे.

२०० गोपीगंजमां पुरुषोत्तमदास चौधरीना मकानमां उतर्या. गाम बहार लक्ष्मीनारायण बघेल जमीनदारना मकानमां रात रह्या. स्टेशन अने बजार छे. अहिंथी मीरजापुरनी (मा० १२) पाकी सडक छे. मा० नं० ४५५ पासे लालानगरमां डाकबंगलो छे. मा० नं० ४५०—३ पासे ओराइना थाणाथी मीरजापुरनी पाकी सडक (मा० ८) गइ छे. मीरजापुरमां श्रा. घर १०, देरासर १ अने उपाश्रय १ छे.

२०१ महाराजगंज; सडक ऊपर तलाव, शिवालय अने कूवो छे त्यां उतर्या. सडकथी गाम १ फर्लांग दूर छे. गाममां महावीर हलवाइ उतरवानी जग्या आपे छे. बजार छे,

बाबुसराइमां डाकबंगलो मा० नं० ४४३—६ पासे छे. तमाचाबाद गाममां मुकाम करवो नहीं, वस्ती सारी नथी.

२०२ राजाकातलावमां सडक ऊपर शिवालय विगेरे छे. पाका तलाव ऊपर श्रीमान् काशीनरेशनो बंगलो छे. स्टेशन अने डाकबंगलो छे. सडक ऊपर बनारसना महाजनना शणना कारखानामां उतर्या. मा० नं० ४२४—६ थी दील्ही कलकत्ता रोड छोडी मडवाडीनी सडके चड्या, मा० नं० २—४.

२०३ मडवाडीमां बबुवा पांडेना बगीचामां उतर्या. बजार, स्टेशन तथा स्टेशन ऊपर धर्मशाला छे.

२०४ बनारस ( काशी ), ए मोटुं अने घणुं प्राचीन शहेर छे. हिंदुओनुं मोटुं तीर्थ छे तेमज जैनोनुं पण मोटुं अने प्राचीन तीर्थ छे. श्रीचंद्रप्रभ भगवान्, श्रीश्रेयांसनाथ भगवान्, श्रीसुपार्श्वनाथ भगवान् अने श्रीपार्श्वनाथ भगवान्नां मळीने काशीमां १६ कल्याणक थयां छे. १ सिंहपुरी, १ चंद्रावती, १ भेलुपुर, १ भदैनी, १ य. वि. जैनपाठशाला अने शहेरनां ८ मळीने अहिं कुल १३ देरासरो छे. यात्रा करवा लायक छे. श्री य. वि. जैनपाठशालामां ( अने शहेरनी बाहर उतरवुं होय तो ) भेलुपुरमां जैन यात्रालुओने उतरवानी सगवड छे. आ० गृ० १ बाबु शिखरचंदजी चौधरी. २ झवेरी मंछारामजी लाभचंदजी. सद्गत पूज्यपाद गुरुवर्य शा. वि. जै. श्रीविजयधर्मसूरीश्वरजी महाराजश्रीए अथाग परिश्रम वेठी अहिं पधारी श्रीयशोविजय जैनपाठशाला, श्रीयशोविजय जैनग्रंथमाला अने श्रीकाशीपशुशाळा स्थापी हती. तेनी विशेष हकीकत माटे ते ते संस्थाओ तरफथी बहार पडेला रीपोर्टो जुओ. पाठशाला अन्तर्गत श्रीहेमचंद्राचार्य जैनपुस्तकालय, देरासर अने गुरुमंदिर छे. रामघाट ऊपर बडा मंदिरमां पुस्तकभंडार छे. काशीमां जोवालायक स्थानोमां हिंदु विश्वविद्यालय, हिंदु कोलेज, क्विन्स कोलेज, गंगा नदीनो रेलनो पुल, गंगा नदीना किनारा ऊपरना घाटो, काशी विश्वनाथनुं मंदिर, गोपालमंदिर, सारनाथ प्राचीन संग्रहस्थान, राजा मोतीचंदजी साहेबनो बगीचो, नवी कोर्ट ( कचेरी ), भेलुपुर वोटरवर्कस विगेरे मुख्य छे. दी० क० रोड मा० नं० ४२२ मो बनारस छावणीमां छे.

२०५ फागणामां मारवाडी ओसवालोनां १५ घर छे. श्रावकना घरमां उतर्या.

२०६ वनी—आंबडामां मारवाडी ओसवालनुं १ घर छे. राजपूत पोलीसपटेलना घरमां

तथा चावडीमां उतर्या. वनी अने आंबडा, बन्ने गामनी वच्चे नदी वहे छे नीचो पुल बांधेलो छे.

२०७ चोपडा–कुंडालामां गाममां देवळमां उतर्या अने सांजे गाम बहार जइ सडक ऊपर ओसरीमां रात रह्या.

२०८ जनवामां मारवाडी ओसवालोनां ४ घर छे. मठमां तथा स्कूलमां उतर्या.

२०९ कमखेडामां मारवाडी ओसवालोनां ४ घर छे. चावडीमां रात रह्या. आ० गृ० शेठ धनराजजी पुनमचंदजी. कुरखली अने कमखेडा वच्चे तापी नदी उतरवी पडे छे.

२१० पासटामां मारवाडी ओसवालोनां ४ घर छे. आ० गृ० शेठ लखमीचंदजी चत्रभुज.

२११ बेटावदमां आ० गृ० शेठ शामजी रामलालजी हः छोगमलजी. मारवाडी ओसवालनुं १ घर छे. श्रावकनी दुकानमां उतर्या. स्टेशन छे.

२१२ कलमसरामां श्रावक मोतीलालजी मीश्रीलालजी तथा माणेकचंदजी कपूरचंदजीना मकानमां उतर्या. उपाश्रय थवानो छे. आ० गृ० १ शेठ हमीरमलजी नथमलजी, २ शेठ हीरालालजी चुनीलालजी. अहिंथी ल० मा० २॥ मारवड सुधी काचे रस्ते जइ अमलनेरनी पाकी सडके चड्या, मा० ६॥.

२१३ अमलनेर, जलगांव जील्लानो तालुको छे. गाम मोटुं छे. स्टेशन छे. अहिं श्रावकोनां घर–६० छे तेमां २० घर गुजरातीनां, १० कच्छीनां अने ३० मारवाडीनां छे. अहिं जूनुं देरासर मोटुं छे तेनो जीर्णोद्धार करवा माटे तद्दन नवुंज देरासर कराववा अहिंना श्रावको धारे छे. जैन बोर्डींग माटे नवुं मकान तैयार थइ गयुं छे. हजु चालु थई नथी. आ. गृ. १ शेठ चुनीलाल छगनलाल, २ शेठ मगनदास भूखणदास, ३ शेठ रतनचंद दगडुशा हः शेठ भोगीलाल. स्थानकवासीनां ८–१० घर छे. पूर्व खानदेश ( जलगांव जील्ला ) मां जैनोनी कुल वस्ती ८७०० माणसनी छे. अहिंथी चोपडा थइ जलगांवनी पाकी सडक गइ छे.

२१४ शिरसाळाथी अमलनेर सुधी काचो रस्तो छे. आ. गृ. १ शेठ दलीचंद, २ शेठ लखमीचंद. दलीचंदशेठने त्यां घरदेरासर छे. दिगंबरीनां घर १२ तथा देरासर १ छे.

२१५ ( रत्ना ) पीपरी, मा० नं० ६–४ पासेथी सडक छोडी बे फर्लोंग चाली गाममां शामजी देवजीना मकानमां उतर्या. कच्छी श्रावकनां बे घर गाममां छे अने मारवाडी श्रावकनां बे घर सडक पासे सामा गाममां छे. गामथी पाछा बे फर्लोंग चाली सडके चड्या, मा० नं० ७ आ. गृ. १ शेठ गंगाजर देवजी, २ शेठ भारमल देवजी.

२१६ पारोला, पहेलां तालुको हतो. गाम सारुं छे. आ. गृ. शेठ हीराचंद रतनचंद हः भोगीलाल अमदावादवाला. अहिं श्रावकनां १६ घर छे तेमां ४ घर गुजरातीनां, २ कच्छीनां अने १० मारवाडीनां छे. दिगंबरी हुंबडनां ल० २५ घर तथा देरासर २ छे. अहिंथी १ धुलीयानी ( मा० २२ ), २ धरणगांवनी, ३ जलगांवनी, ४ भुसावळनी अने ५ पांचोरानी पाकी सडको छे.

२१७ बादरपुरमां आ. गृ. १ शा. वालचंद मोतीचंद, २ शा. माणेकचंद रूपचंद. अहिंथी पारोलानी पाकी सडक (मा० ६) छे. मारवाडी ओसवालोनां घर ४ छे. अहिंथी काचे रस्ते रत्नापीपरी मा० ५, अमलनेर मा०८ अने शिरसाला मा० १२ थाय छे. अहिंथी धुलीया जवुं होय तो एक माइल काचे रस्ते गया बाद पारोला अने धुलीयानी सडके चडी मुक्ति–फागणा थइने धुलीया जवाय छे. मुक्ति अने फागणामां मारवाडी ओसवालोनां घरो छे.

२१८ अल्हाबादमां यमुनाना पुल पासे कच्छी कानजी भाटीयानी सदाव्रत वाळी धर्मशालामां उतर्या. त्यांथी यमुनानो पुल उतरी माणेकपुरनी सडके चड्या. अहिंथी आ सडकनो माइल नंबर शरु थाय छे. अहिंथी बारा सुधी पाकी सडक छे. पुल पासेथी एक पाकी सडक नयनी थइने मीरजापुर तरफ गइ छे.

२१९ बाराथी माणिकपुर सुधी काचो रस्तो छे. रस्तो बहुज खराब अने जंगल छे. रेल्वे सडकनो रस्तो कांइक ठीक छे. शंकरगढथी चित्रकूटनी काची सडक छे ते पण रस्तो खराब छे. आ तरफमां साथे भोमीयो बराबर गामे गामथी लेवो.

२२० बरगढमां स्टेशन ऊपर उतर्या. अहिंथी गाम १ माइल दूर छे. गाममां दिगंबरनां घर तथा देरासर छे. राते पोस्टओफीसमां सुइ रह्या.

२२१ डभौरा स्टेशन ऊपरना बजारनी स्कूलमां अने धर्मशालामां उतर्या. हनूमान मंदिरना चोतरा ऊपर उतरी शकाय छे. व्यापारनु पीठुं छे. डभौरागाम थोडुं दूर छे.

२२२ माणिकपुर जंक्षन, स्टेशन ऊपरनी बजारमां ठाकुरमंदिरमां उतर्या. भरुसासिंह ठाकुरनुं नवुं ठाकुरद्वारा थाय छे त्यां उतरवानी सगवड सारी छे. धर्मशाला पण सडक ऊपर थाय छे. अहिंथी माणिकपुर गाम १ माइल दूर छे. स्टेशन ऊपरनी बजारथी बांदानी सडके चड्या, बांदा मा० नं० ६१, माणिकपुर मा० नं० १.

२२३ करवी, प्राचीन अने मोटुं गाम छे. स्टेशन, बजार अने परगणुं छे. मा० नं० ४४

थी गाम शरु थाय छे, त्यांथी पाकी सडके चित्रकूट छ माइल थाय छे, अने पग रस्ते लग० ४ माइल थाय छे, पण पग रस्ते जतां नदी उतरवी पडे छे माटे सडकेज जवुं सारुं छे.

२२४ चित्रकूट, गंगा किनाराथी गाममां थई १ माइल चाली, गाममां एक हिंदु मंदिरमां त्यांना महंते अमोने उतार्या पछी अमो जैन छीये तेम खबर पडतां तुरतज त्यांथी काढ्या, तेथी गाम बहार सडक ऊपर हनूमानजीना मंदिरमां उतर्या. त्यांथी काचे रस्ते लग० ३ माइल चाली बांदानी सडके चड्या, मा० नं० ३९–४.

२२५ बांदा, जील्लो छे. स्टेशन अने बजार छे. दिगंबर जैन शेठ हीरालालजी कपूरचंदनी मंडीमां उतर्या. दि० नां घर ५०, देरासर ३ अने चैत्यालय २ छे. आ० गृ० १ शेठ परमानंद शिखरचंद, २ शेठ बंसीधरजी. उताराथी ल० १ माइल चाली महोबानी सडके चड्या, मा० नं० ०–२. त्यांथी ल० १ माइले नदी आवे छे, काचो पुल बांधेलो हतो.

२२६ कबरइ, परगणुं छे. स्टेशन अने बजार छे. मा० नं० २१–२ पासे सडक ऊपर पडाव छे. पासेज डाकबंगलो छे. अहिंथी गाम १ माइल दूर छे. पडाव पासेथी एक पाकी सडक हमीरपुर ( मा० ४२ ) थइ कानपुर ( मा० ८१ ) गइ.

२२७ कीराडी, सडकथी नीचे १ फर्लोंग दूर तद्दन नानुं गाम छे. उतरवानी जग्या मुशीबतथी मळी गइ. गाम रहेवा लायक नथी. मा. नं. ३१ पासेथी एक पाकी सडक नवागांव छावणी थइ झांसी ( माइल ९६ ) गइ. तेज रस्ते जवुं सारुं छे. पण अमो ते रस्तो छोडी महोबा स्टेशननी सडके चड्या, मा० नं० ०

२२८ महोबा, परगणुं छे. स्टेशन अने बजार छे. अहिं प्राचीन किल्लो छे. महोबा गाममां थइ मा० नं० १–५ पासेथी ते सडक छोडी कुलपहाडनी सडके चडचा, मा० नं० ०

२२९ कुलपहाड; स्टेशन, बजार अने परगणुं छे. मा० नं० १४–४ थी ते सडक छोडी कुलपहाड स्टेशननी सडके चडचा.

२३० कुलपहाड स्टेशननी सडके १॥ माइल चाली, मा० नं० १ पासेथी जैतपुरानी सडके चडी, त्यांथी ३॥ माइल चाली जैतपुराना झांपे पहोंच्या.

२३१ जैतपुराना झांपाथी ल० १॥ माइल जैतपुराना बजारमां बेलताल तळाव पासे चाली, बेलताल स्टेशननी सडके चडी, १॥ माइल चाली बेलताल स्टेशने गया. बेलताल तळाव घणुंज मोटुं अने जोवालायक छे, मोटो बंधो बांधेलो छे.

२३२ बेलताल स्टेशनथी ल० २॥ माइल गाडा रस्ते अथवा रेलनी पटरी ऊपर चाली छेतरवाळा गाम गया. छेतरवाळामां नंबरदारना मकानमां तथा स्कूलमां उतर्या. गाम तद्दन नानुं छे. त्यांथी पचारा थई रेलनी पटरी ऊपर चालवुं. तेनी पासेज गाडा रस्तो चाले छे. छेतरवाळाथी ११॥ माइल चाली हरपालपुर आव्या.

२३३ हरपालपुरमां स्टेशन, बजार अने डाकबंगलो छे. सडक ऊपर धर्मशाळामां उतर्या. अहिंथी पण रेलनी पटरीथीज मउ जवुं, केमके ते रस्ते मउ १३ माइल थाय छे, अने पाकी सडके जवाथी घणुंज दूर पडे छे. छतां पाकी सडके थइने जवानी इच्छाथी अमो नवागांवनी सडके चड्या

२३४ नवागांवनी सडके ३॥ माइल चाली त्यांथी मउनी सडके २॥। माइल चाल्या बाद झांसीनी सडके चडी ढसाणनदीना बंधा पासे थइने ल० २ माइल चाल्या बाद झांसी जीह्लानी हद आवे छे त्यांथी मउ माइल ९ थाय छे. माइल २॥ मउ बाकी रह्युं त्यारे झांसीनी सडक छोडी मउनी सडके चडी, लग० ३ माइल चाली, बजारमां थइ, नदीने सामे कांठे धनुषधारीना मंदिरमां उतर्या. मउ गाम मोटुं छे. स्टेशन अने बजार छे. दि० नां घर १८ अने देरासर २ छे. नाथुरामजी पोरवाड जैन भक्त माणस छे. धनुषधारीनी धर्मशाळाथी ल० १ माइल काचे रस्ते चाली झांसीनी सडके चड्या, मा० नं० ३७—९. अहिंथी नजीकमां रानीपुर गाम छे.

२३५ बंगरा, गाम तद्दन नानुं छे. सडक ऊपरज सरकारी कोटडीओमां उतर्या. पासेज डाकबंगलो छे.

२३६ सकरार, श्रावकना घरमां उतर्या. दिगंबरनां घर १० तथा देरासर २ छे. आ. गृ. पन्नालालजी छक्कीलालजी परवार, हरप्रसाद, नंदराम, सरूपचंद, शिवलाल विगेरे. स्कूलमां राते सुइ रह्या.

२३७ बरवासागर; स्टेशन अने बजार छे. सडक ऊपर कंपनीबाग छे. प्लेग होवाथी रोकाया नहोता. अहिं दिगंबरनां घर १८ अने देरासर १ छे.

२३८ बरवासागरथी आगळ चाली मा० नं० १० पासे कूवो अने धर्मशाळा छे त्यां उतर्या. त्यांथी त्रीजा पहोरे विहार करी मा० नं० ७—६ पासे बेगवती नदी आवे छे ते नावथी उतरी सामे कांठे चोकी ऊपर धर्मशाळामां रात रह्या. त्यांथी सवारे विहार करी मा० नं० १ पासेथी ते सडक छोडी झांसी शहेरनी सडके चडी ल. २ माइल चाली देरासरे गया. देरासरनी जोडेना कनकमलजीवाळा मकानमां उतर्या. झांसीथी १ मउ—रानीपुर अने नवागांव थइने महोबानी, २ छत्रपुरनी, ३ ललितपुर थइने जबलपुरनी पाकी सडको छे.

**२३९ राण(क)पुर, श्रीआदीश्वर भगवान्नुं तीर्थ छे. जंगलमां भव्य मंदिर छे. धर्मशाला छे.** यात्रालुओने सगवड छे. विशेष हकीकत माटे आगळ जुओ.

२४० देलवाडा तथा अचलगढ बन्ने तीर्थो आबूना पहाड ऊपर छे. आबूनो पहाड वनस्पतिथी भरेलो, रमणीय अने दर्शनीय छे. बन्ने तीर्थोमां प्राचीन मंदिरो तथा धर्मशालाओ छे, यात्रालुओने सगवड सारी छे. कर्नल टॉड साहेब लखे छे के देलवाडाना मंदिरोनी आखा हिंदुस्तानमां कोइ पण मंदिरो तुलना करी शके तेम नथी. विशेष माटे जूओ राजपुतानेका इतिहास, पहला खंड, पृष्ठ २३ अने १७२ थी १८०. देलवाडाथी थोडे दूर आबू कैंपमां सरकारी लश्करी छावणी छे.

२४१ श्रीअंतरिक्ष पार्श्वनाथजी, प्राचीन तीर्थ छे. गामनुं नाम सिरपुर छे. धर्मशाला छे यात्रालुओने सगवड छे. सिरपुरमां दि० नां ५० घर छे. रेल्वे रस्ते आकोलाथी जवाय छे. आकोलामां श्रावकोनां घरो, देरासर, उपाश्रय, धर्मशाला विगेरे छे.

२४२ भांडक, श्रीकेशरीया पार्श्वनाथजीनुं नवुं तीर्थ थयुं छे. धर्मशाला छे. यात्रालुओने सगवड छे.

२४३ इंचोडामां तामीरातना बंगलामां तथा चावडीमां उतर्या. अहिंथी हैद्राबादनी पाकी सडके चड्या, मा० नं० १६१.

२४४ कुल्पाकजी, श्रीमाणिक्यस्वामीनुं तीर्थ छे. धर्मशाला छे. यात्रालुओने सगवड छे. रेल्वे रस्ते मद्रासथी आलेर स्टेशन थइने जवाय छे.

२४५ फरुकाबादमां जैन श्वेतांबरी मंदिर १ छे. तेनी देखरेख लखनौ वाळा राखे छे. दि० नां ५० घर छे. मोटुं शहेर छे.

२४६ कायमगंज, गाम मोटुं छे. दिगंबरीनी वस्ती छे. ठाकुरद्वारामां उतरवानुं मळे छे.

२४७ कंपिलपुर, गाम मोटुं छे. श्रीविमलनाथ भगवान्नां चार कल्याणक अहिं थएलां होवाथी तीर्थ गणाय छे. देरासर रमणीय छे. धर्मशाला सुंदर छे. देखरेख लखनौ वाळा राखे छे. कंपिलपुर खरेखर पवित्र तीर्थभूमिज छे ते आ गामनां खंडेरो जणावी आपे छे.

२४८ अलीगंजमां दि० धर्मशाला छे. स्कूल तथा थाणा पासे श्यामलालनुं घर छे ते तथा वेणीराम सारा माणस छे.

२४९ अलीगंज अने किन्होर वच्चे काली नदी नावथी उतरवी पडे छे. हनुखेरा घाटे उतरवुं. बीजे रस्ते जवाथी रखडवुं पडे छे. किन्होरमां दुर्गाप्रसाद जैनी भक्तिवाला छे.

२९० मैनपुरी, मोटुं शहेर छे. लाला झमनलाल जैनी चौधरी भक्तिवाला छे. दि० नां घर ७९ तथा ७ मंदिर छे. अहिंनो किल्लो जोवा लायक छे. किन्होरथी मैनपुरी आवतां मैनपुरीथी १ माइल दूर दील्लीनी पाकीसडक आडी आवे छे.

२९१ गिहरोर, गाम मोटुं छे. कनौलीमलजी तथा श्यामलालजी विगेरे जैनीओ भक्तिवाला छे.

२९२ शिकोहाबादमां गामने छेडे उतर्या. अहिंथी शौरिपुर १४ माइल थाय छे. शौरीपुरनी विशेष हकीकत माटे आगळ जूओ.

२९३ फीरोजाबाद, शहेर मोटुं छे. दिगंबरीनी वस्ती वधारे छे. उतरवा माटे धर्मशाला विगेरे सुसाधनो छे.

२९४ आगरा, बहु मोटुं शहेर छे. अहिं श्रीमान् हीरविजयसूरीश्वरजीना वखतनो जूनो उपाश्रय छे, मंदिरमां तेओश्रीनी मूर्त्ति स्थापन करेली छे. शहेरनी पासेज यमुनाजीनो पुल अने ताजमहाल जोवालायक छे, कहेवाय छे के—हमेशां २०००० माणसो तेमां काम करतां हतां, एवी रीते बावीश वर्षे ते रोजो पुरो थयो छे, खरेखर दुनियामां एक जोवालायक चीज छे. किल्लो पण जोवालायक छे, त्यां माणस दीठ टीकीटना बे आना ले छे. ताजमहाल मफत जोइ शकाय छे. रोशन मोहोल्लामां उपाश्रयनी पासेज जैन धर्मशाला छे.

२९५ बिछावंदीमां सडक ऊपर ठाकुरमंदिरमां उतर्या. एक बाजु गाम अने बीजी बाजु ठाकुरमंदिर छे. गाम सारुं छे.

२९६ भरतपुर, मोटुं शहेर छे. जैन श्वे० मंदिर ९ छे. पन्नालालजी अने मोतीलालजी विगेरे श्रावको सारा भक्तिवाला छे. अहिंनो किल्लो जोवा लायक छे, किल्लानी चारे बाजुए पाणीथी भरेली खाई छे.

२९७ सेवर, गाम सारुं छे. अहिं भरतपुरना राजानी कोठी, केदखानुं विगेरे छे. उतरवानी जग्या मळे छे.

२९८ झालाटाला, गाम सारुं छे. पल्लीवालनां घर ४ छे. गोचरी मळे छे. उतरवानी जग्या मळे छे. किशोरीलाल, सकरचंद, लालचंद विगेरे भक्तिवाळा छे. अहिं आवतां रस्तामां हलेना नामनुं मोटुं गाम आवे छे.

२५९ महुवामां गाम बहार जयपुरना रस्ते ठाकुरमंदिर अने धर्मशाला छे. अहिंथी जयपुरनुं राज्य शरु थयुं.

२६० दौसा, मोटुं गाम छे. रेल्वे स्टेशन छे. सडकथी बे फर्लांग डाबी बाजु छे. लक्ष्मीनारायण तथा रूपनारायण विगेरे जैनोनां घर छे.

२६१ मोहनपुर, गाम सारुं छे. उतरवा स्थान मळे छे. दिगंबर तथा पल्लीवालोनी वस्ती छे.

२६२ घाट, आ जयपुर राज्यनी बहु रमणीय अने विशाल जग्या छे. घणा लोकोनी हवेलीओ छे. कोइ कारणसर लोको तेमां निवास करे छे. जैन श्वे० देरासर १ छे. उतरवाना स्थाननो पार नथी.

२६३ जयपुर, मोटुं शहेर छे. श्रावकोनां घर ल० १०० तथा देरासरो ११ छे. अहिंनुं चित्रकाम दुनियामां एक नमूनेदार थाय छे. आ शहेरनी बांधणी जुदीज रीतनी होवाथी बहु रमणीय लागे छे. रामनिवास बगीचो तथा संग्रहस्थान खास जोवा लायक छे. अहिंथी ४ कोस सांगानेर तथा त्रण कोस आमेरनी यात्रा करी पाछा अहिं आववुं.

२६४ जयपुरस्टेशनपर एक जैनधर्मशाला छे. तेमां श्रीकेशरीयानाथजीनुं देरासर छे.

२६५ भाखरोटा वावडी, सडकथी नजीक छे. अहिं दिगंबरीनी वस्ती छे. उतरवा स्थान मळे छे.

२६६ ठीकरी, सडकथी जमणी बाजु थोडे छेटे छे. दिगंबरीनुं घर १ भक्तिवालुं छे.

२६७ दांत्री, सडकथी जमणी बाजु अरधो फर्लांग दूर छे. जैन श्वे. नां ५–७ घर घणां भक्तिवालां छे तथा एक देरासर छे.

२६८ किसनगढ, मोटुं शहेर छे. श्रावकोनां घर २०–२५ छे. देरासर ४ छे, तेमां चिंतामणि पार्श्वनाथनुं देरासर मोटुं छे. सुगुणचंदजी तथा धनरूपमलजी लोढा विगेरे श्रावको भक्तिवाला छे.

२६९ नाजरवावडी नामनी मोटी वाव सडकथी जमणी बाजु छे. उतरवानी जग्या सारी छे. झाडीवाळी जग्या होवाथी आराम छे.

२७० अजमेर, मोटुं शहेर छे. अहिं आवतां रस्तामां गगवाणुं तथा घुघरा ए बे गाम आवे छे. अजमेरमां जैन श्वे. मंदिर २ छे. उपाश्रय छे. अहिं दौलतबाग, खाजा

पीरनी दरगा, अढाइ दिनकी झुंपडी, आनासागर तलाव, मूलचंद सोनीनी नसीयां विगेरे जोवालायक स्थळो छे. सन १९२१ नी गणत्री प्रमाणे आखा राजपूतानामां जैनोनी कुल वस्ती २९८१४४ माणसनी छे, ज्यारे फक्त अजमेर–मेरवाडा प्रान्तमां जैनोनी कुल वस्ती १८४२२ नी छे.

२७१ सराधनामां सडकथी जमणी बाजुए सरकारी मकानमां उतराय छे. गाममां गोचरी पाणी मळे छे.

२७२ खिरवा, गाम मोटुं छे. जैन श्वे० मंदिर छे. स्थानकवासीनी वस्ती छे.

२७३ नयाशहेर (ब्यावर), मोटुं अने नवुं वसेलुं शहेर छे. श्रावकोनां घर ६०–७० छे. जैन श्वे० देरासर १ छे. उपाश्रय सारो छे.

२७४ सेंदरामां सडकथी जमणी बाजु धर्मशाला अने डाबी बाजु स्टेशन छे.

२७५ रायपुरमां जैन मंदिर छे. स्था० वा० नी वस्ती छे. आलमचंदजी भक्तिवाला छे.

२७६ जुंटामां जैन मंदिर छे. श्रावको सारा छे, पण संवेगी साधुओना विहारना अभावे स्था० वा० थया छे.

२७७ पीपलीयामां जैन मंदिर छे. वस्तीरामजी विगेरे श्रावको भक्तिवाला छे.

२७८ चंडावलमां जैन मंदिर छे. श्रावको सारा भक्तिवाला छे. अहिंथी मुंडावा तीर्थ थइ एक कोश फेरमां सांडीया थइ खोखरा जवुं.

२७९ मुंडावामां मोटुं रमणीय देरासर होवाथी तीर्थ गणाय छे. धर्मशाला मोटी छे, यात्रालुओने सगवड छे. श्रावकोनां ५–७ घर छे.

२८० खोखरामां देरासर तथा श्रावकोनां ४–५ घर छे.

२८१ सोजतमां श्रावकोनां १५०–२०० घर छे. सात देरासर छे. सारसंभाळ बराबर नथी.

२८२ पाली, मोटुं अने जूनुं शहेर छे. श्रावकोनां घर ३०० छे. जैन देरासरो ६ छे तेमां नवलखाजीनुं देरासर मोटुं छे. अहिंथी १ कोस दूर भाखरी तीर्थ छे. चांदमलजी छाजेड विगेरे भक्तिवाळा श्रावको छे. बधा थइने उपाश्रय ७ छे. नवलखाजीना देरासरनी अंदर जैन धर्मशाला छे. स्थानकवासीनां घर ३००, तेरापंथीनां घर ५०, दिगंबरीनां घर ५ अने दिगं० मंदिर १ छे.

२८३ भरथना अने बहारपुराथी रुरा सुधी नहेरनी पटरी उपर आव्या अने रुराथी कानपुर सुधी पाकी सडक छे.

२८४ शिवपुरमां बनारसवाळा राजा मोतीचंदजीना बगीचामां उतर्या. काशीनी पंचकोशी यात्रानुं एक मुकाम होवाथी आ हिंदुतीर्थ गणाय छे. स्टेशन, पोस्ट ओफीस, मिडिल स्कूल अने बजार छे. अहिं हिंदु ब्रह्मचर्याश्रम तथा सनातन धर्मसभा छे.

२८५ बावदपुरमां गामनी नजीकमां कूवा पासे तंबुमां उतर्या. अहिं एक नानी स्कूल छे.

२८६ पिंडरा, बनारसथी १४ माइल थाय छे. आ गाम प्राचीन छे, तेनी निशानी तरीके एक फुटचो तुटचो किल्लो मौजूद छे. सन १७४९ मां ज्यारे सुजाउद्दौलाए बलवंतसिंह ऊपर हुमलो कर्यो, त्यारे गुलाबकुंवरी नामनी राणीए घणी शूरवीरताथी तेनी साथे लडाइ करी हती. मोगल बादशाह शाहजहांना वखतमां पण आ एक मशहूर जग्या हती. शाहजहांनी तरफथी पहेलां एक नायब रहेतो हतो. आ जगा ऊपर पहेलां पिंडारा चोरो रहेता हता तेथी आ गामनुं नाम पिंडरा पड्युं छे. अहिं स्कूल, पोस्ट ओफीस अने तहसील छे. सरदार प्रेमसिंघजी मोटा रहीश, साधुभक्त अने सज्जन छे. अहिंथी खालीसपुर स्टेशन बे माइल थाय छे.

२८७ जलालपुर, गाम तद्दन नानुं छे. अहिंथी थोडे दूर एक स्टेशन छे. एक कूवा ऊपर तंबुमां पडाव कर्यो. थाणुं छे.

२८८ जौनपुर, बादशाही समयनुं प्राचीन नगर छे. शहेर मोटुं अने सारुं छे. परंतु धर्मशाला हिंदुओने उतरवा लायक एक पण नथी. गुलरघाट ऊपर एक बावाजीनुं धाम छे त्यां मुकाम कर्यो. अहिं एक पशुशाला छे, तेना सेक्रेटरी श्रीमान् कृष्णसेवकदास तथा श्रीमान् राधाकृष्णजी घणा उत्साही तथा सज्जन छे. अहिं ३–४ मस्जीदो जोवालायक छे. तेमां एक मोटी मस्जीद छे ते पहेलाना जमानामां जैन अथवा हिंदुनुं मंदिर होय तेवी दंतकथा चाले छे.

२८९ सरायखेता, आ कस्बाने नवाब वजीर सुजाउद्दौलाए वसाव्यो कहेवाय छे.

२९० शाहगंजमां प्रसिद्ध रहीश भगवानदासजी रामदासजीना मकानमां उतर्या. अहिं एक धर्मशाला छे, पण अमोने जैन होवाथी त्यां रहेता रामानुज साधुए उतरवा दीधा नहीं.

२९१ बरमडपुरमां ठाकुर पांडेने त्यां मुकाम कर्यो. आ ब्राह्मणोनुं नानुं गाम छे.

२९२ अकबरपुरमां बनारसवाला राजा मोतीचंदजी साहेबनी कोठीमां उतर्या.

२९३ अयोध्याजी, जैनो अने हिंदुओनुं प्राचीन तीर्थ छे. मोटुं शहेर छे. स्टेशन अने बजार छे. अहिं प्रथम तीर्थंकर श्रीऋषभदेवजी विगेरेनां थईने १९ कल्याणको

थएलां छे, तथा भरतचक्रवर्ती, सगरचक्रवर्त्ती रामचंद्रजी, लक्ष्मणजी विगेरे घणा पुरुषरत्नो अहिं थइ गएला छे, तेथी आ भुमी खरेखर तीर्थरूप छे. अहिं एक देरासर छे, तेनी बहार एक चौमुखजीनुं समवसरण छे, पासेज धर्मशाळा छे, यात्रालुओने सर्व प्रकारनी सगवड छे. जैन देरासरनो वहीवट कलकत्तावाळा बाबु माधवलालजी दुगडना हाथमां छे. अयोध्याजीमां हिंदुओनां मोटां मोटां मंदिरोमां १ कनकभवन २ भिख्खुसाव विगेरे केटलांक मोटां मंदिरो जोवालायक छे. श्रीमान् महंत भगवानदासाचार्य विगेरे अहिं निवास करता घणा महंतो तथा पं, दुर्गादत्तजी, बाबु नानकशरणजी, बाबु सुखराज बहादुर विगेरे सद्गृहस्थो घणा सज्जन अने लायक छे.

२९४ फैजाबाद, जील्लो छे. मोटुं शहेर छे. स्टेशन अने बजार छे. अहिं जैन श्वे० मंदिर १ छे, ते कलकत्तावाळा बाबु मोतीचंदजी झवेरीना पिताजीए बंधाव्युं छे. धर्मशाळा के उपाश्रय नथी परंतु देरासरनी पासेज पांच-दस माणसो उतरी शके तेटली जग्या छे. जैन श्वे० श्रावकनुं एक घर छे. देरासरनो वहीवट कलकत्तावाळा बाबु लाभचंदजी मोतीचंदजी करे छे. लाला रामरघुवीर बहु सज्जन माणस छे तेना मकानमां मोटा कमरामां उतारो कर्यो. वकील महेन्द्रलाल वर्मा पण सज्जन माणस छे.

२९५ नौरांइ ( रत्नपुरी ), जैन तीर्थ छे. श्रीधर्मनाथ भगवान्नां ४ कल्याणक अहिं थएलां छे. मंदिर रमणीय छे. मूर्त्तिओ भव्य अने प्राचीन छे. संप्रतिराजाना वखतनी छे तेम कहेवाय छे. देरासरनी पासे एक धर्मशाळा छे यात्रालुओने सगवड छे. अयोध्यानी यात्रा करनारे अहिंनी यात्रा जरूर करवी जोइए. देरासरथी लगभग एक माइल दूर स्टेशन पण छे.

२९६ रदोलीमां बाबु पुरुषोत्तमदासना मकानमां उतर्या. बाबु पुरुषोत्तमदास तथा प्रल्हाददास मारवाडी बहु लायक अने सज्जन छे.

२९७ बदोलीमां जमीनदार शिवनंदजीना मकानमां उतर्या. तेओ अहिंना सारा रहीश अने धर्मिष्ट तथा सज्जन छे.

२९८ बाराबंकीमां वकील शंभुनाथजीना मकानमां उतर्या. अहिं दिगंबरनां ३०-४० घर छे.

२९९ लखनौ; बादशाही वखतनुं प्राचीन, प्रसिद्ध, यु. पी. मां एक मोटुं अने सुंदर शहेर छे. अहिं ओसवाल अने श्रीमालनां थइने श्रावकोनां ९९

घर छे. चौकमां बाबु इन्द्रचन्दजी लक्ष्मीचंदजीनी धर्मशालामां उतर्या. अहिं ओसवाल पुस्तकालय तथा जैन श्वेतांबर पाठशाला छे. चार घरदेरासर छे. दादावाडी मोटी—विशाल छे तेमां मोटां पांच देरासर छे. अहिं दि० नां घर १२९ अने देरासर ९ छे. आ. गृ. १ बाबु इंद्रचंदजी खीमचंदजी झवेरी, २ बाबु हीरालालजी चुनीलालजी झवेरी, ३ बाबु अजीतप्रसादजी एम, ए. एलएल, बी. हाइकोर्ट वकील. दि० जैन पाठशाला छे. ओनरेबल बाबु गंगाप्रसाद वर्मा तथा बाबु गोकर्णनाथ मिश्र हाइकोर्ट वकील घणा सज्जन छे. लखनौथी कानपुरनी पाकी सडक ( मा० ४८ ) छे.

३०० चौकथी १॥ माइल दूर सहादतगंजमां देरासरनी पोशालमां उतर्या. अहिं श्रा. नां घर ९ तथा दि० नां घर १० छे.

३०१ कालीपीठ, राजगढ स्टेटनुं आ क्षुद्र गामडुं छे. ब्यावराथी मनोहरथाना सुधीनो रस्तो काचो तथा विकट छे. चारे तरफ पहाडी प्रदेश छे. गामना पाटीदार पटेलना घरमां उतर्या.

३०२ मनोहरथाना, झालरापाटण स्टेटनुं गाम छे. आ गाम चोरनुं वसावेलुं कहेवाय छे. गामनी चारे तरफ मजबुत कील्लो छे. शेठ गोविन्दजीना घरमां उतर्या. आ तरफमां संवेगी साधुओनो विहार नहीं होवाथी केटलाक श्रावको धर्मथी विमुख थया छे अने बीजा शिथिल थया छे. बाबु कुंवरलालजी जैन सज्जन छे. दि० नां घर १२ तथा मंदिर १ छे. मनोहरथानाथी झालरापाटण सुधी माइलना नंबरवाळी काची सडक छे.

३०३ अंकलेरा, कोटा स्टेटनुं गाम छे, गाम मोटुं छे. संवेगी मुनिओना विहारना अभावथी लगभग बधा ओसवालो गाममां मंदिर होवा छतां स्थानकवासी थया छे. भगवानने पूजारिने स्वाधीन करेल छे. स्थानकमां उतर्या. स्था० वा० नां घर १९ छे. दि० नां घर तथा मंदिर १ छे.

३०४ झालरापाटण, स्टेट छे. संवेगी मुनिओना विहारना अभावथी अने स्था० वा० मुनिओना विचरवाथी अहिंना घणा श्रावको स्था० वा० थइ गया छे. मंदिरोनी दुर्दशा छे. श्वेतांबरोमां कुसंप छे. आ. गृ. कोटावाळा शेठ हमीरमलजी केशरीमलजीना मकानमां उतर्या. स्था० वा० नां घर ९९ छे. दि० नां घर ४०० अने मंदिरो ४ छे. दि० जैन पाठशाला १ अने जैन पुस्तकालय १ छे, तेमां पुस्तक

संग्रह सारो छे. श्री शांतिनाथजीनुं मंदिर विशाल अने सुंदर छे, तेमां १४–१५ फुट उंची जिनप्रतिमा छे. दि० नी उन्नत दशा छे. आ. गृ. शेठ विनोदीराम बालचंद विगेरे छे. पं. कवि गिरिधर शर्मा अहिं रहे छे.

३०५ झालरापाटण छावणी, स्टेटनी राजधानी छे. राजदरबार, कोर्ट–कचेरी विगेरे तमाम अहिं छे, शहेर ठीक छे. राज्यमहेल खास जोवालायक छे, राज्यमहेलना दरेके दरेक रूममां पुस्तकोना बे त्रण कबाटो तो खरा, एकंदर आशरे ८५ कबाटो पुस्तकोथी भरपूर छे, आशरे त्रण चार लाख रु. नो खर्च तेमां थयो हशे. ते सिवाय एक पब्लिक पुस्तकालय पण छे. कुलमणि नामना एक विद्वान् सज्जन अहिं रहे छे. उपाश्रय ( स्थानक ) मां उतर्या. आ० गृ० शेठ कुशलचंदजी. स्था० वा० नां घर ११ छे. दि० नां घर २० अने मंदिर २ छे. अहिंथी एक पाकी सडक ( मा० ७० ) कोटा गइ.

३०६ देवगुराडीया, इंदोर स्टेटनुं नानुं गामडुं छे. शिवमंदिरमां उतर्या. शिवमंदिर विशाल छे. त्यां दर वर्षे मोटो मेळो भराय छे. इंदोरथी बागली–हाटपींपलीया माटे पाकी सडक छे.

३०७ करनावट, ग्वालियर स्टेटनुं गाम छे. श्रावकना घरमां उतर्या. आ० गृ० शेठ ताराचंदजी फतेहचंदजी जैन सज्जन माणस छे.

३०८ हाटपींपळीया, बागली स्टेटनुं गाम छे. धर्मशालामां उतर्या. आ० गृ० शा खुशालजी केशवजी हस्ते धन्नालालजी. विजयधर्मसूरि जैन पाठशाला छे. स्था० वा० नां घर २० छे. दि० नां घर ६६ अने मंदिरो २ छे. दि० जैन पाठशाला १, कन्याशाला १, गौशाला १, होस्पीताल १ अने धर्मशाळा २ छे. धार्मिक विषयमां त्रणे फिरकावाला संपथी वर्ते छे. दि० संप्रदायमां धनाढ्यो छे, तेथी गाममां जैनोनी प्रबलता छे, प्रजामां धार्मिक उत्साह सारो छे.

३०९ बागली, ग्वालियर स्टेट अन्तर्गत नानुं स्टेट छे. उपाश्रयमां उतर्या. आ. गृ. शेठ जेठमलजी. स्था. वा. नुं घर १ छे. अहिंना श्रावको भक्तिवाळा छे, संप सारो छे. अहिंना मंदिरमां मूर्त्ति बहु मनोहर अने चमत्कारी छे.

३१० **पेंच-मुरेना,** ग्वालियर स्टेटनो जील्लो छे. आ जील्लाने तवरधार जील्लो पण कहे छे. स्टेशन, बजार, डाकबंगलो अने बजारमां सारी धर्मशाला छे. अनाजनुं मोटुं पीठुं छे. दि० नां ७० घर तथा मंदिर २ छे. दि० जैनसिद्धान्तमहा विद्यालय सारुं चाले छे, तेमां लगभग १०० विद्यार्थीओ भणे छे, मुख्य अभ्यास संस्कृत अने धार्मिकनो छे, मुख्य अध्यापक पंडित माणेकचंदजी सज्जन छे. एकवार जैनमहाविद्यालयमां उतर्या अने बीजीवार धर्मशालामां उतर्या. आ. रो. मा० नं० ५०-७ थी मुरेना सुधीनी पाकी सडक ( मा. १॥ ) छे. लश्कर तरफथी मुरेना जतां आ. रो. मा० नं० ५३-४ थी सडक छोडी काचे रस्ते २॥ माइल चाली मुरेना गया. आगरा तरफथी आवनारने देवरी पासेथी काचो रस्तो मळे छे ते रस्ते नजीक पडे छे. मुरेनाथी महगवां ( मा० ५० ) थइ भींडनी पाकी सडक छे ते सडके चड्या, रेलना फाटक पासे मा० नं० ०-२.

३११ हडीयाखेडामां सडक ऊपर मोदीनी दुकानमां रात रह्या. सडकथी थोडे दूर बावानी जग्या छे, त्यां उतरवानुं साधन मळी शके छे. खुद्द गाम छोड्या पछी मा० नं० ११-४ पासे कुमारी नदी आवे छे, नीचो ( रपट ) पाको पुल बांधेलो छे छतां शियाळामां पुल ऊपर थोडुं पाणी वहेतुं हतुं.

३१२ रानपुर, मा० नं० १४-६ पासेथी सडक छोडी २ फर्लांग चाली रानपुर गाममां गया. बोराना मकानमां उतरवानी जग्या मळी शके छे. (आ तरफनां गामोमां कोइ सुखी-धनाढ्य होय तेने बोरा कहे छे. ) गाममांथी १ फर्लांग चाली मा० नं० १५-१ पासे सडके चड्या.

३१३ अंबाह, मुरेना जील्लानी तहेसील छे. गाम ठीक छे. बजार, डाकबंगलो अने तहेसील पासे बे धर्मशालाओ छे. धर्मशालामां उतर्या. दिगं०नां घर १६ तथा मंदिर १ छे. आ० गृ० बोरा फरशरामजी टेकरामजी तथा भोलारामजी. मा० नं० २०-५ थी महगवांनी सडक छोडी पिनहाटनी सडके चड्या, मा० नं० ०

३१४ ओसेथकापुरा, मा० नं० १०-७ पासे सडक ऊपर तीबारी (धर्मशाला)मां उतर्या. अहिंनो कूवो ६० थी ८० हाथ उंडो हशे. अहिंथी गाम ४ फर्लांग दूर छे. मा० नं० १५ पासे चंबल नदी आवे छे, ते नावथी उतरवी पडे छे, गाडां विगेरेने नावथी उतारवा माटे अनुकूल साधनो नथी पण मुश्केलीथी उतारे छे. चंबल नदीथी १॥ मा० पिनहाट थाय छे, रस्तो काचो अने घणोज विकट छे, बेलगाडी मुशीबतथी जइ शके छे.

३१५ पिनहाट, आगरा जील्लानुं जूनुं गाम छे, जूनो किल्लो पडी गएलो छे. बजार छे. दिगं०नां घर १० तथा मंदिर १ छे. आ० गृ० १ बटेश्वरदयालजी जैन, २ शिखरचंदजी जन, ३ पोस्टमास्तर छुतीलालजी जैन. नन्नारामजीए बंधावेली रामचंद्रजीना मंदिरनी धर्मशालामां उतर्या. सरकारी पोष्ट ओफीस पण तेमांज छे

३१६ फरेरा, भद्रोलीथी आगरा-इटावानी पाकी सडके मा० नं० ३९-२ पासेथी चडी लग० ३ माइल चाली फरेराना नाका पासेथी ते सडक छोडी बटेसरनी काची सडके चडवुं, त्यांथी लग० २ माइल फरेरा थाय छे. अमो मा० नं० ३७-६ थी सडक छोडी पगदंडीए लग० १॥ माइल चाली फरेरा आव्या. चोपाड (धर्मशाला) मां उतर्या.

३१७ बटेसर, आगरा जील्लानुं जूनुं गाम छे, जूनी इमारतो अने खंडेरो बहु छे. बजार अने पोष्ट ओफीस छे. दिगं० मंदिर १ तथा दिगं० जैन धर्मशाला छे, दिगं० भट्टारकनो गृहस्थ शिष्य रहे छे.

३१८ शौरीपुर, आ स्थान बटेसरथी ल० १॥ माइल दूर जंगलमां छे, गाम नथी. रस्तो घणो विकट हतो पण हालमां आगरानी जैन श्वे० शौरीपुर तीर्थ कमेटीए सुधराव्यो छे. तेथी गाडीओ जइ शके छे शौरीपुर, ए प्राचीन जैन तीर्थ छे, २२ मा तीर्थंकर श्रीनेमिनाथ भगवान्नां च्यवन अने जन्म कल्याणक अहिं थएलां छे. अहिं पहेलां जैन श्वे० ७ मंदिरो हतां. कालक्रमथी हाल एकज मंदिर रह्युं हतुं, ते पण घणुंज जीर्ण थइ गयुं हतुं,तेनो जीर्णोद्धार शेठ नथमलजी गुलेच्छा तथा शेठ मोहनलालजी बैद विगेरे लश्कर तथा आगराना श्रीसंघना खास प्रयत्न अने देखरेखथी थयो छे, अने इतिहासतत्त्वमहोदधि जैनाचार्य श्रीमद्विजयेंद्रसूरिजी महाराजनी आज्ञाथी श्रीमान् विद्याविजयजी महाराजना हाथे तेनी हालमांज प्रतिष्ठा थइ छे. मंदिर भव्य बन्युं छे. यात्रा करवा लायक छे एक उंची टेकरी ऊपर मंदिर अने तेनी चारे बाजूए जंगल होवाथी स्थान घणुंज मनोहर-आनंदजनक लागे छे. जैन श्वे० नानी धर्मशाला छे. अहिं दिगं० मंदिर १ छे. यात्रालुओए पोताने जोइती सामग्री बटेसरथी साथे लइ जवी. " शौरीपुर तीर्थ व्यवस्थापक कमिटी, नमकमंडी, आगरा " शौरीपुरनो वहीवट करे छे. रेल्वे रस्ते जनारे टुंडला जंक्शन पासेना शिकोहाबाद स्टेशने उतरी त्यांथी १३ माइल बटेसर जवाय छे. स्टेशन ऊपर वाहनो मळी शके छे. बटेसरथी शौरीपुर जवाय छे.

३१९ बजरंगढ, ग्वालियर स्टेटनुं जूनुं गाम छे. गाम बहार एक जूनो किल्लो छे, तेमां पडी गएलां खंडेरो सिवाय बीजुं कांइ नथी. बजरंगढने पहेलां जयनगर कहेता हता. आ० गृ० १ शाह फतेहचंदजी पारेख, २ शाह मूलचंदजी ओसवाल. फतेहचंदजी पारेखना मकानमां उतर्या. आ एक घर सिवायना बीजा बधा स्था० वा० जेवा थइ गया छे. मंदिरनी देखरेख तेमना हाथमां छे, पण संभाळ राखता नथी. आशातना घणी छे. दिगं० नां घर ४० अने मंदिर ३ छे तेमां एक मंदिर मोटुं अने जोवालायक छ, बजार छे.

३२० राघोगढ, ग्वालियर स्टेट अंतर्गत एक नानुं स्टेट छे राघोगढमां किल्लो छे तेमां राजमहेल अने हिंदुओनां ७ मंदिरो छे. बजार छे. अहिं श्रीमालोनां ९ घर छे ते पाकां मंदिरमार्गी छे. देरासरनी व्यवस्था सारी छे. जैन धर्मशाला नवी थाय छे, तेथी श्रावकना घरमां उतर्या. आ० गृ० १ गटुमलजी श्रीमाल जैन, २ शाह भमरलालजी जैन. दिगं० नां घर २९ तथा मंदिर १ छे. बजरंगढथी सीधे रस्ते राघोगढ जतां ११ माइल थाय छे पण ते रस्तो पहाडी अने विकट छे. बेलगाडी ते रस्ते जइ शकती नथी. रस्तामां भीलोनां बे गामडां आवे छे त्यां काथो बने छे. बेलगाडीने रस्ते जनारे बजरंगढथी ३॥ माइल काचे रस्ते चाली देवरीगाम पासे आगरा रोड ऊपर चडी त्यांथी ९ माइल रुटीआइ जवुं, रुटीआइथी काचे रस्ते राघोगढ ६ माइल अने पाकी सडके ९ माइल थाय छे. राघोगढथी एक पाकी सडक (मा० ३) जइ आगरारोडने मळे छे. राघोगढथी काचे रस्ते ४॥ माइल चाली आवन गाम पासे आगरारोड ऊपर मा० नं० २२६–२ पासे चड्या, त्यांथी ४॥ माइल पार्वती थाय छे, अने राघोगढथी पाकी सडके जवाथी पार्वती ११ माइल थाय छे. मा० नं० २२९–७ पासेथी एक पाकी सडक मकसूदनगढ गइ, ( माइल २४ ).

३२१ दोन्तामां शेठ रामचंद मथुरालाल मिश्रीलालजीना मकानमां उतर्या. तेमना बगीचामां एक नानुं देरासर छे, तेमां धातुनी बे मूर्त्तिओ छे. श्रावको भक्तिवाळा छे. अहिं एक जूना जैनमंदिरनुं खंडेर छे.

३२२ कायथामां देरासरना जीर्णोद्धारना निमित्ते शिखरबंधी नवुं देरासर थाय छे, प्रतिष्ठा थवानी छे, रंगमंडपनुं काम बधुं बाकी छे. धर्मशाला जीर्ण होवाथी श्रावकना घरमां उतर्या. आ. गृ. कनैयालालजी जैन. श्रावको सूस्त छे.

३२३ ताजपुरमां एक श्रावकना घरमां घरदेरासर पण छे तेमां धातुनी पंचतीर्थीओ ५–६

छे. आ. गृ. श्रावक रतनलालजी ओसवाळ जैन. उपदेशनी जरूर छे. दि० नुं १ घर छे. स्टेशन छे.

३२४ उज्जैन, ग्वालियर स्टेटना मालवाना चार जील्लामांथी एक मुख्य जील्लो छे. शहेर सारुं अने प्राचीन छे. पहेलां आने उज्जयिनी अथवा अवंती नगरी कहेता हता. हिंदुओनुं अने जैनोनुं तीर्थ छे. श्रीमान् आर्य सुहस्तिसूरिना शिष्य अवंती-सुकुमाळ अहिं दीक्षा लइ क्षीप्रानदीने कांठे श्मशानभूमि पासेना कंथेरना वनमां काउसग्ग ध्यानमां रही देवलोकवासी थया, तेमना स्मरण माटे तेमना पुत्रे महाकाल नामनुं अवंतीपार्श्वनाथनुं विशाल देरासर बंधाव्युं. पाछलथी शैवलोकोनुं जोर वधवाथी तेओ पार्श्वनाथ भगवान्नी मूर्त्ति ऊपर शैवलिंग स्थापन करी तेने पूजवा लाग्या, केटलोक समय गया बाद अहिं श्रीमान् सिद्धसेन दिवाकरसूरिए कल्याणमंदिर स्तोत्रनी रचना करी तेना प्रभावथी महादेवनुं लिंग फाट्युं, तेमांथी पार्श्वनाथ भगवान्नी मनोहर मूर्त्ति प्रगट थइ अने तेथी विक्रमादित्य राजा प्रतिबोध पाम्यो. श्रीमान् मानतुंगसूरिजीए राजा वृद्धभोजने अनेक चमत्कार देखाडवापूर्वक श्रीभक्तामरस्तोत्रनी रचना पण अहिंज करी छे. उज्जैनमां शांतिनाथजी जैन उपाश्रयमां उतर्या. जैन श्वे० स्कूल अने आनंदवर्धक स्वयंसेवक मंडल छे. सराफामां दादाजीनी छत्री छे. आ. गृ. १ शेठ घमंडशी जुहारमल, २ शेठ कर्मचंदजी दीपचन्दजी कोठारी, ३ शेठ अमरचन्दजी दीपचन्दजी बांठीया, ४ शेठ अमुलखचन्दजी, ५ शेठ उमरावसिंहजी सरदारसिंहजी. उपाश्रयथी एक माइल दूर दरवाजा बहार क्षीप्रा नदीनी पासे श्रीअवंतीपार्श्वनाथनुं देरासर छे, पासेज जैनधर्मशाला छे, यात्रालुओने सगवड छे. आ देरासरनी बिलकुल पासेज महादेवनुं एक मंदिर छे. क्षीप्रा नदीथी ०॥ माइल दूर बडनगरने रस्ते दादावाडी छे. अहिंना संघमां तड नथी पण निर्नायकता जरूर छे. संघना कामो माटे कमिटी स्थापन करी आगेवान तरीके एकने प्रमुख स्थापन करी संघथी काम चलाववानी जरूर छे. अहिं अने आखा मालवामां संवेगी मुनिराजोए वखतोवखत विचरी चोमासां करी श्रावकोने उपदेश आपी धर्ममां दृढ करवानी खास जरूर छे. स्था०वा०नां घर २०० छे. दिगंबरीनां घर ५०, देरासर ४, अने दि० जैनविद्यार्थी भुवन छे. उज्जैनमां ज्यौतिषशास्त्रना आधारथी बनेलुं पाषाणनुं घटीयंत्र अने अनेक धर्मस्थानो जोवालायक छे. अहिंथी देवासनी (मा० २६) अने आगरनी (मा० ४०) पाकी सडको गइ छे. उज्जैनथी सीधा काचे रस्ते रतलाम मा० ४८

थाय छे. उपाश्रयथी नीकळी आशरे एक माइल चाली दरवाजा बाहर अवंती-पार्श्वनाथ तीर्थनी धर्मशालामां आवी रात रह्या अने त्यांथी बडनगरनी सडके चड्या, मा० नं० ०

३२५ चंद्रुखेडी, गाम सडकथी ०॥ माइल दूर छे. गाममां गया नहोता. झाड नीचे पडावमां रात रह्या. अहिंथी आगळ चालतां ल० २ माइले सडकथी थोडुं दूर नलवा गाम आवे छे. त्यांथी आगळ चालतां ल० ३ माइले सडकथी थोडुं दूर चीखली गाम आवे छे. नलवा अने चीखलीमां श्रा० घर, देरासर विगेरे नथी. माटे मा० नं० १४—६ पासेथी सडक छोडी ल० १॥ माइल काचे रस्ते चाली बरेडी गाममां जवुं, त्यां श्रावकनां घरो, देरासर अने उपाश्रय छे. त्यांथी ल० बे माइल काचे रस्ते चाली सीरसाना पासे सडके चडवुं.

३२६ सिरसानामां नंबरदारना मकानमां उतर्या. मा० नं० १७—६ पासे चंबल नदी आवे छे, नीचो (रपट) पुल बांधेलो छे.

३२७ बडनगर, ग्वालियरस्टेटना उज्जैन जील्लानी तहेसील छे. गाम ठीक छे. स्टेशन अने बजार छे. आदीश्वर भगवान्‌ना देरासरनी पाछलना उपाश्रयमां उतर्या. आ. गृ. १ शेठ मानाजी कस्तूरचंदजी, २ शेठ कस्तूरचन्दजी चौधरी, ३ शेठ लालचन्दजी, ४ शेठ नन्दरामजी. जैन श्वे० पाठशाला छे. अहिं श्रावकोनां ७० घर छे तेमां ४० घर चार थुई अने ३० घर त्रण थुई आम्नायने माननारां छे. त्रण थुईवाळामां संप ठीक छे पण चार थुईनां ४० घरमां चार तड (धडा) छे. कदाग्रह बहुज छे. स्थानकवासीनां घर २, श्वे० तेरापंथीनां घर २, दि० नां घर १२५ अने तेमनां मंदिर ३ छे. दि० जैन अनाथालय सारा पाया ऊपर चाले छे, जेमां सो उपरान्त विद्यार्थीओ लाभ ले छे. 'दि० जैन देशी औषधालय' पण सारुं चाले छे, जेनी देशावरमां घणी शाखाओ छे, बधी शाखाओमां मफत दवा पुरी पाडे छे. बन्नेनी व्यवस्थामां सुधारो थवानी जरूर छे. दि० जैन पाठशाला छे. गाम बहार नीकळी ल० मा० नं० १ थी बदनावरनी सडके चड्या.

३२८ बदनावर, धारस्टेटनी तहेसील छे, गाम ठीक छे. बजार छे. मा० नं० ११ पुरा थया बाद आशरे ०॥ माइल चाली उपाश्रये गया. आ. गृ. शेठ नंदलालजी चोपडा. संघमां संप छे. स्था० वा० नां घर ३० छे. दि० नां घर २ अने देरासर १ छे. मा० नं० १० पासे महु—नीमचनी सडक धार तरफथी आवी रतलाम तरफ गइ.

अहिंथी धार ल० ३२ माइल थाय छे. धारथी मांडवनी पाकी सडक (मा० २४) छे. बदनावरथी काचे रस्ते चार माइल दूर वखतगढ गाम छे, त्यां श्रा० घर ३, देरासर १, उपा० १ अने स्था० वा० नां घर २२ छे. आ. गृ. गुमानमल केशरीचंदजी पोरवाड भक्तिवाळा छे.

३२९ बदनावरथी मुलथान काचे रस्ते मा० ४ अने पाकी सडके मा० ६ थाय छे. मुलथानमां उपाश्रयमां तथा शेठ हीरालालजीना मकानमां उतर्या. आ० गृ० १ शेठ जेचंद श्रीचंद, २ शेठ हीरालालजी जैन. मुलथानमां ओसवाळोनां २० घर छे तेमां चार घर पाकां मंदिरमार्गी छे बाकीनां बन्ने फीरकाने माननारां छे. अहिंना देरासरमां मरामतनुं काम शरु करेलुं अधुरुं पडयुं छे, ते मरामत थवानी अने आशातना दूर थवानी जरूर छे. मुलथानथी नीकळी काचे रस्ते लग० १ माइल चाली महु–नीमचरोड मा० नं० ५८–४ पासे सडके चड्या. मुलथान गाममांथीज पाकी सडके जवाथी २–२॥ माइल वधारे चालवुं पडे छे. मुलथानथी काचे पाके रस्ते ४ माइल दूर ( सेलाना स्टेटनुं ) सीमलौदा गाम छे, त्यां श्रा० घर २, देरा० १ अने स्था०वा०नां घर २ छे. माइल नंबर ६५–६ पासे सरवरमां डाकबंगलो छे.

३३० बीलपांक, मा० नं० ६८–२ पासेथी सडक छोडी काचे रस्ते लग० १ माइल चाली गाममां गया. श्रावक शेठ सरूपचंदजीना घरमां उतर्या. अहिं श्वे० तेरापंथीनां घर ४ छे. गामथी नीकळी काचे रस्ते लग० १॥ माइल चाली सडके चड्या, मा० नं० ७०–४.

३३१ धरार, सडकथी गाम १–२ फर्लांग दूर छे. गाममां गया नहोता. सडक उपर पडावमांज रात रह्या. श्वे० तेरापंथीनां ४ घर छे.

३३२ रतलाम, स्टेट छे. शहेर सारुं छे. स्टेशन अने बजार छे. मा० नं० ७६–६ थी पाकी सडक छोडी लग० २ माइल काची सडके चाली गुजरातीना उपाश्रये उतर्या. शहेरमां १२ देरासरो छे ते सिवाय रतलामथी २ माइल दूर सागोदे गामनी नजीकमां १ देरासर छे, पासे नानी धर्मशाळा अने बगीचो छे. त्यांथी २ माइल दूर बीबडोदजी तीर्थमां देरासर १ यात्रा करवा लायक छे, पासेज धर्मशाला छे. यात्रालुओने सगवड छे. रतलामथी २ माइल दूर करमदी गामनी पासे बे देरासरो छे तेनी जोडे नानी धर्मशाळा छे. पासेज महादेवनुं मंदिर अने तेनी पासे लोकोक्ति प्रमाणे सदा वहेता पाणीना झरणानो कुंड छे.

ए प्रमाणे रतलाममां कुल १६ देरासरो कही शकाय. उपाश्रयो मोटा त्रण छे ते सिवाय नाना उपाश्रयो पण छे. गुजरातीना उपाश्रयनी पासेज गुजरातीनी एक जैनधर्मशाला छे, तेमां यात्रालुओने उतरवानी सगवड छे. श्रीआत्मानंद जैनपाठशाला, जैनकन्याशाला अने जैनपुस्तकभंडार छे. रीखवदेवजी केशरीमलजीना नामथी संघनी पेढी स्थापन थइ छे. अहिंनो यूवकवर्ग--साधारण जनता उत्साही अने तटस्थ छे. पण पेढीना कार्यवाहको पक्षपाती होवाथी पेढी स्थापन थइ त्यारथी संघमां कुसंप वध्यो छे. पेढी तरफथी जीर्णोद्धारनुं काम पण उल्टी रीते थाय छे, थवुं जोइये तेम थतुं नथी. आ० गृ० १ शेठ केशरीमलजी मालवी वकील, २ शेठ केशरीमलजी नाहर. मालवामां झघडालु—कदाग्रही साधुओना विचरवाथी त्रण थुई—चार थुईमां; तपागच्छ—खरतरगच्छमां; ओसवाळ—पोरवाळमां अने आपसआपसमां पण कुसंप अने रागद्वेष वध्यो छे, तेने शान्त करवा माटे तटस्थ अने विद्वान् मुनिराजोए मालवामां विचरवानी जरूर छे. श्रावकोए पण कदाग्रह छोडी एक संपी थवानी जरूर छे. स्था० वा० नां घर ३५० अने श्वे०तेरापंथीनां घर २० छे. दिगं० नां घर १००, मंदिर ३ अने दिगं० जैन बोर्डींग १ छे. रतलामथी काचे रस्ते धामनोद मा० ९ थाय छे. अने रतलामथी पाकी सडके नामली (मा० १० ) थइ धामनोद मा० १६ थाय छे. 'धामनोदथी सैलानानी पाकी सडक ( मा० ३॥ ) छे सेलाना, धामनोद अने नामलीमां देरासर अने श्रावकोनां घर विगेरे छे. रतलामथी पाकी सडके जावरा मा० २४ थाय छे. उपाश्रयथी नीकळी लग० १ माइल चाली शेठ मीश्रीमल मथुरालाल जैनना जीनमां रात रह्या. त्यांथी लग० २ माइल चाली महु-नीमचनी पाकी सडके चड्या, मा० नं० ८०—९.

३३३ सेमलीया, श्रीशांतिनाथ भगवानुंनुं तीर्थ छे. मा० नं० ८३—८४ नी वच्चेथी सडक छोडी काचे रस्ते लग० ४ माइल चाली देरासरनी पासे यतिजी हीरविजयजी रहे छे ते मकानमां उतर्या स्था० वा० नां बे घर छे रतलामथी पाकी सडके नामली स्टेशन माइल १० थाय छे त्यांथी सेमलीया ( काचो रस्तो ) माइल २ थाय छे.

३३४ सरसीमां उपाश्रय पडी गएलो होवाथी श्रावकना घरमां उतर्या. आ० गृ० शेठ खूबचंदजी ओसवाल जैन. श्रावको बधा त्रण थुई आम्नायवाळा छे. पण कदाग्रही नथी. स्था० वा० नां बे घर छे.

